@loksattajansatta @LoksattaJansatta www.loksattanews.co.in

નિડર અને નિષ્પક્ષ

લોકસત્તા જનસત્તા

વિ.સંવત ૨૦૭૬, અધિક આસો સુદ - ૧૩ • TUESDAY 29 SEPTEMBER • VADODARA • Phone: 0265 2787181 • Fax: 0265 2791781 • કુલ પાના ૧૨ • કિંમત ₹ ૩.૦૦ • YEAR-69 • VOL 297

Group Editor : Anil Devpurkar LOKSATTA JANSATTA CMD : Sanjay Shah

ચીન સરહદ પર ટી-૯૦ ભીષ્મ ટેન્કને તહેનાત કરાયા બાદ ભારતે તંગદિલી વચ્ચે પોતાનું સંરક્ષણ વધુ મજબૂત કર્યું :ભારતીય લશ્કર માટે નવું કવચ

LAC પર ભારત દ્વારા નિર્ભય ક્રૂઝ મિસાઈલ તહેનાત

મિસાઇલનું વજન ૧૫૦૦ કિ.ગ્રા.છે : મિસાઇલ એક હજાર કિ.મી. સુધી પ્રહાર કરવાની ક્ષમતા ધરાવે છે :ભારતમાં જ ડિઝાઇન તૈયાર કરાઇ

ન્યુ દિલ્હી, તા.૨૮

LAC પર છેલ્લા ૫ મહિનાથી ચાલી રહેલી તંગદીલી વચ્ચે ભારતની સેનાની તાકાતને વધુ બળ મળ્યું છે, ભારતે સરહદે નિર્ભય ક્રુઝ મિસાઈલને પણ તૈનાત કરી છે, આ મિસાઈલ એક હજાર કિમી સુધી પ્રહાર કરવાની ક્ષમતા છે, નિર્ભય મિસાઈલ તિબેટમાં સ્થિત ચીનનાં મથકો પર હુમલો કરવા સક્ષમ છે.

આ મિસાઈલની ક્ષમતા અમેરિકાની પ્રખ્યાત ટોમહોક મિસાઈલની બરોબર છે, આ મિસાઈલ ભટ્યા વગર પોતાના નિશાન પર અચુક પ્રહાર કરે છે, નિર્ભય ક્રુઝ મિસાઈલ ભારતમાં જ ડિઝાઈન અને તૈયાર કરવામાં આવી છે, આ મિસાઈલનું સૌપ્રથમ પરિક્ષણ ૧૨ માર્ચ ૨૦૧૩માં કરાયું હતું, નિર્ભય બે તબક્કાવાળી મિસાઈલ છે,



પહેલામાં લાંબું અંતર અને બીજામાં ક્ષિતિજ. આ પરંપરાગત રોકેટની જેમ સીધું આકાશમાં જાય છે, અને ફરી બીજા તબક્કામાં ક્ષિતિજ ઉડાન ભરવા માટે ૯૦ ડિગ્રીનો વળાંક લઇ શકે છે.

આ મિસાઈલ ૬ મિટર લાંબી અને ૦.૫૨ મીટર પહોળી છે, તે ૦.૬ થી લઈને ૦.૭ મૈકની ઝડપે ઉડી શકે છે, તેનું મહત્તમ વજન ૧૫૦૦ કિલોગ્રામ છે, જે ૧૦૦૦ કિલોમીટર સુધી પ્રહાર કરી શકે છે, એડવાન્સ લેબોરેટરી દ્વારા બનાવવામાં આવેલા નક્કર રોકેટ મોટર બુસ્ટરનો પ્રયોગ કરવામાં આવ્યો છે, જેનાથી મિસાઈલને ઈંધણ મળે છે.

ચીન સાથે વધેલા ટેન્સન દરમિયાન ભારત સતત તેના ઘાતક હથિયારો તૈનાત કરી રહ્યું છે. આ પહેલા દુનિયાનાં સૌથી અચુક ટેક મનાતા ટી-૯૦ ભીષ્મ ટેકને તૈનાત કરાયા હતા, ટી-૯૦ ભીષ્મ ટેકમાં મિસાઈલ હુમલો રોકનારૂ ક્વચ છે, તેમાં શક્તિશાળી ૧ હજાર હોર્સ પાવરનું એન્જિન છે,તે એક જ વખતમાં ૫૫૦ કિમીનું અંતર કાપવામાં સક્ષમ છે, તેનું વજન ૪૮ ટન છે, આ દુનિયાની સૌથી હલ્કી ટેક્રો પૈકીની એક છે, ટી-૯૦ ભીષ્મ ટેક દિવસ અને રાતમાં દુશ્મન સામે લડવાની ક્ષમતા રાખે છે.

કુલ મૃત્યુઆંક ૯૫,૫૪૨એ પહોંચ્યો : એક્ટિવ કેસ ૯.૬૨ લાખ

દેશમાં કોરોનાના કુલ કેસ ૬૦ લાખને પાર : નવા ૮૨,૧૭૦ કેસો નોંધાયા

અમેરિકામાં ૩૫,૦૦૦ તો ભારતમાં દરરોજ ૮૦ હજાર પોઝિટિવ કેસ

ન્યુ દિલ્હી, તા.૨૮

દેશમાં કોરોનાના દર્દીઓના આંકડા ઝડપથી વધી રહ્યા છે. દર્દીઓના આંકડો ૬૦ લાખને પાર થઇ ગયો છે. દેશમાં છેલ્લાં ૨૪ કલાકમાં કોરોનાના ૮૨૧૭૦ નવા કેસ સામે આવ્યા, જ્યારે ૧૦૩૯ લોકોનું આ સંક્રમણથી મોત થયું. જો આ જ રફતાર રહી તો ભારત ટૂંક સમયમાં જ અમેરિકાને પાછળ છોડી દેશે.

દેશમાં હવે કોરોનાના દર્દીઓનો આંકડો ૬૦,૭૪,૭૦૩ થઇ ગયો. તેમાંથી એક્ટિવ દર્દી ૯૬૨૬૪૦ છે. ૫૦,૧૬,૫૨૧ દર્દી સ્વસ્થ થઇ ચૂકયા છે. કોરોનાથી અત્યાર સુધીમાં દેશમાં ૯૫૫૪૨ લોકોના મોત થઇ ચૂકયા છે. તો અમેરિકામાં અત્યાર સુધીમાં ૭૩ લાખથી વધુ કેસ સામે આવી ચૂકયા છે અને ૨ લાખથી વધુ લોકોના મો થઇ ચૂકયા છે. ૪૫ લાખથી વધુ દર્દી સાજા થઇ ચૂકયા છે.૧ સપ્ટેમ્બર સુધી અમેરિકામાં ૬૧ લાખ કોરોના કેસ હતા જ્યારે ભારતમાં ૩૮ લાખની નજીક ૨૩ લાખનું અંતર હતું. ૨૬ સપ્ટેમ્બર સુધીમાં અંતર ઘટીને માત્ર ૧૩ લાખ રહ્યું. ભારતમાં દરરોજ ૮૦૦૦૦થી વધુ કેસ સામે આવી ચૂકયા છે. જ્યારે અમેરિકામાં દરરોજ અંદાજે ૩૫૦૦૦ કેસ સામે આવી રહ્યા છે.

અહીં કોરોનાથી સાજા થનારનો આંકડો ૫૦ લાખને પાર કરી ગયો છે. એટલે કે કોરોનાથી રિકવરી રેટ ૮૦ ટકાથી વધુ છે. તો અમેરિકામાં અત્યાર સુધી ૭૩ લાખમાંથી ૪૫ લાખ લોકો સાજા થઇ ગયા છે. એટલે કે અમેરિકાની તુલનામાં ભારતનો રિકવરી રેટ ઘણો સારો છે.દેશમાં કોરોના વાયરસથી સૌથી વધુ અસરગ્રસ્ત ૫ રાજ્યોમાં પોઝિટિવ સંકેત મળી રહ્યા છે. આ રાજ્યોમાં કોરોનાની ઇ વેલ્યુ ૧થી નીચે આવી ગઈ છે. ઇ વેલ્યુ એવા લોકોની સંખ્યાને દર્શાવે છે જે કોઈ કોવિડ પોઝિટિવ દર્દીના સંપર્કમાં આવીને સંક્રમિત થઈ શકે છે. દેશના પાંચ મોટા રાજ્યો જેમાં મહારાષ્ટ્ર, કર્ણાટક, તામિલનાડુ, આંધ્રપ્રદેશ અને ઉત્તર પ્રદેશમાં ઇ કેસની વેલ્યુ ૧ કરતા પણ ઓછી હોવાથી એક્ટિવ કેસોની સંખ્યા ઘટવા લાગી છે.જો કે, નવા કેસો જે રીતે વધુ રિકવરી મેળવી રહ્યા છે તેને જોતા અપેક્ષાઓ વધી છે કે જો ભારત એક્ટિવ કેસની સંખ્યાને નિયંત્રિત કરવામાં આવે તો ઇ વેલ્યુ પણ નીચે આવશે.

કોરોના વાઈરસથી સંક્રમિત થતાં ઉમા ભારતીને એમ્સમાં દાખલ કરાયાં

દહેરાદૂન : ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા ઉમા ભારતી કોરોના વાયરસથી સંક્રમિત થતા તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમણે હોસ્પિટલમાં દાખલ થવાના ત્રણ કારણ જણાવ્યા છે. આ કારણોમાં એક છે કે તેઓ બાબરી મસ્જિદના મામલે ઉત્તર પ્રદેશમાં કોર્ટમાં હાજર થવા માગે છે. બાબરી વિધ્વંસ મામલામાં લખનઉમાં સીબીઆઈની સ્પેશિયલ કોર્ટે ૩૦ સપ્ટેમ્બરના રોજ ચુકાદો સંભળાવશે. ૨૮ વર્ષ જૂના કેસમાં ઉમા ભારતી ઉપરાંત ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણી અને મુરલી મનોગર જોષી સહિત અન્ય આરોપીઓ છે. ઉમા ભારતીએ કહ્યું કે, હું એઈમ્સ ઋષિકેષમાં દાખલ થઈ ગઈ છું. તે પાછળના ત્રણ કારણ છે. પહેલું કેન્દ્રી સ્વાસ્થ્ય મંત્રી ડોક્ટર હર્ષવર્ધનજી અત્યંત ચિંતા કરી રહ્યા છે, બીજું મને રાત્રે તાવ ચઢી ગયો હતો અને ત્રીજો એઈમ્સમાં મેડિકલ તપાસ બાદ જો મારો કોરોનાનો રિપોર્ટ નેગેટિવ આવશે તો હું પરમદિવસે સીબીઆઈ કોર્ટમાં હાજર થવા માગું છું.

આતંકવાદીઓ શૌચાલયની નીચે તેમજ સેપ્ટિક ટેન્કમાં છૂપાયેલા મળી આવે છે

પુલવામામાં સેનાએ બે આતંકીને ઠાર કર્યા

અથડામણમાં ભારતીય લશ્કરના એક જવાનને પગમાં ગોળી વાગતાં ઇજાગ્રસ્ત

પુલવામા, તા.૨૮

જમ્મુ કશ્મીરના પુલવામા વિસ્તારમાં આજે સવારે આતંકવાદીઓ અને સિક્યોરિટી વચ્ચે અથડામણ થઇ હતી. સિક્યોરિટીએ બંનેને ઠાર કર્યા હતા અને તેમની ઓળખ કરાઇ રહી હતી.

જો કે આ અથડામણમાં ભારતીય લશ્કરનો એક જવાન પણ ઈજા પામ્યો હતો. આ જવાનને આતંકવાદીની ગોળી પગમાં વાગી હતી.સાઉથ કશ્મીરના અવંતિપુરા વિસ્તારના સમ્બુરામાં આતંકવાદી છૂપાયા હોવાની બાતમી મળતાં સિક્યોરિટીએ આ વિસ્તારને ઘેરી લઇને તપાસ શરૂ કરી હતી. એ દરમિયાન અકળાઇ ગયેલા આતંકવાદીઓ સિક્યોરિટી પર ગોળીબાર કર્યો હતો. સિક્યોરિટીએ વળતો ગોળીબાર શરૂ કર્યો હતો. આ અથડામણમાં બંને આતંકવાદી ઠાર થયા હતા. બંને કયા જૂથના હતા અને કોણ હતા એની તપાસ સિક્યોરિટીએ ચાલુ કરી હતી.સિક્યોરિટીના એક પ્રવક્તાએ કહ્યું હતું કે હવે આતંકવાદીઓ નવા નવા ઉપાયો અજમાવી રહ્યા હતા. શૌચાલયોની નીચે બંકર બનાવીને એમાં આ લોકો છૂપાઈને રહેતા હતા. સિક્યોરિટી દળો માનતા હતા કે આતંકવાદીઓ સામે વધેલી તેમની ભીંસ અને વધુ આતંકવાદીઓ ઠાર થવા માંડ્યા એ પછી આતંકવાદી જૂથો સંતાવાના નવા નવા સ્થળો શોધી રહ્યા હતા. એનું એક કારણ એ પણ હોઈ શકે કે સ્થાનિક લોકોની સાથે રહેવામાં આતંકવાદીઓને હવે વધુ જોખમ જણાતું હતું.જમ્મુ કશ્મીરના પોલીસ વડા દિલબાગ સિંઘે કહ્યું કે આતંકવાદીઓ શૌચાલયોની નીચે કે સેપ્ટિક ટેંકમાં છૂપાયેલા મળી આવે છે.

ખેડૂત ISIનો શિકાર બની શકે : અમરિંદર સિંહ

કૃષિ અંગેના કાયદા વિરુદ્ધ પંજાબ સુપ્રીમ કોર્ટમાં કેસ દાખલ કરશે

ચંડીગઢ, તા.૨૮

કેન્દ્ર સરકારની તરફથી સંસદમાં પાસ કરાવવામાં આવેલા ૩ કૃષિ બિલોને રવિવારે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદએ મંજૂરી આપી દીધી છે. રાષ્ટ્રપતિની મંજૂરી બાદ આ બિલો હવે કાયદા બની ગયા છે. દેશભરમાં વિપક્ષી પાર્ટીઓ અને ખેડૂતો આ કાયદાઓનો વિરોધ કરી રહ્યા છે. આ દરમિયાન પંજાબના મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહએ કહ્યું છે કે તેમની સરકાર આ કૃષિ કાયદાની વિરુદ્ધ સુપ્રીમ કોર્ટના દરવાજા ખખડાવશે. સંસદમાં ગત સપ્તાહે પાસ થયેલા કૃષિ બિલોના વિરોધમાં ખેડૂતો અને વિપક્ષી પાર્ટીઓના પ્રદર્શનો ચાલુ છે.

કૃષિ કાયદાની વિરુદ્ધ ચાલી રહેલા પ્રદર્શન પર મુખ્યમંત્રી અમરિંદર સિંહે કહ્યું છે કે દેશની હાલની સ્થિતિનો ફાયદો પાકિસ્તાનની ઈન્ટેલિજન્સ એજન્સી આઈએસઆઈ ઉઠાવી શકે છે. તેમનું કહેવું છે કે ખેડૂત આઈએસઆઈ માટે સરળ શિકાર હોઈ શકે છે. સોમવારે ખટકર કલાંમાં કૃષિ કાયદાઓની વિરુદ્ધ ધરણાં પર બેઠેલા મુખ્યમંત્રી અમરિંદર સિંહે કહ્યું કે સરકારની પાસે એવો કોઈ અધિકાર નથી કે તેઓ કૃષિ પર કોઈ કાયદો લાવે કારણ કે આ રાજ્યનો મામલો છે. તેની વિરુદ્ધ અમે કોર્ટ જઈશું.મુખ્યમંત્રી અમરિંદર સિંહે કહ્યું કે, કેન્દ્ર સરકાર કૃષિને નથી સમજતી. તેથી તેઓ એ નથી સમજી શકતી કે ખેડૂત કેમ વિરોધ કરી રહ્યા છે. પંજાબના ગરીબ ખડૂત સમગ્ર દેશનું પેટ ભરે છે.

પશ્ચિમ બંગાળના કલઇકુંડા એરફોર્સ સ્ટેશન પર તહેનાત કરાશે

ઓક્ટોબરમાં વધુ પાંચ રાફેલ ભારત પહોંચશે

ન્યુ દિલ્હી, તા.૨૮

ફ્રાંસે ભારતને વધુ પાંચ રાફેલ જંગી વિમાન સોંપી દીધા છે. ઓક્ટોબરમાં બીજી બેચના આ પાંચ રાફેલ વિમાન ભારત પહોંચશે. આને પશ્ચિમ બંગાળમાં કલઈકુંડા એરફોર્સ સ્ટેશન પર તૈનાત કરવામાં આવશે. જે ચીન સાથે લાગેલી પૂર્વી સરહદની સુરક્ષા કરશે.

રાફેલની પહેલા બેચમાં સામેલ પાંચ વિમાનોને ૧૦ સપ્ટેમ્બરે એક ઔપચારિક કાર્યક્રમ દરમિયાન ભારતીય વાયુસેનામાં સામેલ કરવામાં આવ્યા હતા. રાફેલની તૈનાતી અંબાલા એરફોર્સ સ્ટેશન પર કરવામાં આવી છે. રાફેલનો અફઘાનિસ્તાન, લીબિયા, માલી

અને ઈરાકમાં ઉપયોગ કરાઈ ચૂક્યો છે અને હવે ભારત પણ ઉપયોગ કરશે. ૪.૫ ફોર્થ જનરેશનના ફાઈટર જેટ રાફેલ આરબી-૦૦૧થી ૦૦૫ સીરિઝના હશે.

અંબાલા એરફોર્સ સ્ટેશનમાં રાફેલની તૈનાતી માટે એક એવી સ્કવાડ્રનને જીવિત કરવામાં આવી છે, જેણે એરફોર્સે સમાપ્ત કરી દીધો હતો. આ સ્કવાડ્રનનું નામ છે ૧૭ ગોલ્ડન એરો. ગયા વર્ષે વાયુસેનાના પૂર્વ અધ્યક્ષ બીએસ ધનોઆએ આને જીવિત કરી હતી અને હવે આ સ્કવાડ્રન અંબાલામાં રાફેલની કમાન સંભાળી રહ્યા છે.આ સ્કવાડ્રનની રચના ૧ ઓક્ટોબર ૧૯૫૧માં કરવામાં આવી હતી પરંતુ મિગ-૨૧ વિમાનોના બેડાથી બહાર હોવાની સાથે-સાથે વર્ષ ૨૦૧૬માં આ સ્કવાડ્રનને પણ સમાપ્ત કરી દીધા હતા. હવે આ સ્કવાડ્રનને રાફેલ માટે ફરીથી વજૂદમાં લાવવામાં આવ્યા છે.

આઇઆઇટી-મંડી દ્વારા કરાયેલ અભ્યાસમાં ખુલાસો

દુબઈ-યુકેના પ્રવાસીઓને કારણે ભારતમાં કોરોના ઝડપથી ફેલાયો

ન્યુ દિલ્હી, તા.૨૮

દુબઈ અને બ્રિટનથી આવેલા પ્રવાસીઓને કારણે ભારતમાં કોરોનાની પરિસ્થિતિ વધુ વણસી હોવાનું ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (આઈઆઈટી), મંડી દ્વારા કરાયેલા અભ્યાસમાં જણાવાયું હતું.જરનલ ઓફ ટ્રાવેલ મેડિસિનમાં છપાયેલા આ અહેવાલમાં જણાવાયું હતું કે આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓને કારણે ભારતીય રાજ્યોમાં કોરાનાના દર્દીઓની સંખ્યામાં વધારો થયો હતો.તમિળનાડુ, દિલ્હી અને આંધ્ર પ્રદેશના કોરોનાગ્રસ્ત દર્દીઓની કોરોના ફેલાવવાની ભૂમિકા બહુ ઓછી હતી.

ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર, કેરળ, જમ્મુ-કાશ્મીર, કર્ણાટકના દર્દીઓએ કોરોનાના ફેલાવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી તથા અન્ય રાજ્યમાં પણ તેમને કારણે કોરોના ફેલાયો હતો.

'કોવિડ-૧૯ના વૈશ્વિક સ્તરેથી રાષ્ટ્રીય સ્તરના ફેલાવા પર ટ્રેક રાખવામાં આવ્યો હતો. અમુક કોરોના ફેલાવનારાઓએ ભારતમાં કોરોનાની સ્થિતિ વધુ ગંભીર બનાવી હતી. મહામારીના પ્રથમ તબક્કામાં વિદેશથી આવેલા પ્રવાસીઓને કારણે કોરોના ફેલાયો હતા અને સ્થાનિક સ્તરે સૌથી વધુ તેનો ફેલાવો થયો હોવાનું જણાયું હતું', એમ આઈઆઈટી, મંડીના આસિસ્ટન્ટ પ્રોફેસર સરિતા આઝાદે કહ્યું હતું.

સૌથી વધુ દુબઈ (૧૪૪) અને યુકે (૬૪) દ્વારા કોરોનાનો ફેલાવો થયો હતો', એમ આઝાદે વધુમાં જણાવ્યું હતું.

મહારાષ્ટ્રમાં મહાગઠબંધન સરકાર વચ્ચે કલેહ : રાઉત સાથેની મુલાકાત પર ફડણવીસનું નિવેદન

કોંગ્રેસ શિવસેના સાથે છેડો ફાડે તેવી સંભાવના

શિવસેના નેતા સંજય રાઉત અને ભાજપ નેતા દેવેન્દ્ર ફડણવીસે રવિવારે મુંબઈમાં બેઠક કરી

મુંબઈ, તા.૨૮

શિવસેના નેતા સંજય રાઉત અને ભાજપના નેતા દેવેન્દ્ર ફડણવીસે રવિવારે મુંબઈની એક હોટલમાં મુલાકાત કરતા જ રાજકીય ગરમાવો આવી ગયો છે. બંનેના મળ્યા બાદ લાગે છે કે મહારાષ્ટ્રમાં મહાગઠબંધન સરકાર વચ્ચે કલેહની સ્થિતિ પેદા થઈ છે. સંજય રાઉત અને દેવેન્દ્ર ફડણવીસની મુલાકાતે મહારાષ્ટ્રના રાજકારણમાં તમામ પ્રકારની અટકળોને જન્મ આપ્યો છે. બંને પક્ષના નેતા ગત વર્ષ ચૂંટણી બાદ પહેલીવાર મળ્યા છે. હોટલમાં બે કલાક સુધી મીટિંગ ચાલી.

રાઉત-ફડણવીસ મુલાકાત અંગે કોંગ્રેસ અને એનસીપીમાં નારાજગી

છે. આ બંને નેતાઓની મુલાકાત ઉપરાંત રવિવારે જ મહારાષ્ટ્ર કોંગ્રેસના અધ્યક્ષ બાલાસાહેબ થોરાટ અને એનસીપી સુપ્રીમો શરદ પવાર તથા મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે વચ્ચે મુંબઈમાં એક બેઠક થઈ. રાઉત અને ફટડણવીસની મુલાકાતથી નારાજ કોંગ્રેસ અને એનસીપીના મોટા નેતાઓએ સીએમ ઉદ્ધવ ઠાકરેના અધિકૃત નિવાસસ્થાન વર્ષામાં લગભગ ૨ કલાક સુધી બેઠક કરી. જો કે હજુ એ સ્પષ્ટ નથી કે બંને નેતાઓ વચ્ચે આ બેઠક કયા કારણસર થઈ અને તેમની વચ્ચે શું વાત થઈ.

ગત વર્ષ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી બાદ મુખ્યમંત્રી મુદ્દે શિવસેના અને ભાજપ વચ્ચે ખટરાગ પેદા થયો હતો અને શિવસેના એનડીએમાંથી બહાર નીકળી ગઈ હતી. ત્યારબાદ ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વમાં પાર્ટીએ રાજ્યમાં ગઠબંધન સરકાર બનાવવા માટે રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી અને કોંગ્રેસ સાથે હાથ મીલાવ્યો હતો. સૂત્રોનું કહેવું છે કે કોંગ્રેસ અને એનસીપીના નેતાઓની આ મુલાકાતે સ્પષ્ટ સંકેત આપ્યો છે કે ત્રણેય પક્ષના નેતાઓએ પોતાને એવી કોઈ પણ કામગીરીમાં સામેલ થવા દેવા ન જોઈએ જેની અસર આઘાડી ગઠબંધન પર થાય અથવા મહારાષ્ટ્ર સરકાર પર સવાલ ઉઠે. થોરાટે ભારપૂર્વક કહ્યું કે કોંગ્રેસ કૃષિ બિલોનો વિરોધ કરે છે આથી આ બિલ મહારાષ્ટ્રમાં લાગુ થવું જોઈએ નહીં. તેમણે વધુમાં કહ્યું કે ગઠબંધનના સહયોગી તરીકે શિવસેનાએ આ મુદ્દે પાર્ટીનો ખુલીને સાથ આપવો જોઈએ. રાજ્ય વિધાનસભામાં વિપક્ષના નેતા દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે ×શિવસેના સાથે હાથ મિલાવવાનો કે સરકાર પાડવાનો અમારો કોઈ ઈરાદો નથી. જ્યારે સરકાર જાતે જ પડશે ત્યારે અમે જોઈ લઈશું.

તેમણે એમ પણ કહ્યું કે ×આ બેઠક શિવસેનાના મુખપત્ર સામનાના એક ઈન્ટરવ્યુ સંબંધિત હતી. શિવસેના નેતા સંજય રાઉત અને ભાજપના નેતા દેવેન્દ્ર ફડણવીસે રવિવારે મુંબઈની એક હોટલમાં મુલાકાત કરતા જ રાજકીય ગરમાવો આવી ગયો છે. બંનેના મળ્યા બાદ લાગે છે કે મહારાષ્ટ્રમાં મહાગઠબંધન સરકાર વચ્ચે કલેહની સ્થિતિ પેદા થઈ છે.

નેપાળમાં ચીનની દખલગીરી ભારત માટે ખતરાસમાન

ચીન સાથે નેપાળની નિકટતા વધતાં ભારત માટે સ્થિતિ ચિંતાજનક બની

ચીનમાં નેપાળના રાજદૂત મહેન્દ્ર પાંડેના નિવેદનથી ભારતને આંચકો

કાઠમાંડૂ, તા.૨૮

નેપાળની છેલ્લાં કેટલાંક દિવસોથી ચીનથી નિકટતા વધી છે. બીજીબાજુ ભારતની સાથે નેપાળનો સરહદ વિવાદ વધુ ઘેરાઇ રહ્યો છે. ભારત અને ચીનની વચ્ચે પણ સરહદ પર તણાવ વધવાના લીધે નેપાળની ભૂમિકા વધુ અગત્યની થઇ ગઇ છે. નિષ્ણાતો એ વાતને લઇ પણ ચિંતા વ્યકત કરી રહ્યા છે કે નેપાળમાં ચીનની વધતી હાજરી ભારતની સુરક્ષા માટે પણ ખતરો છે.

ચીનમાં નેપાળના રાજદૂત મહેન્દ્ર બહાદુર પાંડેએ ચીની મીડિયાને એક ઈન્ટરવ્યુ આપ્યો છે તેમાં તેમણે ચીન અને નેપાળના સંબંધને અતૂટ

ગણાવ્યો છે.મહેન્દ્ર પાંડે એ કહ્યું કે નેપાળ અને ચીન સારા પાડોશી દેશ છે અને સારા મિત્રો પણ. વર્ષ ૧૯૫૫થી જ બંને દેશોના કૂટનીતિક સંબંધ રહ્યા છે. ચીનમાં નેપાળના નવા રાજદૂત હોવાના નાતે તેમની પ્રાથમિકતા બંને દેશોની વચ્ચે થયેલા કરાર છે. ગયા વર્ષે ચીની રાષ્ટ્રપતિ શી જિનપિંગે નેપાળની મુલાકાત લીધી હતી જે સફળ રહી હતી.

લોકસત્તા જનસત્તા

નિડર અને નિષ્પક્ષ

LOKSATTA JANSATTA

વર્ષ ૧૯૫૧થી લોકશાહીની ચોથી જાગીરરૂપે નીડર અને નિષ્પક્ષ અખબાર તરીકે સમાચાર આપતું લોકસત્તા-જનસત્તા હવે ડિજિટલ સ્વરૂપે પણ તમારી સામે હાજર છે

અપડેટ રહેવા

આઈકન પર ક્લિક કરો

રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીયની સાથે ગુજરાતના દરેક ખુણાની પળપળની ખબરો.
આ ઉપરાંત રાજકીય હલચલ, રમત-ગમત, ક્રાઇમવોચ, સિનેમા,
લાઇફ સ્ટાઇલ, ધર્મ-જ્યોતિષ વિશે જાણવા **વેબસાઈટ** માટે અહીં ક્લિક કરો.

ડિજિટલ પેપર મેળવવા

આઈકન પર ક્લિક કરો

લોકસત્તા-જનસત્તા દૈનિકની
અમદાવાદ અને વડોદરા આવૃત્તિના ઈ-પેપર
જોવા માટે અહીં ક્લિક કરો

ઈન્ટરેસ્ટિંગ પોસ્ટ માટે

આઈકન પર ક્લિક કરો

દેશ - દુનિયાની તમામ અપડેટ સાથે ગુજરાતના દરેક ખૂણાની
અજાણી વાતો તેમજ વડોદરાની ખાસ બાબતો વિશે જાણવા માટે
લોકસત્તા જનસત્તાના ફેસબુક પેજને લાઇક કરો

સાંપ્રત સમયની માગ અને વાંચકોની વર્તમાન પેઢીની બદલાઈ રહેલી શૈલીને ધ્યાનમાં લઈને

લોકસત્તા જનસત્તા ની YOUTUBE CHANNEL

THE LOKSATTA

WE SPEAK

આઈકન પર ક્લિક કરો

ધી લોકસત્તા એટલે ઇન્ફો+એન્ટરટેઇન્મેનેટ+એનલિસિસ

એકમાત્ર ગુજરાતી યૂ-ટ્યૂબ ચેનલ જ્યાં દેશ-દુનિયાની લેટેસ્ટ ન્યૂઝ, પોલિટિકલ વ્યૂઝ, સોશિયલ મીડિયાની સોલિડ સ્ટોરી, ગુનાખોરીની રૂંવાડા ઊભાં કરી દેતી કહાનીઓ, એન્ટરટેઇન્મેન્ટ ઇન્ડસ્ટ્રીની સુપરહિટ વાતો, ધર્મસત્તા અને જૂઓ આપણું વડોદરા ૩૬૦ ડિગ્રી એન્ગલથી. આ બધું મેળવવા માટે **SUBSCRIBE** કરો અને બેલ બટન દબાવો.

લોકસત્તા-જનસત્તાના વિવિધ ડિજિટલ પ્લેટફોર્મ સાથે જોડાવવા ઉપરના આઈકન પર ક્લિક કરો

રશિયન યુવતી સાથે અનૈતિક સંબંધ રાખી તેને ગર્ભવતી બનાવી તેમજ ગેરકાયદે પત્નીનો દરજ્જો આપી તેની સાથે ઘર સંસાર માડી રહેતાં

યેપ સ્પાના સંચાલક સામે ઉચ્ચાધિકારી દ્વારા તપાસની માંગ

પરેશ પટેલની પત્નીએ જે.પી.રોડ પોલીસ મથકમાં ફરિયાદ બાદ કમિશ્નર કચેરીમાં કરેલી રજુઆત છતાં પરેશ અને રશિયન યુવતીનો હજુ સુધી કોઈ પત્તો નથી

વડોદરા, તા.૨૮

પોતાના સ્પામાં મસાજ થેરાપીની નોકરી માટે બોલાવેલી રશિયન યુવતી સાથે અનૈતિક સંબંધો બાંધીને તેને ગર્ભવતી બનાવવાના ગુનામાં સંડોવાયેલો યેપ સ્પાનો સંચાલક પરેશ પટેલ સામે તેની પત્નીએ નોંધાવેલી ફરિયાદ બાદ ભુગર્ભમાં ઉતરી ગયો છે. બીજીતરફ શહેરના રાજકારણ, રમતજગત અને પોલીસ ખાતામાં ભારે વગ ધરાવતા પરેશ પટેલની જલ્દી ધરપકડ થાય તેમજ તેની સામે કડક કાર્યવાહી થાય તે માટે પરેશ પટેલની પત્નીએ આજે શહેર પોલીસ કમિ.કચેરીમાં રજુઆત કરી હતી જેમાં તેમને પોલીસ અધિકારીઓ દ્વારા સંતોષજનક કામગીરી કરવાનું આશ્વાસન આપી રવાના કરાયા હતા.

અકોટા ગાર્ડન પાસે ક્લાસીક એપાર્ટમેન્ટમાં રહેતા પરેશ પટેલ ગોત્રી સહિત અન્ય વિસ્તારોમાં યેપ સ્પા નામે મસાજ પાર્લરો ચલાવે છે. ગત ૨૦૧૪માં તેણે રશિયાની બે યુવતીઓ તેના સ્પામાં નોકરી માટે રાખી હતી જે પૈકીની હન્ના ચુઈકો નામની યુવતી સાથે પરેશે સતત અનૈતિક સંબંધો બાંધતા હન્ના ગર્ભવતી બની હતી અને તેણે પાંચ વર્ષ અગાઉ પરેશના અનૌરસ પુત્રને જન્મ આપ્યો હતો. પરેશની આ કામલીલીનો તેની પત્ની જીજ્ઞાબેને વિરોધ કરતા તેણે હન્ના સાથે મળી પત્ની પર શારીરિક માનસિક ત્રાસ ગુજાર્યો હતો અને ત્યારબાદ તેણે હન્ના ચુઈકોને પત્નીનો દરજ્જો તેમજ અનૌરસ પુત્રને પોતાનું નામ આપી તે પત્નીને છોડીને હન્ના સાથે રહેવા જતો રહેતા જીજ્ઞાબેને પતિ પરેશ અને તેની ગેરકાયદે પત્ની હન્ના વિરુધ્ધ જેપી રોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

જોકે પરેશ પટેલ શહેરના રાજકારણ, રમતજગત અને પોલીસ ખાતામાં ભારે વગ ધરાવતો હોઈ તેની સામે નોંધાયેલી ફરિયાદની તપાસ એસીપી કે ડીસીપી કક્ષાના અધિકારીને સોંપવામાં આવે તેવી ફરિયાદી જીજ્ઞાબેને આજે શહેર પોલીસ કમિ. કચેરીમાં રજુઆત કરી હતી. તેમની રજુઆતના પગલે પો.કમિ.કચેરીના અધિકારી દ્વારા તેમની ફરિયાદમાં યોગ્ય અને કડક કાર્યવાહી થશે તેવું આશ્વાસન આપી તેમને રવાના કરાયા હતા. જેપીરોડ પોલીસે આ બનાવની તપાસ શરૂ કરી પરેશના ઘરે દરોડો પાડ્યો હતો પરંતું તે અને તેની કથિત ગેરકાયદે પત્ની હન્ના તેઓના અનૌરસ પુત્ર સાથે ફરાર થયો હોવાની વિગતો સપાટી પર આવી હતી. આ બનાવ અંગે ડી – ડિવિઝનના એસીપી એ વી રાજગોરે જણાવ્યું હતું કે આ ફરિયાદમાં ગંભીર આક્ષેપો હોઈ તેની હાલમાં તપાસ ચાલી રહી છે અને ત્યારબાદ આગળની કાર્યવાહી હાથ ધરાશે.

સ્પાના ધંધામાં પરેશ પટેલની લાંબા સમયથી મોનોપોલી

મેટ્રો સિટીની જેમ શહેરમાં પણ સ્પાના ઓથા હેઠળ ગોરખધંધા શરૂ કરનાર પરેશ પટેલનો સ્પાના ધંધામાં શહેરમાં મોનોપોલી છે અને એક સમયે તો તેના શહેરના પોશ એવા ગોત્રી, જેપીરોડ, મુજમહુડા અને સારાભાઈ રોડ પર આઠ જેટલા વૈભવી સ્પા ચાલતા હતા. તે સ્પામાં મોટાભાગ થાઈલેન્ડ અને રશિયાની જ યુવાન છોકરીઓને મસાજની સેવા માટે નોકરીએ રાખતો હોઈ મસાજના શોખીન ગ્રાહકો પણ તેના જ સ્પાને પહેલી પસંદગી આપતા હોઈ તેનો લાંબા સમયથી સ્પાના ધંધામાં દબદબો યથાવત રહ્યો છે.

સ્પામાં મસાજના ઓથાહેઠળ ગોરી ચામડીનો કાળો વેપાર

પરેશ પટેલના વૈભવી સ્પામાં રશિયન અને થાઈ યુવતીઓ દ્વારા સુંવાળા સ્પર્શ સાથે થતી મસાજ માટે શહેરના માલેતુજારો, બિલ્ડરો, ક્રિકેટરો અને વેપારીઓ નિયમિત રીતે જતા હતા. મળતી વિગતો મુજબ સ્પામાં અંધારી ઓરડીમાં મસાજ દરમિયાન વિદેશી યુવતીઓ વીઆઈપી ગ્રાહકોને મસાજ દરમિયાન ઉત્તેજીત કર્યા બાદ "સ્પેશ્યલ સર્વિસ" ઓફર કરતી હતી અને ગ્રાહકો તેની ઓફર સ્વીકારતા જ મસાજના ઓથા હેઠળ ગોરી ચામડીનો કાળો વેપાર થતો હતો.

પરેશ પટેલે એરપોર્ટ પર તાયફો કરેલો

થોડાક સમય અગાઉ તેના સ્પામાં ફરજ બજાવતી એક રશિયન યુવતી તેના વતનમાં પરત જતી હતી તે સમયે પરેશ પણ વડોદરા એરપોર્ટ પર પહોંચી ગયો હતો અને તેણે નશાની હાલતમાં એરપોર્ટ પર તાયફો મચાવી અન્ય મુસાફરો અને એરપોર્ટ સ્ટાફને હેરાન કરતા આ મામલો પોલીસ મથકમાં પહોંચ્યો હતો.

મસાજમાં નવી નવી યુવતીઓ મળતી

પરેશ પટેલ તેના સ્પામાં મોટાભાગે વિદેશી યુવતીઓને મસાજ માટે લાવતો હતો અને દરેક યુવતીઓને એક સ્પામાં આઠ દિવસ ફરજ બજાવ્યા બાદ અન્ય સ્પામાં બદલી કરતો હતો. દરમિયાન પરેશ પટેલના સ્પામાં આવતા ગ્રાહકોને દર વખતે અલગ અલગ વિદેશી યુવતીઓનો સંગાથ મળતો હોઈ ગ્રાહકો પણ નવી નવી વિદેશી યુવતીઓનો સંગાથ માણવા માટે તેના જ સ્પામાં અચુક જતા હતા.

પાક નિષ્ફળ સહાય યોજનામાં મધ્ય ગુજરાતના ખેડૂતોને સમાવવા માગ

'આપ' દ્વારા તાલુકાઓમાં આંદોલનની ચીમકી અપાઈ

વડોદરા, તા.૨૮

પાક નિષ્ફળ સહાય યોજનામાં મધ્ય ગુજરાતના ખેડૂતોનો સમાવેશ કરવાની માગ સાથે આમ આદમી પાર્ટીએ જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપ્યું હતું. આ આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી વિજય રૂપાણીએ વિધાનસભામાં કૃષિ સહાય પેકેજની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, ૩૩ ટકા કે તેથી વધુ પાક નુકસાનીના કિસ્સામાં વધુમાં વધુ બે હેક્ટર માટે હેક્ટરદીઠ રૂા.૧૦,૦૦૦ સહાય અપાશે તેમજ ખેડૂત ગમે તેટલી ઓછી જમીન ધરાવતો હશે તો પણ રૂા.૫૦૦૦ની સહાય ચૂકવાશે.

આ કૃષિ પેકેજમાં ૨૦ જિલ્લાના ૧૨ તાલુકાઓના ૩૭ લાખ હેક્ટર વિસ્તારનો સમાવેશ થાય છે. રાજ્યના અન્ય તાલુકાઓમાં પણ પાક નુકસાન થયેલ છે જેમ કે છોટાઉદેપુર, દાહોદ, નર્મદા, વડોદરા, પંચમહાલ, મહીસાગર સહિતના જિલ્લાઓના તમામ તાલુકાઓમાં ઘણા ખરા ગામોમાં પહેલા ઓછો વરસાદ થતાં અને અત્યારે વધારે વરસાદ થતાં હાલ ઊભા પાકને ઘણું નુકસાન થયેલ છે ત્યારે મધ્ય ગુજરાતના ખેડૂતોને આ પેકેજમાં સમાવવા માગ કરી હતી. નહીં તો 'આપ' તમામ તાલુકાઓમાં આંદોલન કરશે તેવી ચીમકી આપી હતી.

તમામ યુવાનોને રોજગારી આપો નહીં તો

રાજ્યના બેરોજગાર યુવાનોને બેરોજગારી ભથ્થુ આપવા માગ

કોન્ટ્રાક્ટ પ્રથા રદ કરો : કાયમી નોકરી આપો

વડોદરા, તા.૨૮

રાજ્યના તમામ યુવાનોને રોજગારી આપવામાં આવે અને જ્યાં સુધી રોજગારીની વ્યવસ્થા થાય નહીં ત્યાં સુધી બેરોજગરોને ભથ્થુ આપવાની માગ ઓલ ઈન્ડિયા ડેમોક્રેટિક યૂથ ઓર્ગેનાઈઝેશને કરી છે.

મુખ્યમંત્રીને સંબંધોને જિલ્લા કલેકટરને આપેલા આવેદનપત્રમાં જણાવ્યું છે કે, રાજ્યના તમામ યુવાનોને રોજગારી આપવામાં આવે અને જ્યાં સુધી રોજગારીની વ્યવસ્થા ન થઈ શકે ત્યાં સુધી તમામ બેરોજગારોને ઓછામાં ઓછું રૂા.૫૦૦૦ બેરોજગારી ભથ્થુ આપવામાં આવે. રાજ્ય સરકારના તમામ વિભાગોમાં ખાલી પડેલી જગ્યાઓને તાત્કાલિક કાયમી ધોરણે ભરવામાં આવે. રાજ્યમાં કોન્ટ્રાક્ટ પ્રથા રદ કરીને તમામને નોકરીમાં કાયમી કરવામાં આવે.

ખાનગી ક્ષેત્રમાં કર્મચારીઓના પગારમાં કાપ બંધ કરવા, કર્મચારીઓની હકાલપટ્ટી બંધ કરવા અને હાયર એન્ડ ફાયરની નીતિ બંધ કરવામાં આવે. અસંગઠિત ક્ષેત્રોમાં કામ કરતા કામદારોને ન ચૂકવેલ પગાર ચૂકવી દેવામાં આવે. રાજ્યમાં દારૂબંધીનો કડક અમલ કરવામાં આવે. ઉપરાંત તમામ માધ્યમોમાં અશ્લીલતા પર બાન મૂકવા અને અશ્લીલ વેબસાઈટસ પર પ્રતિબંધ મૂકવા અને સોશિયલ મીડિયા પર આવી સાઈટસને પ્રોત્સાહન આપનારાઓને દાખલરૂપ કડક સજા કરવામાં આવી માગ કરી છે.

ડભોઈ રોડ વિસ્તારના સોમા તળાવ પાસેના નવા બંધાયેલા

વુડાના મકાનોમાં પ્રાથમિક સુવિધાનો અભાવ હોવાથી રહીશોના દેખાવો

ગરીબ અને નબળા વર્ગના રહીશોની તાકીદે સુવિધાની માગ

વડોદરા,તા.૨૮,

વડોદરા મહાનગર પાલિકા અને વડોદરા અર્બન ડેવલોપમેન્ટ ઓથોરિટી -વુડા દ્વારા શહેરમાં ચોતરફ મુખ્યમંત્રી અને પ્રધાનમંત્રી આવાસ યોજનાઓ હેઠળ આવાસો બાંધવામાં આવ્યા છે.

ગરીબો અને અન્ય નબળા વર્ગના લોકોને માટે બાંધવામાં આવતા આવાસોમાં કોઈપણ પ્રકારની પ્રાથમિક સુવિધાઓ આપ વામાં આવતી નથી. જેને લઈને રહીશો દ્વારા વારંવાર તંત્ર સામે ફરિયાદ કરવામાં આવે છે. પરંતુ નઠોર તંત્ર આ બાબતે રહીશોની વાત કાને ધરતું નથી .તેમજ આ સમસ્યાઓના તાકીદે ઉકેલ લાવવાને માટે કોઈ પ્રયાસો કરતુ નથી. આને

લઈને આવી પ્રાથમિક સુવિધાઓની ફરિયાદો ઊભી જ રહે છે. રોજે રોજની આવી સમસ્યાઓથી રહીશો ત્રાહિમામ પોકારી ઉઠ્યાં છે. જેને લઈને આજવા રોડ સોમા તળાવ પાસેના વુડાના મજકણોના રહીશો દ્વારા સુવિધાઓના પ્રશ્ને દેખાવો યોજવામાં આવ્યા હતા.

૪૬૦૦ ગ્રેડ પે પ્રમાણે પગાર ચૂકવ્યા બાદ

હાઈસ્કૂલના આચાર્યોને ઊંચો પે ગ્રેડ આપ્યા બાદ ઘટાડો કરાતા રોષ

વડોદરા,તા. ૨૮

વર્ષ ૨૦૧૯માં ભરતી થયેલા અંદાજે ૧૫૦૦ જેટલા આચાર્યોની ૪૬૦૦ ગ્રેડ પે પ્રમાણે પગાર ચૂકવ્યા બાદ સરકાર દ્વારા ૩ ડિસેમ્બર ૨૦૦૯ના ઠરાવનું પાયાવિહોણું અર્થઘટન કરીને આચાર્યોના પે ગ્રેડ ઘટાડીને શિક્ષકો સમાન કરી દેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ઉપરાંત સરકાર દ્વારા એક વર્ષ દરમ્યાન ચુકવાયેલ પગારની રિકવરી પણ શરુ કરી હોવાની અટકળો વચ્ચે આચાર્યોમાં રોષ વ્યાપી ગયો છે.

રાજ્યની ગ્રાન્ટેડ હાઈસ્કૂલોમાં આચાર્યની ભરતી પ્રક્રિયા ૨૦૧૭માં હાથ ધરાઈ હતી. જોકે, તે સમયે સમગ્ર મામલો હાઈકોર્ટમાં જતા બે વર્ષ બાદ ૨૦૧૯માં રાજ્યભરમાં ૧૫૦૦ જેટલા આચાર્યોની ભરતી કરવામાં આવી હતી. જેમાં આચાર્ય યોગ્યતા કસોટીમાં પાસ થયેલ ઉમેદવારોની મેરિટના આધારે પ સંદગી કરવામાં આવી હતી. આ દરમ્યાન નિયમ મુજબ આચાર્યોને ૪૬૦૦ ગ્રેડ પે પ્રમાણે એક વર્ષ સુધી પગાર ચુકવવામાં આવ્યો હતો. પરંતુ તાજેતરમાં સરકારે વર્ષ ૨૦૦૯ના ઠરાવનું પાયાવિહોણું અર્થઘટન કરી આચાર્યોનો પે ગ્રેડ ઘટાડીને ૪૨૦૦ એટલે કે શિક્ષકો સમાન કરવાની જાહેરાત કરી છે.

જે આચાર્યોને ભારે અન્યાય સમાન હોવાનું ગુજરાત રાજ્ય આચાર્ય સંઘનું માનવું છે. જો આચાર્ય યોગ્યતા કસોટી પાસ કર્યા બાદ પણ પગાર શિક્ષકોને સમકક્ષ જ મળવાનો હોય, તો કસોટી આપવાનો અર્થ શું? આ મુદ્દાને લઈને શહેર-જિલ્લાના આચાર્યોમાં અન્યાયની લાગણી વ્યાપી ગઈ છે અને આ અંગે આગામી દિવસોમાં ઉચ્ચકક્ષા સુધી રજૂઆતોનો દોર ચાલે તેની શક્યતાઓ નકારી શકાય તેમ નથી.

હરણીરોડ પર ગુંજન કોમ્પ્લેક્સના નીચે મોપેડ પર બેસીને

મોબાઈલ ફોનથી આઈપીએલની મેચ પર સટ્ટો રમાડતા બે ઝડપાયા

વડોદરા, તા.૨૮

આઈપીએલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ગત સાંજે રમાઈ રહેલી રાજસ્થાન રોયલ અને પંજાબ કિંગ્સ ઈલેવન વચ્ચેની ટી-૨૦ મેચનું મોબાઈલ ફોન પર જીવંત પ્રસારણ જોઈને તેની પર સટ્ટો રમાડતા બે બુકીઓને પીસીબી પોલીસે ઝડપી પાડી તેઓની પાસેથી રોકડ, મોબાઈલ ફોન અને મોપેડ સહિત ૧.૧૮ લાખથી વધુની મત્તા કબજે કરી હતી.

હાલમાં ચાલતી ઈન્ડિયન પ્રિમિયર લીગ ક્રિકેટ ટુર્નામેન્ટની મેચો પર બુકીઓ ટીવી અને મોબાઈલ ફોન પર લાઈવ ક્રિકેટ મેચ જોઈને તેની પર ગ્રાહકો સાથે સટ્ટો રમાડતા હોઈ પીસીબી પોલીસે સટ્ટેબાજોને શોધવા માટે વિશેષ ટીમો બનાવી છે. દરમિયાન ગત સાંજે પીસીબીની ટીમને બાતમી મળી હતી કે સંગમ ચારરસ્તા પાસે આવેલા ગુંજન એપાર્ટમેન્ટના નીચે ગ્રે કલરના મોપેડ પર બેઠેલો જાફર રંગવાલા નામનો ઈસમ તેના સાગરીતની મદદથી હાલમાં ચાલતી રાજસ્થાન રોયલ્સ અને કિંગ્સ ઈલેવન પંજાબ વચ્ચેની ટી-૨૦ મેચનું મોબાઈલ ફોન પર જીવંત પ્રસારણ જોઈ તેના આધારે બોલ ટુ બોલ ઓનલાઈન સટ્ટો રમાડી રહ્યો છે. આ વિગતોના પગલે પીસીબીની ટીમે તુરંત દરોડો પાડ્યો હતો અને એપાર્ટમેન્ટના નીચે રોડ પર બાતમી મુજબની મોપેડ પર બેઠેલા જાફર અબ્દુલહુસેન રંગવાલા (અમીન ચેમ્બર્સ બીજો માળ, મદાર માર્કેટની બાજુમાં, પાણીગેટ) અને અલીઅબ્બાસ યાહીયાભાઈ ટેલર (બુરાની મંજીલ,સૈફી મોહલ્લો, ગેંડીગેટરોડ)ને ઝડપી પાડ્યા હતા. આ પૈકી જાફર રંગવાલાનો ૫૦ હજારની કિંમતનો એપલ આઈફોન પોલીસે કબજે લઈ તેમાં તપાસ કરતા જાણ થઈ હતી કે તે કારેલીબાગ મચ્છીપીઠમાં રહેતા રજાક શેખની આઈડીથી ઓનલાઈન મોબાઈલ લાઈન ચલાવી તેની પર લાઈવ ક્રિકેટ મેચ જોઈને ગ્રાહકો પાસેથી ભાવ લઈને હારજીતનો સટ્ટો રમાડે છે તેમજ તમામ મેચોમાં ગ્રાહકો પાસેથી લીધેલા ભાવનું તે મચ્છીપીઠમાં રજાક શેખ પાસે કટીંગ કરાવે છે. આ વિગતોના પગલે પોલીસે જાફર રંગવાલા અને તેના સાગરીત અલીઅબ્બાસ ટેલરની સટ્ટો રમાડવાના ગુનામાં અટકાયત કરી બંને પાસેથી ૫૭ હજારનિ કિંમતના બે મોબાઈલ ફોન તેમજ રોકડા ૧૧,૩૦૦ અને એક મોપેડ સહિત કુલ ૧,૧૮,૩૩૦ની મત્તા જપ્ત કરી હતી તેમજ મચ્છીપીઠમાં રહેતા રજાક શેખ ઉર્ફ બાબને વોન્ટેડ જાહેર કરી તેની શોધખોળ હાથ ધરી છે.

દંતેશ્વર અનુ સોસા.માં સળિયા કાપતાં શ્રમજીવીને કરંટ લાગતાં મોત

વડોદરા, તા.૨૮

શહેરના દંતેશ્વર ગામે આવેલ અનુ સોસાયટીના મકાનના કન્સ્ટ્રકશનના કામકાજ દરમિયાન લોખંડના સળિયા કાપતી વખતે શ્રમજીવીને ઈલેકટ્રીક કરંટ લાગતાં તેનું મોત નીપજ્યું હતું.

આ બનાવની વિગત અનુસાર વડોદરા તાલુકાના વડદલા ગામે રહેતો જયેશ મનુભાઈ રાઠોડિયા (ઉં.વ.૨૧) દંતેશ્વર ખાતે અનુ સોસાયટીમાં મકાનના કન્સ્ટ્રકશનના કામમાં મજૂરી માટે આવતો હતો જ્યાં તે લોખંડના સળિયા કટરથી કાપી રહ્યો હતો એ દરમિયાન તેને અચાનક ઈલેકટ્રીક વાયરનો કરંટ લાગ્યો હતો જેથી તે બેભાન બની ફંગોળાયો હતો. આ બનાવને પગલે તેની સાથે કામ કરી રહેલા અન્ય કામદારો દોડી આવ્યા હતા. તેને બેભાન હાલતમાં સારવાર માટે સયાજી હોસ્પિટલમાં લઈ જવાયો હતો, જ્યાં તેને ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો.

ભરૂચમાં ફાયનાન્સિયલ સર્વિસ પુરી પાડનારની

૭૦ કરોડની ટેક્સચોરીમાં સંડોવાયેલા સંચાલકની જામીન અરજી નાંમજુર

વડોદરા, તા.૧૫

સેન્ટ્રલ જી.એસ.ટી અને સેન્ટ્રલ એક્સાઈઝ વડોદરા-૨ કમિશ્નરેટ દ્વારા પાડેલા દરોડામાં ભરૂચમાં ફાઈનાન્સિયલ સર્વિસ પુરી પાડતા દિલીપ બાબુલાલ જૈનને ત્યાં સર્ચ હાથ ધરી રૂા.૭૦ કરોડની જી.એસ.ટી અને સર્વિસટેક્ષના ચોરી પકડી પાડી હતી. આ ગુનામાં ધરપકડ બાદ જેલભેગા કરાયેલા દિલીપ જૈને જામીન પર મુક્ત થવા અરજી કરી હતી જેને કોર્ટે નામંજુર કરી હતી. તાજેતરમાં સેન્ટ્રલ જી.એસ.ટી. અને સેન્ટ્રલ એક્સાઈઝ વડોદરા-૨ કમિશ્નરેટ દ્વારા ભરૂચના ભોલાવ, ઝાડેશ્વર, હારમનગરમાં દિલીપ બાબુલાલ જૈનને ત્યાં સર્ચ હાથ ધરી હતી. સર્ચમાં દિલીપ જૈને જી.સએ.ટી અને સર્વિસ ટેક્સ ભર્યો નહીં હોવાનું ધ્યાને આવ્યું હતું અને તે જી.એસ.ટી અને સર્વિસ ટેક્સ હેઠળ ટેક્સેબલ જુદીજુદી ફાઈનાન્સિયલ સર્વિસ પુરી પાડતા હતાં. તેમજ તેમને તેનું કમિશન પણ મળતું હતું. દિલીપ જૈનએ જિનેસિસ ગ્રુપ, મે.ગ્રેબડિલ ઈન્ટરનેશનલ, મે. ગ્રેબડિલ એડર્વટાઈઝમેન્ટ એન્ડ ટુરિઝમ અને મે.ગ્લોમોક્સ સોલ્યુશન પ્રા.લી. નામની જુદીજુદી કંપનીઓ ચલાવે છે. તપાસ દરમિયાન ૫,૨૧,૫૪૮ આઈડી જનરેટ કર્યાનું અને આઈડી દીઠ ૮,૫૦૦ પણ લીધા હતાં અને આ આઈડીના આડમાં નાણાકીય વ્યવહારો કરતા હતાં. આમ બીજી ફાઈનાન્સિયલ સર્વિસ પુરી પાડતાં હતા અને જે બદલ જે જી.એસ.ટી. અને સર્વિસટેક્સ ચુકવતા ન હતાં. તપાસમાં રૂા.૭૦ કરોડથી વધુની ટેક્સચોરી થયાનું બહાર આવ્યું હતું. સેન્ટ્રલ જી.એસ.ટી. વિભાગે ટેક્ષચોરીના પ્રકરણમાં દિલીપ બાબુલાલ જૈનની ધરપકડ કરી હતી તેમને જેલભેગા કર્યા હતા. તાજેતરમાં દિલીપ જૈને જામીન પર છુટવા માટે અરજી કરી હતી જેને અત્રેની દ્વ્રા એડી. ડીસ્ટીક્ટ એન્ડ સેશન્સ કોર્ટના જજ પી. ટી.પટેલે નામંજુર કરી હતી.

કર્મચારીઓએ ભારે જહેમત બાદ યુવકને ઝડપી પોલીસને હવાલે કર્યો

અંકલેશ્વરમાં નશામાં ધૂત યુવકે પાર્ક કરેલી બસ દોડાવતાં અફડાતફડી

અંકલેશ્વર, તા.૨૮

અંકલેશ્વર શહેર ખાતેના એસટી ડેપો માં એક નશામાં ધૂત યુવકે ડેપ ો માંથી બસ દોડાવીને ભાગવાનો પ્રયાસ કર્યો હતો. જોકે ડેપો માં હાજર કર્મચારીઓ એ યુવકને ઝડપી લઈને પોલીસને હવાલે કરી દીધો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર અંકલેશ્વર શહેર નાં સ્ટેશન રોડ વિસ્તારમાં આજરોજ મોડી સાંજ ના સુમારે ભારે અફરાતફરી નો માહોલ સર્જાય ગયો હતો, જેમાં બન્યુ કંઈક એવુ હતુ કે અંકલેશ્વર થી રાજપીપળા ની એસટી બસ ડેપોમાં આવી હતી , અને બસ ના ચાલક અને કન્ડકટર ડેપો માં બસ પાર્ક કરીને કંટ્રોલરૂમ માં એન્ટ્રી કરાવવા માટે ગયા હતા. જોકે આ સમય દરમ્યાન નશામાં ધૂત રાકેશ પરમાર નામ ના યુવક બસ માં સવાર થઈ ગયો હતો , બસ ચાલુ કરીને બસ લઈને ડેપોની બહાર ભાગ્યો હતો.જે ઘટના બસ ના ચાલક અને કન્ડકટર નાં ધ્યાનમાં આવતા તેઓએ બુમાબુમ કરી હતી , અને એસટી ડેપો ના અન્ય બસ ચાલક , કન્ડકટર સહિતનાં અન્ય કર્મચારી ઓ એ બસનો પીછો કરીને ડેપોની બહાર શહેર ના માર્ગ પરથી બસ ને અટકાવી દીધી હતી , અને નશામાં ધૂત યુવક રાકેશ પરમાર ને ઝડપી લઈને શહેર પોલીસ મથક માં ફરિયાદ દર્જ કરાવવાની તજવીજ આરંભી હતી. ઉલ્લેખનીય છે કે નશામાં ધૂત યુવક નાં કૃત્ય થી સદનસીબે મોટી દુર્ઘટના ટળી હતી અને એસટી ડેપો તંત્રે રાહત અનુભવી હતી , જોકે બસ ના ચાલકની પણ બેદરકારી ને નજર અંદાજ કરી શકાય નહિં.

શહેરમાં ૧,૧૨૫ મેટ્રિક ટન ધન કચરાનો નિકાલ કરાયો

વડોદરા,તા.૨૮,

વડોદરા મહાનગર પાલિકાના દ્વારા શહેરમાં ડોર ટુ ડોરના ૨૯૪ વાહનો અને ૧૧૩ ઓપન સ્પોટ વ્હિકલ દ્વારા સાફ સફાઇ કરવામાં આવી હતી. જેઓએ શહેરમાં વિવિધ ૧,૦૦૧ સ્થળોએ સાફ-સફાઇ કરી ૧,૧૨૫ મે.ટન ધન કચરાને એકત્રીત કરીને તેનો નિકાલ કર્યો છે. પાલિકાના ચારેય ઝોનમાં સાફ-સફાઇની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ૯૪૫ કિલો મેલેથિયોન અને ૫,૧૫૫ કિલો ચૂનાનો છંટકાવ કરવામાં આવ્યો હતો.આ ઉપરાંત પાલિકાની દબાણ શાખાની ટીમો દ્વારા સતત પ ેટ્રોલીંગ કરી નાગરિકો દ્વારા સોશ્યલ ડિસ્ટન્સીંગનો હેતુ જળવાઇ તે બાબતની સમીક્ષા કરી તેનો અમલ ન કરનાર સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. પાલિકા દ્વારા કોરોનાની મહામારીથી શરુ કરાયેલ આ કામગીરી અવિરત ચાલુ રાખવામાં આવી છે.

શહેરના બહુચર્ચિત દુષિત પાણીમાં પ્રશ્ને પાલિકાને થુંકેલુ ચાટવાનો વારો આવ્યો

પાલિકાના સસ્પેન્ડેડ અધિકારીઓ અલ્પેશ મઝમુદાર અને રાજેશ ચૌહાણને પરત લેવાયા

વડોદરા,તા.૨૮,

વડોદરા મહાનગર પાલિકાના મનમાની કરનાર શાસકો દ્વારા ડિસેમ્બર-૨૦૧૮થી સમગ્ર શહેરના પૂર્વ અને દક્ષિણ વિસ્તારમાં સર્જાયેલી દુષિત પાણીની સમસ્યાને લઈને શાસકોની નિષ્ફળતાનું ઠીકરું અધિકારીઓ પાર ફોડીને ત્રણ ત્રણ અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. જે પૈકી એક અધિકારી કૌશિક પરમારે આ બાબતને હાઈકોર્ટમાં પડકારતા પાલિકાને ધોબી પછાડ માર પડ્યો હતો. જ્યા પાલિકાની ભૂંડી હાર થતા કૌશિક પરમારને કોર્ટના આદેશને આધારે પુનઃ માનભેર ફરજ પાર લેવાની ફરજ પડી હતી. જેઓને એક માસ પહેલા સ્ટ્રીટ લાઈટ વિભાગમાં મુકવામાં આવ્યા હતા. આ પછીથી બાકીના બે અધિકારીઓ અલ્પેશ મઝમુદાર અને રાજેશ ચૌહાણને પણ આજે ફરજ પર પુનઃ લેવામાં આવ્યા છે. આમ દુષિત પાણીના મામલે જે અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. તેઓને પ ુનઃ ફરજ પર લેવા પડતા પાલિકાને થુંકેલુ ચાટવાનો વારો આવ્યો છે. જ્યારે સૌથી વધુ આશ્ચર્યની બાબત તો એ છે કે આ અધિકારીઓને સસ્પ ેન્ડ કર્યા છતાં હજુ સુધી પાલિકા દુષિત પાણીનો પ્રશ્ન ઉકેલી શકી નથી. અત્યારે પણ આ વિસ્તારોમાં કોઈને કોઈ જગ્યાએ આવી સમસ્યા ઉભી છે.

પાલિકાના તત્કાલીન હવાલાના એડીશ્રલ સીટી ઈજનેર(પાણી પ ુરવઠા) અને કાર્યપાલક ઈજનેર અલ્પેશ મજમુદારને જે તે સમયે ફરજ મોકૂફ કરવામાં આવ્યા હતા. જેઓને પુનઃ ફરજ પર લેવાનો પાલિકાના કમિશ્નર સ્વરૂપ.પી. એ હુકમ કર્યો છે. જે હુકમમાં તેઓને કાર્યપાલક ઈજનેર તરીકેની ફરજોમાં પુનઃ સ્થાપિત કરવામાં આવ્યા છે. જેમાં અલ્પેશ મજમુદારને હવાલાના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નર તરીકે દક્ષિણ ઝોનની ફરજો તેમજ હવાલાના એડીશ્રલ સીટી ઈજનેર તરીકે બિલ્ડીંગ પ્રોજેક્ટની જવાબદારી આપવામાં આવી છે. આજ પ્રમાણે પાલિકાના તત્કાલીન કાર્યપાલક ઈજનેર રાજેશ ચૌહાણને જે તે સમયે ફરજ મોકૂફ કરવામાં આવ્યા હતા. જેઓને પુનઃ ફરજ પર લેવાનો પાલિકાના કમિશ્નર સ્વરૂપ .પી.એ હુકમ કર્યો છે. જે હુકમમાં તેઓને કાર્યપાલક ઈજનેર તરીકેની ફરજોમાં પુનઃ સ્થાપિત કરવામાં આવ્યા છે. જેમાં રાજેશ ચૌહાણને કાર્યપાલક ઈજનેર તરીકે સેન્ટ્રલ સ્ટોર્સ તેમજ ફ્યુચરિસ્ટિક પ્લાનિંગ સેલની જવાબદારી આપવામાં આવી છે.

આમ પાલિકાના શાસકો અને તંત્રના ગળે સણસણતો તમાચો મારીને પાલિકાના દુષિત પાણીના સસ્પેન્ડેડ કરાયેલા ત્રણે ઈજનેરો ફરજ પર પુનઃ સ્થાપિત થઈ ગયા છે. આને કારણે પાલિકા તંત્ર દ્વારા દ્વેશભરી વૃત્તિ રાખીને અધિકારીઓ સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. એવી ચર્ચાઓ થઈ રહી છે.

એનડીએ દ્વારા સંસદમાં ત્રણ કૃષિ બિલ મંજુર કરીને વટહુકમ બહાર પાડવા સામે આક્રોશ વ્યક્ત કરાયો

ગાંધીનગર જતા પહેલાં કોંગ્રેસના કાર્યકરોની અટકાયત

પુત્રીના ઘરે આવેલા મહીસાગર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પણ પોલીસની ઝપટે આવી ગયા : લોકશાહી વેન્ટિલેટર પર હોવાનું જણાવ્યું

વડોદરા,તા.૨૮,

એનડીએ સરકાર દ્વારા સંસદમાં બહુમતીના જોરે ત્રણ કૃષિ બીલો પસાર કરી દેવામાં આવ્યા છે. તેમજ એ અંગેનો વટહુકમ પણ ગણતરીના કલાકોમાં કરી દેવામાં આવ્યો છે. એની સામે આક્રોશ વ્યક્ત કરવાને માટે સમગ્ર દેશમાં કોંગ્રેસ દ્વારા દેખાવો યોજવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ગુજરાતમાં પણ પાટનગર ગાંધીનગર ખાતે બાબા સાહેબ આંબેડકરના પૂતળાંથી રાજ્યભરના કોંગ્રેસના કાર્યકરો કુછ કરીને વિધાનસભા ભવન જનાર હતા. પરંતુ આ કાર્યકરો ગાંધીનગર પહોંચે, એ પહેલા જ જે તે નગરોમાંથી અગ્રણી કોંગ્રેસ કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી.

વડોદરા શહેરમાંથી પણ પોલીસ દ્વારા કોંગ્રેસના અગ્રણીઓની ગતરાતથી જ અટકાયત કરવાનું શરુ કરી દીધું હતું. આ ઉપરાંત આજે ગાંધીનગર ખાતે ન્યાય કૂચમાં જવાને માટે શહેરના ગાંધીનગર ગૃહ ખાતે એકત્ર થયેલા કોંગી કાર્યકરોની પણ પોલીસે અટકાયત કરી હતી. પોલીસ દ્વારા શહેર ઉપરાંત વડોદરામાં પુત્રીના ઘરે મળવાને માટે આવેલા મહીસાગર જિલ્લાના કોંગ્રેસ પ્રમુખ હરજીવન પટેલને પણ અટક કર્યા હતા. આ તમામ અટકાયતીઓને વિવિધ પોલીસ સ્ટેશને લઇ જવામાં આવ્યા હતા. જ્યાથી તેઓને ગાંધીનગરની કૂચ પત્યા પછીથી છોડી મુકવામાં આવ્યા હતા. કોંગ્રેસના અગ્રણી નિલેશ બ્રહ્મભટ્ટે પોલીસના કૃત્યને વખોડી કોરોનાની માફક લોકશાહી વેન્ટિલેટર પર હોવાનું જણાવ્યું છે. સમગ્ર દેશભરના ખેડૂતોના વિરોધ વચ્ચે કેન્દ્ર દ્વારા ત્રણ કૃષિ બીલો મંજુર કરાયા હતા. જેની વિરુદ્ધમાં અપાયેલા કાર્યક્રમને લઈને પોલીસ તંત્ર સજાગ બની ગયું હતું. જેઓએ ગત રાતથી જ કોંગી અગ્રણીઓને નજર કેદ કર્યા હતા. તેમજ મળસ્કેથી તેઓની અટકાયતનો દૌર શરુ કરી દેવામાં આવ્યો હતો. પોલીસે મોટાભાગના કોંગ્રેસના અગ્રણીઓની એમના ઘરેથી જ અટકાયત કરી હતી. જેઓને અટક કરીને નજીકના પોલીસ મથકે લઇ જવામાં આવ્યા હતા. જ્યાં ગાંધીનગરની ન્યાયકૂચનો કાર્યક્રમ પૂર્ણ થયો નહિ ત્યાં સુધી બેસાડી રાખ્યા હતા. પોલીસની આ કામગીરીને લોકશાહીની હત્યા સમાન ગણાવી આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે ,સરકાર પોલીસ તંત્રનો ઉપયોગ ગુનાઓ અને વધતા જતા કરાઈમ રેતને અટકાવવામાં કરવાને બદલે વિરોધીઓને દબાવવાનો માટે કરી રહી છે. સંસદની લોકતાંત્રિક પ્રક્રિયા એકબાજુ મૂકીને લેવામાં આવેલા નિર્ણયને લઈને ખેડૂતો અને ખેતમજૂરો રસ્તા પાર આવી ગયા છે. ખેતી સાથે સંકળાયેલાઓની રોજીરોટી છીનવાઈ ગઈ છે. મુઠ્ઠીભર પુંજીપતિઓના હવાલે કૃષિ ક્ષેત્રને સોંપી દેવા સામે કોંગ્રેસ દ્વારા ઉગ્ર વિરોધ કરાયો હતો. તેઓએ આક્ષેપ કરતા ઉમેર્યું હતું કે, મોટી કંપનીઓએ સિન્ડિકેટ બનાવીને ખેડૂતોને લૂંટે એવી યોજના બનાવવામાં આવી છે. આ બાબતે કેન્દ્રની સરકાર બે મોઢાની વાત કરી રહયાનું તેઓએ ઉમેર્યું હતું. અટકાયત કરાયેલા કોંગી અગ્રણીઓમાં આંકલાવ-ઉમરેઠ વિધાનસભા બેઠકના કોંગ્રેસના પ્રભારી નિલેશ બ્રહ્મભટ્ટ, જીપીસીસીના પ્રવક્તા ઋત્વિજ જોશી, શહેર કોંગ્રેસના પ્રવકતા અમિત ઘોટીકર, વોર્ડ -૧૪ના પ્રમુખ તીર્થ બ્રહ્મભટ્ટ, શહેર મંત્રી સન્ની ચૌહાણ સહિતનાનો સમાવેશ થાય છે.

સંબંધને લાંછન ન લાગે તે માટે અભયમ વહારે

પિતરાઈ માસી સાથે ભાણેજને સુંવાળા સંબંધો બંધાતાં ચકચાર

માતાની વાત ન માનનાર દીકરો આખરે માન્યો

વડોદરા,તા.૨૮

એક દીકરા ની માતા એ અભયમમાં મદદ માંગી હતી કે તેમના દીકરા અને બેન વચ્ચે વધુ પડતી મિત્રતા છે જેઓ ને વારંવાર સમજાવતાં સમજતા નથી. તેથી તાત્કાલીક અભયમ ટીમ ગોધરા એ સ્થળ પર પહોંચી માસી અને ભાણા ના પવિત્ર સબંધ વિષ સમજ આપતાં તેઓ ને પોતાની ભૂલ સમજાઈ હતી અને હવે પછી ક્યારે આવા સબંધ રાખીસું નહીં જેની ખાત્રી આપતાં પરિવાર ને રાહત થઈ હતી અને અભયમ ટીમ નો આભાર માન્યો હતો.

કાશીબેન (નામ બદલેલ છે) વિધવા થતા દીકરાને લઈ પિયરમા રહેવા આવ્યા હતા જ્યાં પિતરાઈ બહેન કે જે દીકરાની માસી થતા હતા તેઓ એકબીજા સાથે સંપર્ક મા આવ્યા હતા અને સમય જતા મિત્રતા ગાઢ બની હતી. લગ્ન કરવાના ઈરાદે બને ઘર છોડી કોઈને કહ્યા વગર નીકળી ગયા હતા. જોકે પરિવારને આ સબંધ મજુર ના હોવાના કારણે બંનેને શોધી લાવી ગામમાં પાછા લાવાવમાં આવ્યા હતા. જ્યાં બંનેએ જણાવ્યું હતુ કે તેઓ લગ્ન કરવા ઈચ્છે છે, પરિવારે આ બાબતે તેમને ખુબ સમજાવેલ કે તેઓ સબંધમાં માસી ભાણા થાય છે આ લગ્ન કરવા શક્ય નથી, પરંતુ બને પોતાની જીદ પકડી રાખી હતી. જેથી કાશીબેને મદદ માટે અભયમ મહિલામા કોલ કરી મદદ માંગી હતી. અભયમે સમજાવ્યુ હતુ કે તમે આવેશમા આવી આગળ વધી રહ્યા છો તે યોગ્ય નથી અને બંન્ને પરિવારના સબંધો પણ બગડશે આમ અસરકારક રીતે સમજાવતાં તેઓને પોતાની ભૂલ નું અહેસાસ થયો હતો.

ધાર્મિક-સામાજિક પ્રસંગોમાં ૧૦૦ વ્યક્તિની મંજૂરી અપાઈ છે ત્યારે

શેરીઓમાં સોશિયલ ડિસ્ટન્સિંગ સાથે નવરાત્રિની પરવાનગી આપવા માગ

જો મંજૂરી ન અપાય તો પાક.ની નવરાત્રિમાં જવા દેવા અરજ

વડોદરા, તા.૨૮

રાજ્ય સરકારે ધાર્મિક, સામાજિક અને રાજકીય મેળાવડા કે પ્રસંગો માટે ૧૦૦ વ્યક્તિઓની મંજૂરી આપવામાં આવી છે ત્યારે મંદિર, પોળો, શેરીઓમાં ગરબા રમતી ૨૫-૫૦ ફુંવારિયાઓ, ખેલૈયાઓને પરવાનગી આપવા માગણી કરાઈ છે, નહીં તો પાકિસ્તાનમાં યોજાતી નવરાત્રિમાં જવાની પરવાનગી આપો તેવી માગ કરાઈ છે.

કરણીસેનાના અરવિંદ સિંધાએ કલેકટરને આપેલા આવેદનપત્રમાં જણાવ્યું છે કે, ગુજરાત હાઈકોર્ટમાં પીઆઈએલ કરી હતી, જે અંગે હાઈકોર્ટે આ અંગે સરકાર નિર્ણય કરશે તેવું સૂચન કર્યું હતું. આ સંદર્ભે સરકારમાં રજૂઆત કરજો તેમ કહ્યું હતું. તેથી પીઆઈએલ પરત ખેંચી હતી. અનલૉક-૪માં ૧૦૦ વ્યક્તિઓના ધાર્મિક, રાજકીય તેમજ લગ્નપ્રસંગને મંજૂરી આપવામાં આવી છે તેમજ હાલમાં જ બિહારમાં ચૂંટણીને પણ મંજૂરી આપવામાં આવી છે. મોટા ગરબા આયોજકોએ ગરબા મહોત્સવને રદ કર્યો છે તે બરાબર છે પરંતુ અનેક માતાજીની આસ્થા ધરાવતા ભક્તો મંદિર, પોળો, શેરીઓમાં ગરબામાં ૨૦-૨૫ ગરબા ગાતી ફુંવારિયાઓ, ખેલૈયાઓને સોશિયલ ડિસ્ટન્સિંગ, માસ્ક સાથે ગરબા રમવાની મંજૂરી આપવા તેમજ રાજપૂત કરણીસેના, મહાકાલ સેનાના સભ્યોને ઘડિયાળી પોળ માતાજીના મંદિરે પુરુષોના ગરબા યોજાય છે તે ગરબામાં રાત્રે બે કલાક ગરબા રમવા મંજૂરી આપવામાં આવે તેવી માગ કરી છે. જો ગરબા રમવાની મંજૂરી આપવામાં નહીં આવે તો પાકિસ્તાનના કરાંચીમાં ઉજવાતા ગરબા મહોત્સવમાં અને શક્તિપીઠ હિંગળાજ માતાજીના મંદિરે ૫૦ સભ્યોને જવા મંજૂરી આપવામાં આવે તેવી માગ કરી છે.

બરોડા ક્રિકેટ એસોસિએશનની ૮૦મી વાર્ષિક બેઠક યોજાઈ:રાજ્ય સરકાર રસ્તો બનાવી આપશે

બીસીએ દ્વારા કોટંબી ખાતે નવું સ્ટેડિયમ તૈયાર થશે

બીસીસીઆઈએ વધુ ૨૩.૭૬ કરોડ બીસીએને આપ્યા:૧૦૦ કરોડથી વધુ લેવાની બાકી રકમ અંગે ચર્ચા

વડોદરા, તા.૨૮

બરોડા ક્રિકેટ એસોસિયેશનની ૮૦મી એજીએમ આજે મળી હતી. જેમાં વડોદરા નજીક કોટંબી પાસે બની રહેલ સ્ટેડિયમની કામગીરી આગામી એક-દોઢ વર્ષમાં પૂરી કરવા અને બીસીસીઆઈ પાસેથી બીસીએને ૧૦૦ કરોડથી વધુ લેવાની બાકી રકમ અંગે ચર્ચા થઈ હતી.

આ અંગે બીસીએની મીડિયા કમિટીના ચેરમેન સત્યજિત ગાયકવાડે જણાવ્યું હતું કે, ક્રિકેટ સ્ટેડિયમ માટે બીસીએ દ્વારા ગુજરાત સરકાર સાથે એમઓયુ કર્યું છે જેમાં ગુજરાત સરકારે સ્ટેડિયમ સુધી ૧૫ મી. પહોળો રસ્તો બનાવી આપવાની ખાતરી આપી હતી, જે કામગીરી ટૂંકસમયમાં શરૂ થશે. આગામી એક વર્ષમાં સ્ટેડિયમની કામગીરી પૂર્ણ કરવાનો લક્ષ્યાંક છે જેથી આગામી વર્ષે આઈપીએલની મેચ વડોદરાને મળી શકે. તેમણે ઉમેર્યું હતું કે આજે મળેલી ૮૩મી એજીએમમાં એપેક્ષ કાઉન્સિલે મંજૂર કરેલા વર્ષ ૨૦૧૯-૨૦ના ઓડિટેડ હિસાબો, વર્ષ ૨૦૨૦-૨૧ માટે ઓડિટરની નિમણૂક અને ઓમ્બુસ્ડમન એન્ડ એથીક્સ ઓફિસરની નિમણૂક એમ ત્રણ કામો સભ્યોના કન્સન્સ લેવા માટે રજૂ કરાયા હતા. જેના ઉપર સભ્યો પોસ્ટલ બેલેટથી મતદાન કરશે. આવતીકાલે સાંજે ફરી બીસીસીએની બેઠક મળશે જેમાં વોટિંગ જાહેર કરવામાં આવશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, નવી કમિટીએ સત્તાના સૂત્રો સંભાળ્યા બાદ આજે એક વર્ષ પૂરું થઈ રહ્યું છે. એક વર્ષમાં તમામ પેન્ડિંગ એજીએમ પૂરી કરી છે. અગાઉ પાંચ પેન્ડિંગ એજીએમ પૂર્ણ કરી હિસાબો બીસીસીઆઈને મોકલવામાં આવતાં એક વર્ષમાં પર કરોડ જેટલી રકમ બીસીસીઆઈમાંથી મળે છે. જ્યારે રૂા.૧૧.૮૭ કરોડ જેટલી રકમ ઈન્કમટેક્સ રિફંડ પેટે મળી છે. આ ઉપરાંત બીસીસીઆઈમાંથી રૂા.૧૦૦ કરોડ જેટલી પેન્ડિંગ ગ્રાન્ટ પૈકીની રકમમાંથી કેટલીક રકમ વર્ષ ૨૦૧૯-૨૦ના હિસાબો મોકલાયા બાદ મળશે. સરકારની મંજૂરી બાદ આગામી એક-દોઢ મહિનામાં ક્રિકેટિંગ એક્ટિવિટી પણ ફરી પૂર્વવત્ શરૂ થશે એમ તેમણે કહ્યું હતું. બીસીસીઆઈએ આજે બીસીએની વધુ ૨૩.૭૬ કરોડની ગ્રાન્ટ મંજૂર કરતાં બીસીએએ એક વર્ષમાં રૂા.૭૫ કરોડની રકમ મળી છે.

એજીએમ પર મનાઈહુકમ આપવા અરજી નામંજૂર કરાઈ

બીસીએની આજે મળેલી એજીએમ સંદર્ભે બીસીએના સભ્ય જતીન વકીલે કામચલાઉ મનાઈહુકમ આપવા અને મિટિંગ પાછી ઠેલવા ચેરિટી કમિશનરને કરેલી અરજી સંદર્ભે બીસીએમાં ઓમ્બુડસમેનની નિમણૂક નામદાર સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન મુજબ કરવાથી મિટિંગ થયા પછી તકરારનો નિર્ણય કરી શકાય તેમ છે. સામાન્ય સભા મુલતવી રાખવાથી એસોસિયેશનના બંધારણ મુજબ પ્રવૃત્તિઓ કરવા અગવડતા ઊભી થાય અને એપેક્ષ કાઉન્સિલની મળેલી બહાલી મુજબ ગ્રાન્ટ મેળવવા અગવડતા ઊભી થાય મિટિંગ સંપન્ન થવાથી એમ્બુયડસમેનની નિમણૂક થવાથી અરજદારોના આક્ષેપો પ્રશ્નનું નિરાકરણ ઓમ્બુડસમેન દ્વારા કરી શકાય તેમ છે જેથી કામચલાઉ મનાઈહુકમ આપવાની અરજી નામંજૂર કરી હતી.

સંક્ષિપ્ત સમાચાર

એમ.જી. રોડ રણછોડરાયજીની હવેલીમાં મનોરથ દર્શન

વડોદરા : માંડવીના એમ.જી. રોડ રણછોડરાયજીની હવેલીમાં તા.૨૯ને મંગળવારે મંગળા કેસર સ્નાન, સવારે ૬.૩૦ કલાકે રાજભોગ : રથયાત્ર, શ્રૃંગાર સવારે ૯.૩૦ કલાકે, અને રાજ ભોદ સવારે ૧૧.૩૦ કલાકે શયન : ફૂલના ઘટામાં હિંડોળા દર્શન થશે.

માંજલપુરના વ્રજધામમાં શ્વેત વનના મનોરથ દર્શન

વડોદરા : વ્રજધામ આધ્યાત્મિક સંકુલમાં શ્વેત વનના મનોરથ દર્શન નો લાભ ભાવિકોએ લીધો હતો.

વ્રજધામ સંકુલમાં મનોરથ દર્શન

વડોદરા : વ્રજધામ આધ્યાત્મિક સંકુલમાં પુ. શ્રી વ્રજરાજકુમારજીના સાનીધ્યમાં તા.૨૯ને મંગળવારે સાંજે ૭ કલાકે મોર કુટીરના મનોરથ દર્શન થશે.

વ્રજધામ સંકુલમાં ગરીબોને અનાજ કિટ અપાઈ

વડોદરા : માંજલપુરના વ્રજધામ સંકુલમાં વૃદ્ધોને અનાજ કિટ અને બાળકોને શિક્ષણ સહાયનું વિતરણ વૈષ્ણવાચાર્યે કર્યું હતું.

પાલિકામાં કર્મચારીઓના સમાવેશ મામલે વહાલા-દવલાની નીતિ કરાયાનો આક્ષેપ

સફાઈ સેવકોના હક પત્રોમાં શાસકો દ્વારા ઘાલમેલ થયાના કર્મચારી સંઘના આક્ષેપો

વડોદરા,તા.૨૮

વડોદરા મહાનગર પાલિકા દ્વારા તાજેતરમાં ૭૨૦ દિવસની હાજરી પૂર્ણ કરનાર સફાઈ સેવકોને હકપત્રો આપીને રોજંદારીમાં લેવામાં આવ્યા હતા. પરંતુ જેઓને આ પાત્રો અપાયા હતા. એમાં વ્યવહાર કરી શકનારાઓને જ આપવામાં આવ્યા હોવાના તંત્ર અને શાસકો સામે આક્ષેપ થયા હતા.

જેને સમર્થન આપતા ગુજરાત સફાઇ કામદાર મહામંડળના પ્રમુખ જગદીશ સોલંકી અને વાલ્મિકી સમાજ આગેવાન હસમુખભાઈએ જણાવ્યું હતું કે, વડોદરા મહાનગર પાલિકા દ્વારા તાજેતરમાં ૮૯૦ કર્મચારીઓને રોજમદારી કર્મચારી તરીકે સમાવેશ કરવામાં આવ્યા છે. જ્યારે અન્ય ૩૬૪ કર્મચારીઓનો સમાવેશ ન થતા વડોદરા સફાઈ કામદાર સયુંકત ટ્રેડ યુનિયન દ્વારા મ્યુનિસિપલ કમિશનર સ્વરૂપ.પી.ને આવેદનપત્ર પાઠવી આ નિમણૂકોમાં વ્હાલા દવલાની નીતિ અખત્યાર કરવામાં આવી હોવાના આક્ષેપો કર્યા હતા.

વડોદરા સફાઈ કામદાર સંયુક્ત ટ્રેડ યુનિયન દ્વારા મ્યુનિસિપલ કમિશનર સ્વરૂપ પીને પાઠવેલા આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, તાજેતરમાં વડોદરા પાલિકામાં ફરજ બજાવતા ૧૨૫૪ માનવદિન અને કરાર આધારીત કામદાર કર્મચારીઓને ઉચ્ચક ફરજ પર લેવાનો કરાર કરવામાં આવ્યો હતો. જેમાંથી માત્ર ૮૯૦ કર્મચારીઓને જ રોજમદાર તરીકે રાખવામાં આવ્યા છે. જ્યારે બાકીના ૩૬૪ કર્મચારીઓને રોજમદારીનો લાભ મળી શક્યો નથી. આ ઘટનામાં મહાનગર પાલિકાના ઉચ્ચ અધિકારીઓએ વહાલા-દવલાની નીતિ અપનાવી છે. જેથી આ અંગે તપાસ થવી જોઈએ અને બાકી રહેલા કર્મચારીઓને ન્યાય મળે એવી તાત્કાલિકલ વ્યવસ્થા ગોઠવવાને માટે હુકમ કરવામાં આવે એવી માગ કરી છે.

શહીદ ભગતસિંહના જન્મદિનની ઉજવણી | ન્યાયમંદિર નજીક પ્રસ્થાપિત શહીદ ભગતસિંહની પ્રતિમા પાસે યુવા એકતાદળ દ્વારા ભગતસિંહના જન્મદિવસ નિમિત્તે કેક કાપી ઉજ્વણી કરવામાં આવી હતી.

વડોદરામાંથી નવી શાળાઓ શરૂ કરવા માટેની ૪ અરજી ફગાવાઈ

વડોદરા,તા.૨૮

શૈક્ષણિક સત્ર ૨૦૨૦-૨૧ માટે વડોદરા શહેર-જિલ્લામાં નવી સેકન્ડરી અને હાયર સેકન્ડરી શાળાઓ શરુ કરવા માટે ૬ ટ્રસ્ટો દ્વારા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ પાસે પરવાનગી માંગવામાં આવી હતી. જે પૈકી બોર્ડ દ્વારા બે સેકન્ડરી અને બે હાયર સેકન્ડરી શાળાઓની અરજી બોર્ડ દ્વારા ફગાવવામાં આવી હતી. જ્યારે, વડોદરા જિલ્લાના ડભોઇ અને કરજણમાં બે શાળાઓની અરજીને પ્રોવિઝનલ મંજૂરી આપવામાં આવી છે.

દર વર્ષે નવું શૈક્ષણિક સત્ર શરુ થાય તે અગાઉ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા નવી શાળાઓ શરુ કરવા માટેની અરજી મંગાવવામાં આવતી હોય છે. અરજી સાથે શાળાઓ દ્વારા રજુ કરવામાં આવતી માહિતીને ધ્યાનમાં રાખીને બોર્ડ દ્વારા અરજીને મંજુર અથવા તો નામંજૂર કરવામાં આવતી હોય છે. ચાલુ વર્ષે કોરોના મહામારી વચ્ચે પણ રાજ્યભરમાં નવી સેકન્ડરી અને હાયર સેકન્ડરી શાળાઓ શરુ કરવા માટે કરાયેલી ૨૦૦થી વધુ અરજીઓ પૈકી વડોદરા શહેર-જિલ્લામાંથી કુલ ૬ અરજીઓ કરવામાં આવી હતી. જે પૈકી મિમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દિવાળીપુરા રોડ ખાતે નેશનલ પબ્લિક સ્કુલ, અંબિકા ફાઉન્ડેશન દ્વારા કારેલીબાગ પાણીની ટાંકી રોડ ખાતે ધનંજય અંબાલાલ પટેલ સ્કુલમાં માધ્યમિક વિભાગ શરુ કરવાની અરજીઓ બોર્ડ દ્વારા ફગાવવામાં આવી હતી. જ્યારે, ડભોઇ ખાતેના કોલેજ કેમ્પસમાં ઉચ્ચતર માધ્યમિક વિભાગની શાળા શરુ કરવા માટે વડોદરા જિલ્લા કેળવણી ટ્રસ્ટ દ્વારા કરવામાં આવેલી અરજી અને તાંદલજા સ્થિત દારુલ ઉલુમ કેમ્પસમાં ઉચ્ચતર માધ્યમિક વિભાગ શરુ કરવાની અરજી બોર્ડ દ્વારા ફગાવવામાં આવી હતી. આ ઉપરાંત નોબલ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા કરજણ ડભોઇ રોડ પર નોબલ પબ્લિક સ્કૂલમાં ગુજરાતી માધ્યમમાં સામાન્ય પ્રવાહ અને અંગ્રેજી માધ્યમમાં વિજ્ઞાન પ્રવાહ શરુ કરવા માટેની અરજીને બોર્ડ દ્વારા પ્રોવિઝનલ મંજૂરી આપવામાં આવી હતી. જ્યારે, કરજણ ખાતે ફૈઝ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ન્યુ રેઝ સ્કુલ માટે કરવામાં આવેલી અરજીને પણ બોર્ડ દ્વારા પ્રોવિઝનલ મંજૂરી આપવામાં આવી હતી.

ગુજરાતી વિષયની પરીક્ષામાં ૪૭ માંથી ૪૫ હાજર રહ્યા

ધો.૧૨ સામાન્ય પ્રવાહની પૂરક પરીક્ષાના પ્રથમ દિવસે ૧૯૩ વિદ્યાર્થીઓ ગેરહાજર

વડોદરા,તા. ૨૮

આજથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં એક કે બે વિષયમાં નાપાસ થયા હોય એવા વિદ્યાર્થીઓ માટે પૂરક પરીક્ષાઓ શરુ થઇ છે. વડોદરાના કુલ ૯ કેન્દ્રો પર લેવામાં આવેલી આ પરીક્ષા માટે આજે નોંધાયેલા ૧૭૬૮ વિદ્યાર્થીઓ પૈકી ૧૫૭૫ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. જ્યારે, ૧૯૩ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા.

માર્ચ મહિનામાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલી બોર્ડની પરીક્ષાઓ પૈકી ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓ માટે આજથી પૂરક પરીક્ષાઓ શરુ થઇ હતી. અગાઉ સામાન્ય પ્રવાહમાં માત્ર એક વિષયમાં નાપાસ થયા હોય એવા વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા લેવામાં આવતી હતી. જોકે, કોરોનાને કારણે આ વર્ષે એક વિષયની સાથે સાથે બે વિષયમાં નાપસ થયા હોય એવા વિદ્યાર્થીઓની પણ પરીક્ષા યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આજથી શરુ થયેલી પૂરક પરીક્ષા ૧૦ ઓક્ટોબર સુધી ચાલનાર છે. જેના માટે વડોદરા શહેરમાં કુલ ૯ કેન્દ્રો ખાતે ૧૮૦ બ્લોક્સની ફાળવણી કરવામાં આવી છે.

આજે પરીક્ષાના પ્રથમ દિવસે સવારના સમયે ભૂગોળ વિષયની પરીક્ષા માટે નોંધાયેલા ૮૮ વિદ્યાર્થીઓ પૈકી ૭૪ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. જ્યારબાદ યોજાયેલી ગુજરાતી વિષયની પરીક્ષામાં ૪૭ માંથી ૪૫ અને અંગ્રેજીમાં નોંધાયેલા ૧૬૩૩ વિદ્યાર્થીઓ પૈકી ૧૪૫૬ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આમ, આજના દિવસ માટે નોંધાયેલા કુલ ૧૭૬૮ વિદ્યાર્થીઓ પૈકી ૧૫૭૫ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. જ્યારે, ૧૯૩ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હોવાનું જાણવા મળ્યું છે.

આ તમામ કેન્દ્રો પર કોવિડ-૧૯ની ગાઇડલાઇન પ્રમાણે વિદ્યાર્થીઓ અને કેન્દ્રના કર્મચારીઓને પ્રવેશ આપતી વખતે ફરજીયાત સૅનેટાઇઝેશન અને થર્મલ ગન વડે ટેમ્પરેચર ચેક કરવામાં આવ્યા હતા. જ્યારે, કેન્દ્રની અંદર વિદ્યાર્થીઓમાં સોશિયલ ડિસ્ટન્સીન્ગનું પાલન થાય તે મુજબની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ ઉપરાંત વર્ગખંડોને પરીક્ષા અગાઉ અને પરીક્ષા બાદ એમ બે વખત સૅનેટાઇઝ પણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

આંગણવાડીની કર્મચારી મહિલા સાથે ૩૮ હજારની ઠગાઈ

વડોદરા, તા.૨૮

સાવલીના ગોઠડા ખાતે જમાદાર ફળિયામાં રહેતા યાસ્મીનબાનુ સૈયદ ગોઠડા આંગણવાડીની કાર્યકર તરીકે ફરજ બજાવે છ અને તેમનું સાવલીની બેન્ક ઓફ બરોડામાં ખાતુ છે. ગત ૨૬મી તારીખના સવારે તેમના ભાઈના મોબાઈલ પર એક ગઠિયાએ રાકેશ શર્માના નામે ફોન કર્યો હતો અને તે બેંક ઓફ બરોડાની હેડ ઓફિસમાંથી બોલે છે તેમ કહી તમારુ એટીએમ કાર્ડ એક્ટિવ કરવાનું છે તેમ કહીને ટીમ વ્યુઅર ક્વીકસપોર્ટ નામે એપ્લીકેશન ડાઉનલોડ કરાવી હતી. તેમાં એક આઈડી નંબર આવતા તે ગઠિયાએ મેળવ્યો હતો અને એટીએમ કાર્ડ મોબાઈલ ફોનની આગળ રાખી સ્કેન કરાવી ગઠિયાએ થોડી જ વારમાં કુલ પાંચ ટ્રાન્જેકશન કરીને યાસ્મીનબાનુના ખાતામાંથી ૪૮,૯૩૨ રૂપિયા ઉપાડી લીધા હતા. તેમણે અજાણ્યા ગઠિયા વિરુધ્ધ ફરિયાદ નોંધાવી હતી.

સંક્ષિપ્ત સમાચાર

ઓરસંગમાં ગેરકાયદે રેતી ખનન રોકવા સાંસદની રજૂઆત

છોટાઉદેપુર : છોટાઉદેપુર જિલ્લો ૮૦ ટકા આદિવાસી જિલ્લો છે. વડોદરા જિલ્લા માંથી છૂટો પડેલ સંપૂર્ણ કુદરતી સંપત્તિ છોટાઉદેપુર જિલ્લો હક્ક ધરાવે છે..મધ્ય પ્રદેશમાંથી નીકળીને છોટાઉદેપુર જિલ્લાના મધ્ય ભાગ માંથી પસાર થતી ઓરસંગ નદી આવેલ છે..જેના બન્ને કાંઠે ખેડૂત ભાઈઓ અને આદિવાસી ગામો વસેલા છે.. જિલ્લામાં કુલ છ તાલુકા અને એક નગરપાલિકા આવેલ છે. આ તમામ તાલુકામાં કુદરતી સંપત્તિ આવેલ છે.. અહીંની ગરીબ આદિવાસી પ્રજા ખેતી પર નિર્ભર છે. મૂળ બાપ દાદાના સમયથી ચાલતી આવેલ ખેતી આધારિત રોજગારી અને ખેતી મજૂરી મેળવી જીવન ગુજારી રહ્યાં છે. છોટાઉદેપુર જીલ્લામાં કુદરતી સંપત્તિનો ભંડાર ગણી શકાય એમાની કુદરતી સંપત્તિ સફેદ રેતીનું ખૂબ મોટા પ્રમાણમાં ખનન થઈ રહ્યું છે. જિલ્લા બહારના બિન આદિવાસી અને રાજકીય વગ ધરાવતા લોકો ભોળી આદિવાસી પ્રજાને લોબ લાલચ આપીને ખેત ખલિયાનમાં રેત ખનન કરતા ખેતીના ઉત્પાદન માં નુકસાન કરે છે..સાથે સાથે બહારના માણસો આવતા જિલ્લામાં ગુનાખોરીનું પ્રમાણ વધી રહ્યુ છે. દેશનાં વડા પ્રધાન ૨૦૨૨ સુધીમાં ખેડૂતો ની આવક બમણી થાય તેના માટે પ્રયાસ કરી રહ્યા છે જેના માટે ગુજરાતની વર્તમાન સરકાર પણ પ્રયત્ન શીલ હોય છે તેવા સમયે છોટાઉદેપુર જિલ્લામાં ખેડૂતો કુદરતી આપતિનો સામનો કરી રહ્યા છે. રેત ખનના કારણે ખેતી લાયક જમીનને ભારે નુકશાન થઈ રહ્યું છે.

છોટાઉદેપુરમાં અપહરણના ગુનાનો આરોપી ઝડપાયો

છોટાઉદેપુર : અપહરણના ગુન્હાના કામના ખારોપી નામે દિનેશાભાઈ ભયલાલભાઈ નાયક રહે પારીયાધાટા તા જાંબુઘોડા જી પંચમહાલ ના મોરબી જીલ્લા ખાતે રહેતા હોવાની હકિકત મળેલ હોય, જે બાતમી આધારે તાત્કાલિક પોલીસ સ્ટાફના માણસો રોકવી આપવામાં આવેલ જે આરોપી દિનેશભાઈ ભયલાલભાઈ નાયકા રહે, ધારીયાધાટા તા જાંબુઘોડા જી.પંચમહાલ નાખીને મોરબી થી પકડી પાડવામાં આવેલ છે. જે આરોપી વિરૂધ્ધ અત્રેના છોટાઉદેપુર પોલીસ સ્ટેશન ખાતે ઉપર મુજબનો ગુન્હો દાખલ કરવામાં આવેલ છે. જે આરોપીને પકડી પાડી હાલ કોરોન્ટાઈન કરવામાં આવેલ છે અને આરોપીને કોરોના ટેસ્ટ કરાવી આગળની કાર્યવાહી કરવામાં આવેલ છે.

છોટાઉદેપુરના પૂર્વ તાલુકા પ્રમુખ અરવિંદ રાઠવા કોંગ્રેસમાં જોડાયા

છોટાઉદેપુર : છોટાઉદેપુર તાલુકા ભાજપ ના પૂર્વ અધ્યક્ષ અરવિંદભાઈ રાઠવા તેમના પત્ની અને પૂર્વ જિલ્લા પંચાયતના સદસ્ય ભારતીબેન સહીત ટેકેદારો સાથે ભાજપને રામરામ કરી રાજ્યસભા સાંસદ નારણભાઈ રાઠવા અને ધારાસભ્ય મોહનસિંહ રાઠવા ની હાજરીમાં કોંગ્રેસ માં જોડાયા હતા. ધારાસભ્ય મોહનસિંહ રાઠવા ને ૨૦૧૯ ના શ્રેષ્ઠ ધારાસભ્ય નો એવોર્ડ મળતા છોટાઉદેપુર ખાતે નારાયણ સ્કૂલ ખાતે સન્માન સંભારંભ યોજવામાં આવ્યો હતો. આ અવસરે ભાજપ ના પૂર્વ તાલુકા પ્રમુખ તેમના પત્ની અને ટેકેદારો સહીત કોંગ્રેસમાં જોડાતા તમામે તેમને આવકાર્યા હતા.

જંગલની જમીનના સનદ ધરાવનારને સરકારના લાભ આપવા નર્મદા જિલ્લાના ખેડુતોની માંગ

તાલુકા તેમજ જિલ્લા પંચાયતની ચૂંટણીનો બહિષ્કાર કરવા આદિવાસીઓની ચીમકી

અંતરિયાળ વિસ્તારમાં રહેતા ખેડૂતો અલગતાનો અનુભવ કરતા હોવાની તંત્ર સમક્ષ રાવ

રાજપીપળા, તા.૨૮

ડેડીયાપાડા તાલુકાના ૮ ગામોના આદિવાસીઓ જંગલની જમીન સરકારે રેવન્યુમાં તબદીલ ન કરી હોવાથી રોષે ભરાયા હતા અને જિલ્લા કલેકટર સમક્ષ રજૂઆત કરવા આવી પહોંચ્યા હતા, અને જો એ માંગણી પુરી નહિ થાય તો ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરી સાથે સાથે તાલુકા-જિલ્લા પંચાયત ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી આપી હતી.

ગુજરાત નર્મદા ઝોન સરપંચ પરિષદ પ્રમુખ નિરંજન વસાવા, નર્મદા જિલ્લા પંચાયત કારોબારી ચેરમેન બહાદુર ભાઈ વસાવા સહિત ડેડીયાપાડા તાલુકાના કમોદવાવ, શેરવાઈ, કલતર, ગોલવાણ, ખોડાઆંબા, ઓલગામ, કાંટીપાણી, આંબાવાડી ગામના મોટી સંખ્યામાં આદિવાસી ખેડૂતો નર્મદા જિલ્લા કલેકટર કચેરી ખાતે પોતાની માંગોને લઈને આવી પહોંચ્યા હતા. એમણે રજૂઆત કરતા જણાવ્યું હતું કે અમારા બાપ દાદાના સમયથી અમે જંગલ ખાતાની જમીન ખેડી પાક લેતા આવ્યા છે.જેમાં જંગલ ખાતાને પણ કોઈ પ્રકારનો વાંધો નથી.પરંતુ આ ૮ ગામના ખેડુતો પાસે સનદ હોવા છંતા તે જમીન રેવન્યુમાં તબદીલ થયેલ નથી.સરકારના નિયમોનુસાર અને ધારા ધોરણ મુજબ સરકારની યોજના માત્ર રેવન્યુ જમીન ધરાવતા ખેડુતોને જ આપવામાં આવે છે. જયારે અમે ૮ ગામના તદ્દન ગરીબ અને ઊંડાણ અંતરિયાળ વિસ્તારમાં રહેતા સનદી ખેડુતોને સરકારનો લાભ મળતો ન હોવાથી ભારે અન્યાય થાય છે.જેને કારણે ઘર આંગણાના આ ખેડૂતો સામાજીક અલગતાનો અનુભવ કરી રહ્યા છે.

સરકારની આ નીતિ અમારા ૮ ગામોના ખેડૂતો માટે અન્યાય કર્તા સમાન છે.અમારી માંગ એવી છે કે અમને પણ સરકારી યોજનાઓનો લાભ મળવો જોઈએ અને જો એમ શક્ય ન હોય તો સનદ ધરાવનારા ખેડુતોની જમીન રેવન્યુમાં તબદીલ કરવા સરકારે કાર્યવાહી કરવી જોઈએ.જો અમારી માંગ નહી સ્વીકારાય અને અમારા ખેડૂતોને ન્યાય નહી મળે તો અમારે ના છુટકે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે.

અન્ય વાહનોની અવરજવર ન હોવાથી જાનહાની નહીં

ગોંદરીયા ગામે ટ્રક ખાડામાં ખાબકી ડ્રાઈવર તેમજ કંડક્ટર ભાગી છુટ્યા

છોટાઉદેપુર, તા.૨૮

પાનવડ છોટાઉદેપુર જતાં રસ્તામાં આવતા ગોંદરીયા ગામના જંગલમાં રાજકોટ તરફથી આવતી લીલા નારીયેલ ભરેલી ટ્રક ઊંડા ખાડામાં ખાબકી હતી. ગતરાત્રે લીલા નારીયલ ભરેલી ટ્રક રાજકોટ તરફથી ભરીને છોટાઉદેપુર જતી હતી એ દરમિયાન ડ્રાઈવરે પોતાના સ્ટેરીંગ ઉપરનો કાબુ ગુમાવતા આ ગોંદરીયા ગામના જંગલમાં રોડની સાઈડ પરના ઊંડા ખાડામાં પલટી ખવાડી દઈ ડ્રાઈવર, કંડેક્ટર બંને ભાગી છૂટયા હતા. સદનસીબે સાંજનો સમય હોય બીજી ગાડીઓની અવરજવર નહિવત હતી જેના કારણે બહુ મોટો અકસ્માત થતા બચવા પામ્યો હતો કારણકે અહીંયા પાનવડ થી છોટાઉદેપુર પ્રાઈવેટ તેમજ સરકારી એસટી બસો પેસેન્જરો ભરીને અવરજવર કરતી હોય છે જો આ જ અકસ્માત દિવસમાં થયો હોત અને સામેથી કોઈ પેસેન્જર ભરેલું વાહન આવતું હોત તો ઘણી મોટી હોનારત થવા પામતી એવું જણાવી આવ્યું હતું..

એક શખ્સ ઝડપાયો:ચાર ફરાર થતાં તપાસ શરૂ

ભરૂચના ભઠીયારવાડમાં ગૌવંશનું કતલ કરતા પાંચ શખ્સ સામે ફરીયાદ

ભરૂચ, તા.૨૮

ભરૂચના ભઠીયારવાડ કમેલા ખાતે કેટલાક ઈસમો ગેરકાયદેસર ગૌવંશનું કટિંગ કરી રહ્યા હોવાની જાણ ભરૂચ બી ડિવિઝન પોલીસ મથકને કન્ટ્રોલ રૂમ ઉપરથી ટેલીફોનીક વર્ધી મળતા પી.એસ.આઈ સહિત પોલીસના માણસો ઘટના સ્થળે પહોંચતા કતલ કરતા ઈસમોમાં નાસભાગ મચી જવા પામી હતી.આ દરમ્યાન ૧ ઈસમ ઝડપાઈ જતા તેની પૂછપરછ કરતા અન્ય ૪ ઈસમોના નામ આપતા ૫ ઈસમો વિરુદ્ધ બી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધવામાં આવી હતી.

૨૭મી સપ્ટેમ્બરના રોજ પોલીસને વર્ધી મળી હતી કે ભરૂચના ભઠીયારવાડ,ખાતકીવાડ કમેલામાં કેટલાક ઈસમો ગાયો તથા બળદોનું કટિંગ કરી રહ્યા છે.જેના આધારે બી ડિવિઝન પોલીસ ઘટના સ્થળે તાત્કાલીક પહોંચવા માટે આદેશ મળતા તેઓ પોલીસ માણસો સહિત પંચો સાથે ઘટના સ્થળે પહોંચ્યા હતા. તે દરમ્યાન કેટલાક ઈસમો પશુઓનું કતલ કરી રહ્યા હોવાનું જણાતા રેડ ઈસમોને પકડવા જતા નંદભાગ મચી જવા પામી હતી.તે દરમ્યાન પોલીસના હાથે એક ઈસમ ઝડપાઈ જતા તેનું નામઠામ પુછતા ટી તેનું નામ અશરફ અનવર કુરેશી રહે,સફરીપાર્ક,મદીના પાર્ક પાસેનો હોવાનું જણાવ્યું હતું અને ઘટના સ્થળેથી ૪ ઈસમો ભાગી છૂટવામાં સફળ થયા હતા.પોલીસે ઘટના સ્થળે જોતા કમેલામાં એક ગૌવંશ અર્ધ કપાયેલ જણાવતા વેટરનરી ડોક્ટરને ઘટના સ્થળે બોલાવાયા હતા અને તેઓએ ચકાસણી કરી પાંચ સેમ્પલ પશુના વિવિધ ભાગોના નમૂના લઈ સ્થળ ઉપર પડેલ ગૌવંશનો યોગ્ય નિકાલ કરવામાં આવ્યો હતો. પોલીસે ઘટના સ્થળેથી લોખંડના બ્લેડવાળી ૨ કુહાડી, લોખંડના બ્લેડવાળી ૨ ધારદાર છડી,લોખંડના બ્લેડવાળો ૧ છરો,હથિયારો ધસવા માટેના ૨ કાનસ મળી આવતા પોલીસે કબ્જે લીધા હતા. પોલીસના હાથે ઝડપાયેલ અસરફ અનવર કુરેશીની વધુ પૂછપરછ કરતા ઘટના સ્થળેથી નાસી છૂટવામાં સફળ થયેલા અલ્લારખા ગુલામ રસુલ કુરેશી,હનીફ અનવર કુરેશી,અસ્લમ સફી કુરેશી અને અનવર કુરેશીના તમામ રહે,ભઠીયારવાડ નાઓ સામે પોલીસે ગુનો નોંધ્યો હતો.

નર્મદા જિલ્લામાં મેઘરાજાનો વિરામ

રાજપીપળા, તા.૨૮

નર્મદા જિલ્લામાં સોમવારે કોઈપણ તાલુકામાં વરસાદ બિલકુલ નોંધાયો ન હોવાના અહેવાલ નર્મદા જિલ્લા પૂર નિયંત્રણ કક્ષ તરફથી પ્રાપ્ત થયાં છે. જિલ્લામાં ચાલુ વર્ષના મોસમના કુલ વરસાદની આજદિન સુધીની પરિસ્થિતિ જોઈએ તો દેડીયાપાડા તાલુકો-૨૦૪૧ મિ.મિ. વરસાદ સાથે જિલ્લામાં મોખરાનાં સ્થાને રહ્યો છે. જ્યારે સાગબારા તાલુકો-૧૫૧૭ મિ.મિ. સાથે દ્વિતિય સ્થાને, તિલકવાડા તાલુકો-૧૦૩૩ મિ.મિ.સાથે તૃતિય સ્થાને, નાંદોદ તાલુકો-૧૦૩૦ મિ.મિ. સાથે ચોથા ક્રમે અને ગરૂડેશ્વર તાલુકો-૮૭૦ મિ.મિ. વરસાદ સાથે પાંચમા સ્થાને રહેવા પામ્યો છે. જિલ્લાના વિવિધ ડેમોની સપાટીની પરિસ્થિતિ જોઈએ તો, નર્મદા ડેમ-૧૩૬.૫૮ મીટર, કરજણ ડેમ-૧૧૪.૭૮ મીટર, નાના કાકડીઆંબા ડેમ- ૧૮૭.૭૩ મીટર અને ચોપડવાવ ડેમ- ૧૮૭.૪૨ મીટરની સપાટી રહેવા પામી છે, જ્યારે નર્મદા નદીનું ગરૂડેશ્વર પાસેનું ગેજ લેવલ-૧૮.૫૫ મીટર છે.

ટેન્ડર બહાર પાડવામાં વિવિધ નિયમોનો અમલ ન કર્યો

ટેન્ડર પ્રક્રિયા મુદ્દે છોટાઉદેપુર પાલિકા દ્વારા હાઈકોર્ટના આદેશનું ઉલ્લંઘન

સરકારની ગાઇડલાઇન પ્રમાણે જ ભાવ નક્કી થાય છે:પાલિકા

છોટાઉદેપુર, તા.૨૮

ગુજરાત સરકાર દ્વારા ઠરાવ ક્રમાંક એસપીઓ-૧૦૨૦૧૫-૬૯૧૦૯૩ -ચ તારીખ ૦૩/૦૬/૨૦૧૬ થી ગુજરાત રાજ્ય ખરીદનીતિ મંજુર કરી તેનો અમલ કર્યો છે. ત્યારબાદ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને આ ખરીદનીતિ ની જોગવાઈઓની વિરુદ્ધ જઈ ને બેન્ડેજ રોલ તેમજ એડહેસિવ પ્લાસ્ટર રોલ ની ખરીદી માટે નું ટેન્ડર બહાર પાડ્યું હતું. જેમાં વેપારી ને અન્યાય થતા ટેન્ડર હાઈકોર્ટ માં પડકારવામાં આવ્યું હતું.

હાઈકોર્ટે ચુકાદો આપ્યો હતો કે વિભાગો એ ખરીદી અને ટેન્ડર પ્રક્રિયા માટે ઠરાવ ક્રમાંક એસપીઓ-૧૦૨૦૧૫-૬૯૧૦૯૩ -ચ તારીખ ૦૩/૦૬/૨૦૧૬ થી ગુજરાત રાજ્ય ની ખરીદનીતિ મુજબ અમલ કરવા નો રહેશે. હાઈકોર્ટ ના આ જજમેન્ટ ના અનુસંધાને રાજ્ય ના ઉદ્યોગ અને ખાણ વિભાગે પરિપત્ર ક્રમાંક ખરદ -૧૦૨૦૧૭-૨૫૪૯-ચ તારીખ ૨૪/૦૪/૨૦૧૮ થી રાજ્ય ની તમામ સ્થાનિક સ્વરાજ્ય ની સંસ્થા ઓ માટે તેમજ સ્થાનિક સત્તામંડળો માટે ગુજરાત રાજ્ય ની ખરીદનીતિ ૨૦૧૬ સાથે સુસંગત હોય તેવી ખરીદનીતિ મધ્યસ્થ સરંજામ ખરીદ અધિકારી શ્રી ની કચેરી ના પરામર્શ માં રહી ને તૈયાર કરવાની સૂચના આપવામાં આવી છે. આ પરિપત્ર ને બે વર્ષ કરતા વધારે સમય થયો છે. નગર ના એક જાગૃત નાગરિકે સરકાર ની ગુજરાત રાજ્ય ખરીદનીતિ અંગે સૂચના ઓ ના અમલ માટે છોટાઉદેપુર પાલિકા એ શું કામગીરી કરી છે તેની માહિતી આરટીઆઈ હેઠળ માંગી હતી. પાલિકા એ લેખિત જવાબ માં સ્પષ્ટપણે જણાવ્યું છે કે પાલિકા દ્વારા ઠરાવ કરવામાં આવેલ નથી. બીજીબાજુ પાલિકા જણાવે છે કે તેઓ સરકાર ની ગાઈડલાઈન પ્રમાણે ભાવો મંજુર કરીએ છીએ.

રોજના અકસ્માતની ઘટનાથી વાહનચાલકોના હાડકા ભાંગવાનો વારો

નેત્રંગના રસ્તા પર ખાડાથી બચવા માટે વાહનચાલકોએ ટ્રેક્ટરના ટાયર મુક્યા

નેત્રંગ, ૨૮

નેત્રંગના રસ્તા પર બે-બે ફુટ ઉંડા ખાડાથી બચવા વાહનચાલકોએ ટ્રેક્ટરના ટાયર મુક્યા હતા.ાંનેત્રંગ તાલુકાની સીમમાંથી પસાર થતાં અંકલેશ્વર-બુરહાનપુર અને અંબાજી-ઉમરગામ બંને રાષ્ટ્રીય ધોરીમાર્ગનું વરસાદી પાણીના કારણે ભારે ધોવાણ થયું છે. જેમાં મુખ્યત્વે નેત્રંગથી રાજપીપળાને જોડતા રસ્તા ઉપર બે-બે ફુટ જેટલા ઉંડા ખાડા પડી ગયા છે. આ રસ્તા ઉપર એકમાત્ર સીએનજી પંપ આવેલ હોવાથી ગેસ ભરાવા જાય છે. વિશ્વની સૌથી ઉંચી સરદાર પટેલની પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી આવેલ હોવાથી દ.ગુજરાતમાંથી વાહનચાલકો હજારોની સંખ્યામાં રાતદિવસ પસાર થાય છે.

વરસાદી પાણીથી ભારે ધોવાણ અને બે-બે ફુટ ઉંડા ખાડા પડતા મામુલી ગફલતના કારણે રોજેરોજ અકસ્માતો સર્જાતા વાહનચાલકોના હાડકા ભાંગતા જીવના જોખમે પસાસ થવા મજબુર બન્યા છે. પરંતુ કમનસીબે માર્ગ-મકાન વિભાગના જવાબદાર અધિકારીઓને રસ્તાના ખાડા પુરવામાં રસ નથી. રોજરોજની અકસ્માતની ઘટનાઓથી અધિકારીઓ ખુશ થઈ રહ્યા છે. તેવા સંજોગોમાં રસ્તામાં પડેલા ખાડાથી બચવા વાહનચાલકો-સ્થાનિક રહીશોએ ટ્રેક્ટરના ટાયર મુકવાની ફરજ પડી છે. પરંતુ અધિકારીઓનું પેટનું પાણી ફલતું નથી. જાણે કંઈજ પડી નથી. તેવું સ્પષ્ટપણે જણાઈ રહ્યું છે.

મસમોટા ખાડા પડવાથી હકીકક્ષાના મટીરીયલનો ઉપયોગ કરીને રસ્તાના નિર્માણની કામગીરીમાં ભ્રષ્ટાચારના અહેવાલ મળ્યા છે. જવાબદાર કોન્ટ્રાક્ટર સામે કડકહાથે કાર્યવાહીની સખત જરૂરીયાત જણાઈ રહી છે અને તાત્કાલિક ધોરણે માર્ગ-મકાન વિભાગના જવાબદાર અધિકારીઓ કુંભકર્ણની નિદ્રા અવસ્થામાંથી જાગી રસ્તામાં પડેલા ખાડાને પુરીને સમારકામ કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે.

અંકલેશ્વરના બંધ મકાનમાં રૂપિયા ૭૯૦૦૦ ની ચોરી

અંકલેશ્વર, તા.૨૮

અંકલેશ્વર ના સુરવાડી ગામ પાસે આવેલ રઘુવીરનગર માં તસ્કરો એ એક બંધ મકાન માંથી રોકડ રકમ અને દાગીના ની ચોરી કરી ફરાર થઇ ગયા હતા.૫

ોલીસ સૂત્રીય માહિતી મુજબ અંકલેશ્વર તાલુકા ના સુરવાડી ગામ નજીક આવેલ રઘુવીરનગર માં મકાન નંબર ૪૯ માં રહેતા મોહનભાઇ રાંડે પોતાનું મકાન બંધ કરી પરિવાર સાથે બહાર ગામ ગયા હતા.તે દરમ્યાન તસ્કરો એ તેમના મકાન ને નિશાન બનાવી દરવાજા નો નકુચો તોડી ઘરમાં પ્રવેશ્યા હતા. અને કબાટ તોડી તે માંથી રોકડા રૂપિયા ૬૦૦૦૦ અને રૂપિયા ૧૯૦૦૦ ના સોના ચાંદી ના દાગીના મળી કુલ ૭૯૦૦૦ ના માલમત્તા ની ચોરી કરી ફરાર થઇ ગયા હતા.આ ચોરી અંગે મોહનભાઇ રાંડે એ શહેર પોલીસ મથક માં ફરિયાદ નોંધાવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ચોરો પોલીસને દિવસે દિવસે ચેલેન્જ આપી રહ્યા છે.

કાર છોડી ચાલક ફરાર થતાં તપાસ

વાઘોડિયાના કામરોલ ગામ પાસે કારની ટક્કરે બાઈક ચાલકનું મોત

વાઘોડિયા, તા.૨૮

વાઘોડિયા વડોદરા - હાલોલરોડ પર કામરોલ તરફ જવાના રોડપાસે ગણેશપુરાના બાઈકચાલક યુવાનને કારે ટક્કર મારતા ઘટના સ્થળે બાઈક ચાલકનુ મોત નિપજ્યુ હતુ. કાર છોડી ચાલક ફરાર થઈ ગયો હતો. વાઘોડિયા પોલીસ મથકે ફરીયાદિ પિતા મહેશભાઈ હિમ્મતભાઈ વસાવા રહે. ગણેશપુરા, વસાવા ફળીયુ નવીનગરીનાઓએ ફરીઆદ નોંધાવી હતી કે તેવોના એકના એક પુત્ર રાહુલભાઈ મહેશભાઈ વસાવા ઊ. વર્ષ ૨૦ નાઓ ગત સાંજે ૭ વાગ્યાની આસપાસ પોતાનું બજાજ કંપનીનું પલ્સર બાઈક લઈ જતા હતા ત્યારે કામરોલ તરફ જવાના રોડપાસે એક અમદાવાદના પાસિંગ વાડી હુંડાઈ કંપનીની વર્ના ગાડીના ચાલકે બે ફિકરાઈ ભરી રીતે હંકારી સ્ટેરીંગપરનો કાબુ ગુમાવી રાહુલની મોટર સાઈકલ સાથે અકસ્માત સર્જ્યો હતો. અકસ્માત સર્જાતા આસપાસના લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. જેથી વર્નાકાર ચાલક લોકમારથી બચવા પોતાની કાર ઘટના સ્થળે છોડી ભાગી ગયો હતો.

અકસ્માત મા બાઈક સાથે પટકાયેલ રાહુલના હેલમેટના ટુકડે ટુકડા થઈ ગયા હતાં. રાહુલને માથાના ભાગે ગંભીર ઈજાઓના કારણે ઘટના સ્થળે વધુ પ્રમાણમા લોહી વહી જતાં ત્યાનેત્યાંજ સ્થળ પર મોતને ભેટ્યો હતો. અકસ્માત અંગેની જાણ રાહુલના પરિવારને થતા ઘટનાસ્થળે આવી પહોંચતા રોકકડ મચતાં વાતાવરણમા ભારે ગમગીની ફેલાઈ હતી. સંતાનમા પુત્ર અને પુત્રી બે જણનો નાનો પરિવાર હતો. જેમા પિતાએ જવાનજોધ પુત્ર ગુમાવ્યો હતો તો બેની ભાઈ. વાઘોડિયા પોલીસ મથકના જરોદ ઓપીના પોલીસ ઘટનાસ્થળે પહોંચી ફરાર હુંડાઈની વર્નાકાર ચાલક સામે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી છે.

ધંધો ઠપ | ખાણ અને ખનીજ વિભાગની હેરાનગતિથી : સાંસદ ગીતાબેન રાઠવા સમક્ષ રજૂઆત

છોટાઉદેપુરમાં ડોલોમાઈટ ઉદ્યોગ હડતાળ પર

પથ્થરના ઢગલાનું વજન માપવા માટે કોઇ જ વૈજ્ઞાનિક પદ્ધતિ ન હોવાથી ફેક્ટરી માલિકોને ફટકો

છોટાઉદેપુર,તા.૨૮

બે દિવસ પહેલા ખાણખનીજની વિજિલન્સ અને ફલાયિંગ સ્કવોડ ની અનેક ટિમો એ છોટાઉદેપુર ની ડોલોમાઈટ ઈન્ડસ્ટ્રી માં અચાનક રેડ કરી તપાસ આદરી હતી.અનિયમિત આકાર તેમજ જુદી જુદી ઘનતા ના ડોલોમાઈટ પથ્થર ના ઢગલા ઓ નું વજન માપવાં ની કોઈ સાયન્ટિફિક મેથડ ના હોવા છતાં તપાસના બહાને ફેકટરી માલિકો ને નોટિસો આપવામાં આવી હતી અને પથ્થર નો વપરાશ નહિ કરવાની સૂચના આપવામાં આવી હતી જેથી મજબુર થયેલા ફેક્ટરી માલિકો માટે ઉત્પાદન બંધ કરી હડતાળ પાડવા સિવાય અન્ય કોઈ વિકલ્પ રહ્યો ન હતો.

છોટાઉદેપુર મિનરલ મર્ચન્ટ એસોસિએશન છોટાઉદેપુર સંસદ સભ્ય ગીતાબેન રાઠવાને પત્ર આપી રૂબરૂ રજુઆત કરવામાં આવી હતી. આ અંગે સાંસદ ગીતાબેન રાઠવા સમક્ષ રજૂઆત કરતા સાંસદે વેપારીઓને જણાવ્યું હતું કે આ અંગે હું ગાંધીનગર ખાતે રજૂઆત કરીશ. અને શક્ય તેટલી જલ્દી આ અંગે નિકાલ લાવવા પ્રયત્ન કરીશ કોરોના ની આ મહામારી ના સમય માં ભયાનક મંદી ના દોર માંથી પસાર થઈ રહેલી ડોલોમાઈટ ઈન્ડસ્ટ્રી માંડ ત્રીસ ચાલીસ ટકા કેપેસીટી સાથે ચાલે છે. આઝાદી ના સિત્તેર વર્ષો પછી પણ પછાત ગણાતા છોટાઉદેપુર માં રોજગારી માટે અન્ય કોઈ ઉદ્યોગો નો વિકાસ થયો નથી. છોટાઉદેપુર તાલુકા માં છેલ્લા અનેક વર્ષો થી રોજગારી આપતો એકમાત્ર ઉદ્યોગ એટલે ડોલોમાઈટ ઈન્ડસ્ટ્રી કહી શકાય. દુ:ખ ની વાત છે કે સરકારો એ આ ડોલોમાઈટ ઈન્ડસ્ટ્રી ના વિકાસ માટે કોઈ ખાસ કામ કર્યું નથી કેવળ હેરાનગતિ અને કનડગત જોવા મળે છે.સ્થાનિક પ્રજાના પ્રતિનિધિઓ એ પણ ઉદ્યોગની સમસ્યા ઓ બાબત રસ કેળવી તેના ઉકેલ માટે કોઈ ગંભીર પ્રયત્નો કર્યા નથી,.બહાર થી બે ચાર વર્ષ ની નોકરી માં આવતા અધિકારીઓ ને ઉદ્યોગ ની પ્રગતિ કે રોજગારી ના વિકાસ માં કોઈ રસ નથી.

છોટાઉદેપુરના ડોલોમાઈટ ઉદ્યોગની સીધી હરીફાઈ મધ્યપ્રદેશ અને રાજસ્થાન ના ઉદ્યોગ સાથે છે.ડોલોમાઈટ નો ઘણો મોટો ઉપયોગ ગુજરાત ના અન્ય ઉદ્યોગો માં ફિલર તરીકે થાય છે.આ ઉદ્યોગો ને રાજસ્થાન થી ડોલોમાઈટ મંગાવવા નું પોષાય છે પણ ગુજરાત ના જ છોટાઉદેપુર નો ડોલોમાઈટ પોષાતો નથી તે આ ઉદ્યોગ ની કરુણતા છે.જો કે તેની પાછળ ગુજરાત સરકાર ની નીતિઓ જવાબદાર છે.મધ્યપ્રદેશ અને રાજસ્થાન ની સરકારો પોતાના ઉદ્યોગ ને રક્ષણ અને પ્રોત્સાહન આપે છે તેના વિકાસ આડે આવતા અવરોધો ને દૂર કરે છે.

રાજપીપળામાં 'મારો જિલ્લો બાળ લગ્ન મુક્ત જિલ્લો' વેબીનાર યોજાયો

નર્મદા જિલ્લો બાળલગ્ન મુક્ત બનાવવા રાજ્ય સરકાર પ્રયત્નશીલ : એસ.વી રાઠોડ

રાજપીપળા,તા.૨૮

હાલમાં ૨૦૨૦ના માસમાં થઈ રહેલી પોષણ માહની ઉજવણી અંતર્ગત આજે રાજપીપલા ખાતે જિ. બાળલગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી એસ.વી.રાઠોડનાં અધ્યક્ષપદે "મારો જિલ્લો બાળલગ્ન મુક્ત જિલ્લો" વેબીનાર યોજાયો હતો.

વેબીનારમાં દેશમા, રાજ્યમા, અને નર્મદા જિલ્લામાં બાળલગ્નની પરિસ્થિતિ અને પ્રમાણ, તેમજ ભારતમા બાળલગ્ન સાથે સંકળાયેલા વિવિધ કાયદાઓ, તેની જોગવાઈઓ, બાળલગ્નની આડ અસરો, તેના ગેરફાયદા વગેરે વિશે બાળલગ્ન પ્રતિબંધક અધિકારી એસ. વી. રાઠોડે વિસ્તુત જાણકારી સાથે માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતું. આ વેબીનારમા ગૃહ વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ, બાળકો સાથે કામ કરતી અગ્રણ્ય સ્વેચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિ, સામાજીક આગેવાનો, વગેરે થઈને, કુલ ૬૦ થી વધુ લોકો જોડાયા હતા. આ વેબીનારમાં એસ. વી. રાઠોડે તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે, નર્મદા જિલ્લો બાળલગ્ન જિલ્લો બાળલગ્ન મુક્ત બને તે માટે બાળલગ્ન પ્રતિબંધક અધિકારીની કચેરી-નર્મદા અને જિલ્લા બાળ સુરક્ષા એકમ-નર્મદા દ્વારા પ્રચાર-પ્રસારની વિવિધ કામગીરી હાથ ધરાઈ હતી.

શહેરમાં કોરોનાનો પગપેસારો ફેલાતો અટકાવવા એ.એમ.સી.નો મોટો નિર્ણય

અમદાવાદમાં ૨૭ વિસ્તારોમાં રાત્રે ૧૦ વાગ્યા બાદ તાળાબંધી

અમદાવાદ શહેરનાં એસ.જી. હાઇવે, પ્રહલાદનગર, સિંધુભવન રોડ સહિત ૨૭ વિસ્તારોમાં દુકાનો રાતે ૧૦ પછી બંધ : ફક્ત મેડિકલની દુકાનો જ ખૂલ્લી રહેશે

અમદાવાદ,તા.૨૮

અમદાવાદ શહેરમાં કોરોના વાયરસના પગપેસારાને ફેલાતો અટકાવવા માટે ઓફિસર ઓન સ્પેશિયલ ડ્યૂટી ડૉ.રાજીવ ગુપ્તા દ્વારા મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણય મુજબ અમદાવાદ શહેરના ૨૭ વિસ્તારોમાં રાત્ર ૧૦ વાગ્યા પછી કોઈ પણ દુકાન ખુલ્લી નહીં રહે જેમાં દવાની દુકાનો અપવાદ છે.

અમદાવાદમાં કેફે અને રેસ્ટોરાંના એ.પી. સેન્ટર ગણાતા આ રંગીલા વિસ્તારોમાં યુવાનોના ટોળાઓ જામતા હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી હતી અને તેના કારણે કોરોનાના કેસો વધી રહ્યા છે.જોકે, વધુ શહેરમાં પરિસ્થિતિ વધુ વણસે તે પહેલાં ડો. રાજીવ ગુપ્તાએ એક જોતા લૉકડાઉનનો એક નિયમ પકડીને તેને લાગુ કરી દીધો છે. દેશમાં અનલૉક ૫.૦૦ લાગુ થાય તે પહેલાં અમદાવાદ શહેરમાં રાત્રે આ વિસ્તારોમાં ભીડ એકઠી ન કરવા દેવાની કવાયત શરૂ કરવામાં આવી છે. સોમવારના રોજ બહાર પાડેલા એક આદેશમાં ડૉ. રાજીવ ગુપ્તાએ જેતે વિસ્તારોના નામ પણ જાહેર કરી દીધા છે.

સોમવારના રોજ સાબરમતી રીવરફ્રન્ટ ખાતે આવેલી કચેરીમાં યોજાયેલી બેઠકમાં મહાનગર પાલિકાના કમિશનર મુકેશ કુમાર અને જુદા જુદા પદાધિકારીઓની હાજરીમાં ડૉ.રાજીવ ગુપ્તાએ આ નિર્ણય કર્યો છે. જેમાં કોવિડની ગાઇડલાઇન ભંગ થતી હોવાના કારણે આ વિસ્તારોમાં દુકાનો બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આજથી પાંચ દિવસ પહેલા પણ ડો.રાજીવ ગુપ્તાએ આ આ અંગે સંકેત આપતા કહ્યું હતું કે, અમદાવાદ શહેરમાં જાણવા મળ્યું છે કે કેટલાક લોકો જાહેરમાં માસ્ક પહેરવાનું ટાળે છે અથવા તો ખોટી રીતે માસ્ક પહેરે છે અને સોશિયલ ડિસ્ટન્સિગનો પણ ભંગ કરતા હોવાનું અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ધ્યાનમાં આવ્યું છે.

શહેરમાં ખાસ કરીને સિંધુ ભવન રોડ, પ્રહલાદનગર, એસ.જી.હાઈવે અને રિંગ રોડ પર સાંજે યુવાનોના મોટા ટોળા દેખાય છે. માસ્ક વગર અને સોશિયલ ડિસ્ટન્સિગનો ભંગ કરતા આ યુવાનોને ખાસ અપીલ કરવામાં આવી છે કે, તેમના ઘરમાં રહેતા તેમના માતા-પિતા અને બીજા વયોવૃદ્ધ લોકોની સલામતી માટે માસ્ક પહેરે અને મોટા ગ્રુપમાં સોશિયલ ડિસ્ટન્સિગને જાળવે અને સાથે ગ્રુપમાં ખાવાનું પણ ટાળે. કોરોનાને અટકાવવા માટે યુવા વર્ગનો સહકાર ખૂબ જ આવશ્યક છે. અમદાવાદના બધા શહેરીજનો માસ્ક પહેરે અને સોશિયલ ડિસ્ટન્સિગ જાળવે જેથી કોરોના સંક્રમણને ફેલાતા અમે અટકાવી શકીએ.

આ વિસ્તારોમાં રાત્રે ૧૦ વાગ્યા બાદ દુકાનો બંધ રહેશે

- પ્રહલાદનગર રોડ
- YMCAથી કાકે દા ઢાબા (કર્ણાવતી ક્લબ રોડ)
- બુટભવાની મંદિરથી આનંદનગર રોડ
- પ્રહલાદનગર ગાર્ડનથી પેલેડિયમ સર્કલ (કોર્પોરેટ રોડ)
- એસજી હાઈવે
- ઈસ્કોન ક્રોસ રોડથી શપથ ૪-૫ સર્વિસ રોડ
- સિંધુ ભવન રોડ
- બોપલ-આંબલી રોડ
- ઈસ્કોનથી બોપલ-આંબલી રોડ
- ઈસ્કોન-આંબલી રોડથી હેબતપુર રોડ વચ્ચેનો વિસ્તાર
- સાયન્સ સિટી રોડ
- શીલજ સર્કલથી સાયન્સ સિટી સર્કલ સુધી ૨૦૦ ફૂટના એસપી રિંગ રોડ ઉપર
- આંબલી સર્કલથી વૈષ્ણોદેવી સર્કલ સુધી ૨૦૦ ફૂટના એસપી રિંગ રોડ પર
- સીજી રોડ
- લો ગોર્ડન (ચાર રસ્તા-હેપી સ્ટ્રીટ, મ્યુનિસિપલ માર્કેટ, પંચવટી સર્કલ)
- વસ્ત્રાપુર તળાવના ફરતે
- માનસી સર્કલથી ડ્રાઈવ-ઈન રોડ
- ડ્રાઈવ ઈન રોડ
- ઓનેસ્ટથી શ્યામલ ક્રોસ રોડ (પ્રહલાદનગર ૧૦૦ ફૂટ રોડ)
- શ્યામલ બ્રિજથી જીવરાજ ક્રોસ રોડ
- બળિયાદેવ મંદિરથી જીવરાજ ક્રોસ રોડ
- IIM રોડ
- શિવરંજનીથી જોધપુર ક્રોસ રોડ (BRTS કોરિડોરની બંને બાજુ)
- રોયલ અકબર ટાવર પાસે
- સોનલ સિનેમા રોડથી અંબર ટાવરથી વિશાલા સર્કલ
- સરખેજ રોઝા-કેડિલા સર્કલ-ઉજાલા સર્કલ
- સાણંદ ક્રોસ રોડ-શાંતિપુરા ક્રોસ રોડ

અમદાવાદ શહેરમાં કોરોનાથી વેપારીઓને ૧૦૦ કરોડનું નુકસાન

ગાંધીનગર,તા.૨૮

નવરાત્રિમાં આમ તો ગલી હોય કે મહોલ્લા રોશનીથી ઝગમગતા હોય છે. પણ આ વર્ષે કોરનાએ નવરાત્રિની રોનકને ફિક્કી પાડી છે. અને તેની સીધી અસર ઈલક્ટ્રોનિક માર્કેટ પર પડી છે. નવરાત્રીમાં વિવિધ લાઈટ્સ, બલ્બ તેમજ અન્ય ઈલેક્ટ્રોનિક આઈટમની ખરીદી થતી હોય છે. કોરોનાનાં કારણે ગુજરાતના વેપારીઓની સંખ્યા નહિવત થતા રિલીફ રોડ અને ગાંધીરોડ પર આવેલ ઈલેક્ટ્રોનિક માર્કેટમાં અત્યારે મંદીનો માહોલ પ્રવર્તી રહ્યો છે. રિલીફ રોડ અને ગાંધી રોડ પર આવેલ ઈલેક્ટ્રોનિક માર્કેટ હંમેશા ગ્રાહકોથી ધમધમતું હોય છે. નવરાત્રી આવતા વેપારી ખુશખુશાલ જોવા મળતા હોય છે. આ વખતે પરિસ્થિતિ કોરોનાનાં કારણે અલગ છે. નવરાત્રી પહેલા થતી ખરીદીમાં ઘટાડો નોંધાયો છે તેની અસર રિલીફ અને ગાંધી રોડ પર આવેલી ૩ હજાર દુકાન પર પડી છે.

અમદાવાદના પ્રખ્યાત સિંધુભવન રોડ પર પબ્લિક ભેગી થતાં

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ફૂડ કોર્ટ સહિત સાત રેસ્ટોરન્ટ અને કેફે સીલ

ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરે કામનું જાતે જ નિરીક્ષણ કર્યું

અમદાવાદ,તા.૨૮

લોકડાઉનના સમયમાં કોરોનાનાં એક કેસ સામે આવતાં પણ લોકોમાં ફફડાટ ફેલાયો હતો. પણ અનલોકનાં તબક્કામાં હજાર કેસો સામે આવ્યા બાદ પણ આજે લોકોમાં એ પહેલાં જેવો ફફડાટ નથી.

કોરોના જ ન હોય તે રીતે લોકો માર્કેટ સહિતની જગ્યાઓએ ટહેલી રહ્યા છે. તેવામાં અમદાવાદમાં તંત્ર રવિવારની રજાને લઈ સાબદુ બન્યું હતું. અમદાવાદના પ્રખ્યાત સિંધુભવન રોડ પર પબ્લિક ભેગી થતાં ફૂડ કોર્ટ સહિતના કેફે સીલ મારવામાં આવ્યા હતા. રવિવારની રજામાં અમદાવાદી યંગસ્ટર્સ એસબીઆર તરીકે જાણીતાં સિંધુભવન રોડ પરના કેફેમાં

અડ્ડો જમાવતાં હોય છે. પણ અમદાવાદમાં કોરોનાનું સંક્રમણ વધવાને કારણે એએમસી પણ સક્રિય થઈને ચેકિંગ હાથ ધર્યું હતું. જેમાં સિંધુભવન રોડ પર લોકો માસ્ક વગર દેખાતાં કોર્પોરેશનની ટીમ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી હતી. એસબીઆર પાસેનું એસબીઆર ફૂડ કોર્ટ, દેવરાજ ફાર્મ, બીસ્મિલ્લા ફાસ્ટફૂડ, ધ પુટનીર સીલ કોવિડ ગાઈડલાઈનના ભંગ બદલ સીલ કરવામાં આવ્યા હતા. અહીં લોકો માસ્ક વગર દેખાતા કાર્યવાહી કરવામાં આવી હતી. આ ઉપરાંત ગોતા પાસેની હોટલ માલવા સીલ કરાઈ હતી. જ્યારે વસ્ત્રાપુર લેક પાસે દંડ વસૂલવાની કામગીરી કરવામાં આવી હતી. ખુદ કોર્પોરેશનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરે કામનું નિરીક્ષણ કર્યું હતું.

કેન્દ્ર સરકારે કૃષિ અને ખેડૂત વિરોધી ૩ બિલ મંજૂર કર્યા હોવાનો આક્ષેપ

ગાંધીનગરમાં કોંગ્રેસનું વિરોધ પ્રદર્શન સોશ્યલ ડિસ્ટન્સના લીરેલીરા ઉડ્યા

પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, પરેશ ધાનાણી સહિતના નેતાઓની અટકાયત

ગાંધીનગર,તા.૨૮

કેન્દ્ર સરકારે કૃષિ અને ખેડૂત વિરોધી ૩ બિલ મંજૂર કર્યા હોવાના આક્ષેપ સાથે ગાંધીનગર ખાતે પ્રદેશ કોંગ્રેસ દ્વારા આજે ન્યાય કૂચનું આયોજન કરવામાં આવ્યું છે. વડોદરા શહેર કોંગ્રેસના અગ્રણીઓ અને કાર્યકરો ગાંધીનગર ખાતે ન્યાય કૂચમાં ભાગ લેવા જાય તે પહેલા જ પોલીસે ૨૫ જેટલા કાર્યકરોની ધરપકડ કરી હતી. જેમાં વડોદરામાં રહેતી દીકરીને મળવા માટે મહીસાગર જિલ્લા કોંગ્રેસ પ્રમુખની પણ પોલીસે અટકાયત કરી હતી. કોંગ્રેસ અગ્રણીઓએ પોલીસની કામગીરીને લોકશાહીની હત્યા ગણાવી હતી. ગુજરાત પ્રદેશ પ્રમુખ

અમિત ચાવડાની આગેવાનીમાં કોંગી કાર્યકરોએ વિધાનસભા પરિસર સામે સરદાર પટેલની પ્રતિમા પાસેથી રાજભવન સુધી કૂચ કરવામાં આવી હતી. આ વિરોધ પ્રદર્શનમાં મોટી સંખ્યામાં કોંગી કાર્યકરો જોડાયા હતા. રાજભવન સુધી કૂચ કરે તે પહેલાં જ પોલીસે અમિત ચાવડા અને પરેશ ધાનાણી સહિત કોંગ્રેસી કાર્યકરોની અટકાયત કરી લીધી હતી. પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા અને વિપક્ષ નેતા પરેશ ધાનાણીએ નવા કૃષિ બિલને લઈને સરકાર પર આકરાં પ્રહાર કર્યા હતા અને બંને નેતાઓએ સરકારને ખેડૂત વિરોધી ગણાવી હતી. અમિત ચાવડાએ કહ્યું કે, સરકાર ખેડૂતોનો અવાજ દબાવે છે. ખેડૂતોની રોજગારી છીનવવાનો સરકારનો પ્રયાસ છે. ભાજપ ખેડૂત વિરોધી પાર્ટી છે. મંજૂરી વગર કોંગ્રેસ દ્વારા પ્રદર્શન કરવામાં આવતાં પોલીસ દ્વારા કોંગ્રેસ નેતાઓની અટકાયત કરવામાં આવી હતી.આ સમયે કોંગી કાર્યકરો અને પોલીસ વચ્ચે ઘર્ષણ પણ સર્જાયું હતું. પોલીસે કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા અને વિપક્ષ નેતા પરેશ ધાનાણીની અટકાયકત કરી હતી. સાયલન્ટ ઝોનમાં મંજૂરી ન હોવાથી પોલીસે અટકાયતની કાર્યવાહી હાથ ધરી હતી.

૩૧ ઓક્ટોબર સુધીમાં વાલીઓ ૬ માસની ફી ભરે તો જ ૨૫ ટકા માફી

અમદાવાદ,તા.૨૮

અમદાવાદની અગ્રણી ૪૦ સ્કૂલોના એસોસિએશન ઓફ પ્રોગ્રેસીવ સ્કૂલદ્વારા ફી માફી મુદ્દે સરકાર સમક્ષ પોતાનો અભિપ્રાય આપ્યો છે. જેમાં દરેક વાલી ૩૧ ઓક્ટોબર સુધીમાં બાકીના ૬ મહિનાની ફી ભરી દે તો જ ૨૫ ટકા ફી માફી આપવાની તૈયારી દર્શાવી છે. સંચાલકોએ શરતી ફોર્મ્યુલા આપીને સરકાર પર દબાણ ઊભું કરવા પ્રયાસ કર્યો છે. ફી માફી મુદ્દે હજુ પણ સંચાલકો, વાલી મંડળ અને સરકાર વચ્ચે કોમન ફોર્મુલા તૈયાર થઈ નથી. શહેરની જાણીતી સ્કૂલોના સંગઠન દ્વારા ફી નક્કી કરવા મુદ્દે સરકારને પોતાનો પત્ર મોકલ્યો હતો. જેમાં વાલીઓ સમયસર અને નક્કી કરેલા સમયે તમામ ફી ચુકવે તો ફીમાં રાહત આપવાની તૈયારી દર્શાવી હતી. આ લાભ માત્ર સમય મર્યાદામાં પુરી ભરનાર વાલીઓને જ મળશે તેવી પણ સ્પષ્ટતા કરાઈ હતી. સ્કૂલો ફી માફ કરવાના બહાના હેઠળ પોતાની ફી પણ ઉઘરાવી લેવા માંગે છે. પ્રેસિડેન્ટ મનન ચોક્સીએ જણાવ્યું હતું કે, જે વાલી ૩૧ ઓક્ટોબર સુધીમાં છ મહિનાની પુરી ફી ભરી દેશે તેમની ૨૫ ટકા ફી માફ કરીશું. પરંતુ જે વાલી જુની ફી નક્કી કરેલા સમય સુધી નહીં ભરે તેને ફી માફીનો લાભ મળશે નહીં.

પેટા ચૂંટણીને લઈ કોંગ્રેસ પ્રભારી આજે ગુજરાત આવશે

અમદાવાદ,તા.૨૮

ગુજરાત કોંગ્રેસ પ્રભારી રાજીવ સાતવ આજે ગુજરાતના પ્રવાસે આવી રહ્યાં છે. કોંગ્રેસે નીમેલા ઈન્ચાર્જ સાથે રાજીવ સાતવ બેઠક કરશે અને ગુજરાત વિધાનસભાની ૮ બેઠકોની પેટા ચૂંટણી અંગે ચર્ચા કરશે. આ તમામ ૮ બેઠકો પર ઉમેદવારોની પેનલને આખરી ઓપ આપશે. ત્યારબાદ ઉમેદવારની પેનલ દિલ્હી હાઈકમાન્ડને મોકલવામાં આવશે. આજે સવારે ૧૧ કલાકે કોંગ્રેસ ભવન ખાતે વન ટુ વન બેઠક યોજાશે. ત્યારબાદ બુધવારે જિલ્લા કોંગ્રેસ સમિતિના આગેવાનો સાથે કોંગ્રેસ પ્રભારી રાજીવ સાતવ બેઠક કરશે. ગુજરાત કોંગ્રેસ દ્વારા સ્થાનિક સ્વરાજની ચૂંટણીની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. ત્યારે વર્ષના અંતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ યોજાઈ શકે છે. જેમાં ૬ મહાનગર પાલિકા, ૩૧ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણી યોજાવાની છે.



આગામી પાંચ દિવસ સુધી રાજ્યના કેટલાક વિસ્તારોમાં વરસાદની આગાહી

ગાંધીનગર,તા.૨૮

ગુજરાતમાં ચોમાસુ વિદાય લઈ રહ્યું છે ત્યારે હવામાન વિભાગે આગાહી કરી છે કે, આગામી ૫ દિવસ સુધી રાજ્યના કેટલાક વિસ્તારોમાં છૂટોછવાયો વરસાદ પડી શકે છે. રાજ્યમાં સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે. રાજ્યમાંથી ચોમાસું વિદાય લેવા તરફ છે ત્યારે રાજ્યમાં સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે. આગામી ૫ દિવસમાં સૌરાષ્ટ્ર અને કચ્છમાં વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. તમને જણાવી દઈએ કે, રાજ્યમાં અત્યાર સુધી ૧૩૪% વરસાદ પડી ચૂક્યો છે.

પંજાબ અને રાજસ્થાન તરફથી ચોમાસું પૂર્ણતા તરફ છે. નોંધનિય છે કે, કચ્છમાં આ સિઝનમાં ધોધમાર વરસાદ વરસી ચૂક્યો છે. આ ચોમાસામાં કચ્છમાં પડેલા અનરાધાર વરસાદે ગણા વર્ષોનો રેકોર્ડ તોડી નાંખ્યો છે. કચ્છમાં પડેલા અનરાધાર વરસાદના પગલે ત્યાંનું જીનજીવન પણ ખોરવાયુ હતું. આ વર્ષે ગુજરાતમાં ચોમાસુ થોડો લાંબો સમય ચાલ્યુ છે.

પ્રવેશ સમિતિએ ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ જાહેર કરી

ગુજરાત યુનિવર્સિટીમાં કોમર્સના ચાર રાઉન્ડને અંતે ૧૨,૬૩૩ બેઠકો ખાલી

મેરિટથી બેઠકો ભરવી કે ઓફલાઈન રાઉન્ડ કરવો તે મુદ્દે યુનિ. નિર્ણય કરશે

ગાંધીનગર,તા.૨૮

ગુજરાત યુનિ.દ્વારા ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત કોમર્સમાં ચાર રાઉન્ડ પૂર્ણ કરી દેવાયા છે. ચાર રાઉન્ડને અંતે હવે ૧૨,૬૩૩ બેઠકો ખાલી છે. જ્યારે ૨૮,૧૧૧ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો છે. પ્રવેશ સમિતિએ ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ જાહેર કરી છે. જ્યારે હવે ખાલી બેઠકો માટે કોલેજ લેવલે આંતરિક મેરિટથી બેઠકો ભરવી કે ઓફલાઈન રાઉન્ડ કરવો તે મુદ્દે યુનિ.નિર્ણય કરશે. બી.કોમ, બીબીએ-બીસીએ અને ઈન્ટિગ્રેટેડ એમબીએ સહિતના કોમર્સ ફેકલ્ટીના વિવિધ કોર્સની આ વર્ષે ૪૦,૭૪૪ બેઠકો સામે ૩૬ હજારથી વધુ વિદ્યાર્થી રજિસ્ટર્ડ થયા હતા. આમ પ્રવેશ પ્રક્રિયા પહેલા જ ૪ હજારથી વધુ બેઠકો ખાલી પડી હતી.યુનિ. દ્વારા એક, બે નહી પરંતુ ચાર ઓનલાઈન એડમિશન રાઉડન્ડ કરવામાં આવ્યા. ચોથા રાઉન્ડમાં માંડ ૨,૮૯૯ વિદ્યાર્થીએ જ પ્રવેશ લીધો હતો. જેમાંથી ૨,૭૯૭ વિદ્યાર્થીઓને કોલેજ ફાળવવામા આવી હતી. જેમાંથી ૧૫૦૨ વિદ્યાર્થીએ ફાળવેલી કોલેજમાં ફી ભરી પ્રવેશ કન્ફર્મ કરાવ્યો છે. જ્યારે ૧૨૯૫ વિદ્યાર્થીઓએ તેમની ચોઈસ અને મેરિટ મુજબ કોલેજ મળી છતાં ફી ભરી નથી અને પ્રવેશ કન્ફર્મ કર્યો નથી. આમ હવે ચાર રાઉન્ડના ચાર અંતે ૧૨,૬૩૩ બેઠકો ખાલી પડી છે. જેમાં સૌથી વધુ બી.કોમની છે અને બી.કોમમાં સૌથી વધુ ગુજરાતી માધ્યમની બેઠકો ખાલી છે. બીબીએ-બીસીએ સહિતના તમામ કોર્સમાં બેઠકો ખાલી છે. ચાર રાઉન્ડમાં કુલ મળીને ૨૮,૧૧૧ વિદ્યાર્થીએ પ્રવેશ મેળવી લીધો છે. ખાલી પડેલી બેઠકો હવે જે તે કોલેજોને પોતાની રીતે ભરવા આપવી કે ઓફલાઈન સેન્ટ્રલાઈઝડ રાઉન્ડ કરવો તે હજુ નક્કી નથી. કોમર્સ ડીનની અધ્યક્ષતાવાળી પ્રવેશ સમિતિએ તો ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ જાહેર કરી દીધી છે અને હવે કોઈ પણ રાઉન્ડ ન કરવાનું જાહેર કરી દીધુ છે.૧૨ સા.પ્ર.ની પુરક પરીક્ષા બાદ તેના પરિણામના આધારે હવે ખાલી બેઠકો ભરાશે.આ વર્ષે પુરકમાં વધુ વિદ્યાર્થીઓ હોવાથી કોલેજ લેવલે વધુ બેઠકો ભરાશે.

સુવિધા સામે સવાલ — રાજ્ય સરકાર દ્વારા સંચાલિત હોસ્પિટલોમાં બેડ ખાલી પરંતુ બીજી તરફ

કોવિડ-૧૯ માટેની ખાનગી હોસ્પિટલો દર્દીથી ઉભરાઈ

અમદાવાદ શહેરમાં મોટાભાગના દર્દીઓ ખાનગી હોસ્પિટલમાં સારવાર લેવાનું પસંદ કરી રહ્યા છે

અમદાવાદ,તા.૨૮

શહેરમાં કોરોના વાયરસના કેસ વધી રહ્યા છે. જેના પરિણામરુપે ખાનગી હોસ્પિટલો દર્દીઓથી ઉભરાઈ રહી છે. કેટલીક હોસ્પિટલો તો એવી છે જેમની પાસે એક બેડ પણ ખાલી નથી. બીજી તરફ સરકાર દ્વારા સંચાલિત હોસ્પિટલોમાં બેડ ખાલી છે, પરંતુ સ્થિતિને જોતા મોટાભાગના દર્દીઓ ખાનગી હોસ્પિટલમાં સારવાર લેવાનું પસંદ કરી રહ્યા છે. ગોતામાં રહેતા શ્રેય ચાવડાની (નામ બદલ્યું છે) વાત કરીએ તો, રવિવારે સાંજે એસજી રોડ પાસે આવેલી કોવિડ-૧૯ હોસ્પિટલમાં પોતાની કોરોનાથી સંક્રમિત માતા માટે આઈસીયુ બેડ શોધવા તેણે અહીંયાથી ત્યાં દોડધામ કરી હતી.

મારી માતાની તબિયત લથડતી જઈ રહી હતી અને ડોક્ટરોએ કહ્યું કે, તેને આઈસીયુ કેરની જરૂર છે. હોસ્પિટલ પાસે

આઈસીયુ બેડ ન હોવાથી અમારે તેવી હોસ્પિટલ શોધવી પડવી જ્યાં તેને દાખલ કરી શકાય', તેમ ચાવડાએ કહ્યું હતું. 'ઘણા કલાકો સુધી દોડધામ કર્યા બાદ આખરે તેને એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી. ચાવડાનો કિસ્સો જટિલ એટલા માટે હતો કારણ કે તેના પિતા પહેલાથી જ કોવિડ-૧૯ હોસ્પિટલમાં જીવન માટેની લડાઈ રહ્યા હતા.

બેડના અભાવના કારણે તેના માતા-પિતા એક જ હોસ્પિટલમાં સાથે રહી શક્યા નહીં. શહેરમાં સપ્ટેમ્બરમાં સરેરાશ ૧૫૪ કેસોની સરખામણીમાં શનિવારે અને રવિવારે અનુક્રમે ૧૭૫ અને ૧૭૮ કેસ નોંધાયા હતા. સપ્ટેમ્બર મહિનામાં શહેરમાં ૮૭ મૃત્યુ નોંધાયા હતા, જે સુરતના ૫૩ અને વડોદરાના ૩૧ કરતાં વધારે છે. આ પરિસ્થિતિનો સામનો કરનાર ચાવડા એકલો નથી, કેસોમાં વધારો થતાં ખાનગી હોસ્પિટલોમાં બેડ શોધવા તે એક અઘરુ કામ બની ગયું છે.

સરકાર દ્વારા સંચાલિત સિવિલ હોસ્પિટલ અને સોલા સિવિલ હોસ્પિટલના વહીવટદારોએ કહ્યું કે, તેમણે આવી સમસ્યાનો સામનો કર્યો નથી. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, પશ્ચિમ અમદાવાદના દર્દીઓ ખાનગી હોસ્પિટલમાં સારવારને પ્રાથમિકતા આવે છે અને કેસમાં વધારો થતાં તેની અસર હોસ્પિટલના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર જોવા મળે છે.

આંતરજ્ઞાતિય લગ્નને કોરોનાનું ગ્રહણ : રજિસ્ટ્રેશન રદ થતા યુગલોમાં રોષ

અમદાવાદ,તા.૨૮

અમદાવાદમાં રજિસ્ટ્રેશન કચેરી બંધ હોવાથી રજિસ્ટ્રેશન ફોર્મની એક મહિનાની મર્યાદા પુરી થઈ હતી. જેને લઈ દરેક યુગલને સોગંદનામું સહિત અન્ય ખર્ચના કુલ ૧ હજાર રૂપિયા ફરી ખર્ચવાના હોવાથી યુગલોમાં સરકારની નીતિ સામે રોષ જોવા મળી રહ્યો છે.જો કે, આ મામલે બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા ગાંધીનગર સુધી રજુઆત કરવામાં આવી છે કે, ખોટી રીતે રૂપિયા લેવામાં આવ્યા છે. કાયદાકીય રીતે સ્પેશિયલ મેરેજ એક્ટ હેઠળ જ્યારે કોઈ યુગલ રજિસ્ટ્રેશન કરાવે ત્યારે તેને એક મહિના બાદ ગમે ત્યારે સર્ટિફિકેટ આપી શક્યા છે. કોરોના પહેલા સ્પેશિયલ મેરેજ એકટ આંતરજ્ઞાતીય લગ્ન માટે ૬૦ યુગલોએ રજિસ્ટ્રેશન અરજી કરી હતી. કોરોનાના કારણે ચાર મહિના કચેરી બંધ રહેતા લગ્ન અટકી પડ્યા હતા.

કામધેનુ દ્વારા કેટલીક સંસ્થાઓને જોડાવાનું આમંત્રણ

ગાયના છાણથી બનાવેલા ૧૧ કરોડ દીવાથી દિવાળી કરાશે

અમદાવાદ,તા.૨૮

દિવાળી તહેવારની ઉજવણીમાં દીવા પ્રગટાવવાનું અનેરું મહત્વ છે. પ્રકાશના આ પર્વ દરમિયાન તમને ભારતમાં દરેક ઘર કે ઓફિસની બહાર દીવા જોવા મળી જશે. કેટલાક લોકો લેમ્પ કે લાઈટો દ્વારા પોતાનું ઘર ઝગમગ કરતા હોય છે. ત્યારે આ વર્ષે રાષ્ટ્રીય કામધેનુ આયોગ દિવાળી પહેલા ગાયના છાણમાંથી બનેલા ૧૧ કરોડ દીવા વેચાય તેવા પ્રયાસ કરી રહ્યું છે. આયોગ કેટલીક સંસ્થાઓ, સ્વૈચ્છિક સંગઠનો, ગૌશાળા અને મહિલાઓ માટે કામ કરતી દેશભરની સહકારી મંડળીઓના સંપર્કમાં છે અને પ્રોજેક્ટમાં શામેલ થવા કહ્યું છે. આયોગના ચેરમેન વલ્લભ કથિરીયા કહે છે, ગૌ માયા દીયા પ્રોજેક્ટમાં જોડાઈને દેશભરની મહિલાઓને રોજગારી અને આર્થિક મદદ મળશે. મહિલા ઉદ્યમીઓ, ગૌશાળા અને સેલ્ફહેલ્પ ગ્રુપો સાથે કામ કરે તેવા અમે પ્રયાસ કરીશું. બાદમાં આ મહિલાઓ તે દીવાને પોતપોતાના વિસ્તારમાં વેચી શકશે. કથિરિયા વધુમાં કહે છે, અમુક જગ્યાઓ પર ગાયના છાણમાંથી દીવા બનાવાય છે, પરંતુ દેશમાં આ પહેલીવાર હશે જ્યારે આટલા મોટા પાયે દીવાઓ બનશે. આયોગ પોતાની સાથે જોડાયેલા સંગઠનો તથા ગાયની રક્ષામાં જોડાયેલા લોકોના નેટવર્કથી આ દીવાને પ્રમોટ કરશે. ગૌ માયા દીયા પ્રોજેક્ટનું અમલીકરણ કરાવી રહેલા પુરીશ કુમાર કહે છે, આ વર્ષે ૧૧ કરોડ દીવા બનાવવાનો ટાર્ગેટ છે. અમે દરેક રાજ્યમાં વોલેન્ટિયર્સને લાઈનઅપ રાખ્યા છે. એક પરિવાર આ પ્રકારે અમુક દીવાઓને ખરીદશે. ઉલ્લેખનીય છે કે ગાયના છાણ તથા ગૌમૂત્રમાંથી હેન્ડ સેનિટાઈઝ, ફેસ માસ્ક સહિતના ઘણા પ્રોડક્ટ્સ બનાવવામાં આવે છે.

ચૂંટણીની કવાયત

પાક સરકાર દ્વારા ગિલગિટ-બાલ્ટિસ્તાનમાં હવે ૧૫ નવેમ્બરે વિ.સભાની ચૂંટણી થશે

પાછલા કેટલાંક સમયથી પાકિસ્તાને ગિલગિટ-બાલ્તિસ્તાનને લઈને જે રીતની ગતિવિધિઓ કરી રાખી છે, તે પડોશી દેશની બૌખલાહટને બતાવવા માટે કાફી છે. એ જાણતાઅજાણતા પણ ગિલગિટ-બાલ્તિસ્તાન ભારતના ક્ષેત્ર છે જેને એને એક ના એક દિવસ તો ખાલી કરવું જ પડશે.પાકિસ્તાન ત્યાં ચૂંટણી જેવી રાજનીતિક ગતિવિધિઓના અંજામ આપી રહ્યો છે. પાકિસ્તાન સરકારની તરફથી ઘોષિત કાર્યક્રમ અનુસાર ગિલગિટ-બાલ્ટિસ્તાનમાં હવે ૧૫ નવેમ્બરના વિધાનસભાની ચૂંટણી થશે.જોકે ચૂંટણીની કવાયત ઘણી પહેલ જ શરૂ થઈ ગઈ હતી. પાકિસ્તાની સુપ્રીમ કોર્ટની લીલી ઝંડી મળ્યા બાદ રાષ્ટ્રપતિએ પણ સહમતિ જતાવી દીધી હતી. પહેલા આ ચૂંટણી ૧૮ ઓગસ્ટના થનાર હતી. પરંતુ ભારતના કડક પ્રતિરોધ અને દબાણને જોતાં પાકિસ્તાને કોરોના મહામારીની આડ લેતા એનાથી કદમ પાછા લઈ લીધા હતા. પરંતુ હવે ફરીથી તે સક્રિય થઈ ગયા છે.પાકિસ્તાનના રાષ્ટ્રપતિ આરિફ અલ્બીએ સૂચના પર સહી કરી ગિલગિટમાં ચૂંટણી કરવાનો રસ્તો સાફ કરી દીધો છે.પરંતુ સાથે જ આ કદમ એક વિવાદની તરફ હવા આપનાર છે. પાકિસ્તાનની આ હરકત ભારતને ઉકસાવનારી છે.પરંતુ ગિલગિત બાલ્ટિસ્તાનને આ મુદ્દા પર ભારતનું વલણ હંમેશાથી સ્પષ્ટ રહ્યું છે કે આ ક્ષેત્ર લદાખમાં પડનાર ભાગમાં સામેલ છે અને ભારતના અભિન્ન ભાગ છે. પાકિસ્તાન આ વિસ્તારમાં ભલે કબ્જો જમાવીને બેઠા રહ્યા. પરંતુ અસલિયતને તો બદલી શકાશે નહીં.પાકિસ્તાન લાંબા સમયથી આ કોશિશમાં લાગ્યા છે કે ગિલગિત બાલ્તિસ્તાનને દેશના પાંચમાં પ્રાંત ઘોષિથ કરી દેવામાં આવે. પરંતુ સવાલ આ વાતનો છે કે શું પાકિસ્તાના આ ક્ષેત્રની વૈદ્યાનિક સ્થિતિ ખબર નથી. જે તે આ પ્રકારના વિવાદિત પગલાં ઉઠાવી રહ્યું છે. જ્યારે આ વિસ્તાર પાકિસ્તાનના પ્રાંત નહીં તો ત્યાં ચૂંટણી જેવી ગતિવિધિઓને અંજામ આપવા ક્ષેત્રમાં અશાંતિના નવા મોરચા ખોલવા જ છે.કેટલાંક મહિનાઓ પહેલા પાકિસ્તાનના આ વિસ્તારમાં લદાખથી સટી વાસ્તવિક નિયંત્રણ રેખા પર આશરે વીસ હજાર જવાનોની તૈનાતી કરી હતી અને એની પાછળની ઈચ્છા એ હતી કે જો ચીનની સાથે ભારતનો તણાવ વધે છે તો પાકિસ્તાન પણ ભારતની સામે અહીંથી જંગ છેડી શકે છે. આ કોઈ છુપાયેલી વાત નથી કેચીન ગિલગિતમાં પાકિસ્તાનની હાજરી બનાવી રાખવા માટે એને કેવી રીતથી મદદ આપી રહ્યું છે. ગિલગિત ક્ષેત્રમાં ચીનની મદદથી બાંધ બનાવવાની પરિયોજના ચાલી રહી છે.

અર્થવ્યવસ્થા સંતુલિત કરવા નાના ઉદ્યોગોને બચાવવા જરૂરી



ભારતની અર્થવ્યવસ્થાને નોટબંધી અને જીએસટી સુધારાને કારણે મોટો ઝટકો ઝીલવો પડ્યો છે હવે દેશ કોરોના મહામારીથી લડી રહ્યો છે, એવામાં નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ની પહેલી ત્રિમાસિક માટે ઘોષિત જીડીપીનો દર હતોત્સાહિત કરનારો છે

રશિયામાં લગભગ છવ્વીસ હજાર અને અમેરિકામાં આશરે વીસ હજાર ગામ શહેર છે.ભારતમાં નગરોની વાત છોડી દો, તે એકલા ગામોની સંખ્યા જ ૬ લાખથી વધુ છે. એટલા માટે કહે છે કે ભારત ગામોમાં વસે છે. ભારત ગામો અને ખેતી ખેડૂતોનો દેશ છે અને આ વાત ભારતને શેષ વિશ્વથી અલગ કરે છે. કેટલાંક સિદ્ધાંત સનાતન હોવાને કારણે અપરિવર્તનીય હોય છે અને કાળ, સ્થાન, ખંડ,પરિવેશ, પરિસ્થિતિ અને પારિસ્થિતિની મુજબ પરિવર્તનશીલ હોય છે. એટલા માટે જો સિદ્ધાંત આખા સંસારમાં લાગૂ થાય છે.તે ગ્રામ સંખ્યા અને જનસંખ્યા ઘનત્વના આધાર પર ભારત પર પણ લાગૂ થાય, આ કહેવું યોગ્ય નથી. જ્યારે આપણે ભારતના આર્થિક અને સામાજિક વિકાસની ચર્ચા કરે છે. તો ગુલામ માનસિકતાના કારણ તરત જ પશ્ચિમના વિકાસ મોડલની તરફ તાકાત લાગે છે જે ભારતમાં નેહરુવિયન મોડલ કહેવામાં આવે છે. આ ક્યારે પણ આવશ્યકતા નથી કે વિકાસનો જે સિદ્ધાંત યૂરોપ અને અમેરિકામાં સફળ કહેવામાં આવે છે.તે ભારત પર પણ લાગૂ થઈ શકે છે. જોકે પશ્ચિમમાં અત્યાર સુધીમાં આ ચર્ચા જારી છે કે વિકાસનું જે મોડલ ત્યાં અપનાવ્યું છે, તે મોડલ શું ખરેખર પ્રકૃતિના બધા અર્થોમાં સફળ પણ છે એટલું નહીં. યૂરોપ અને અમેરિકાના વિકાસમાં સર્વજનની ભાગીદારી પર પ્રશ્નચિન્હ થવાને કારણે અંતર્દ્વંદ્વ અને અંતર્કલહ નિરંતર છે. તો પણ આ મોડલને જો સફળ માનવામાં આવે, તો પણ આ વિચારણીય છે કે ભારતના સંદર્ભમાં એમની ઉપાદેયતા છે અથવા નહીં.ભારતનો વિકાસની સાથે અહીં ૬.૩૮ લાખ ગામોના આશરે ૮૦ કરોડ લોકોનો જીવન નિર્વાહનો પ્રશ્ન જોડાયેલો છે. યૂરોપમાં યાંત્રિકીકરણનો સિદ્ધાંત યોગ્ય જણાયો છે.ત્યાં દરેક વ્યક્તિ સંસાધન અધિકે છે અને કામ કરનાર હાથ ઓછા છે. એટલા માટે મશીનોની સહાયતાથી અધિકાધિક ઉત્પાદન કરી શ્રમ ખર્ચ ઓછો રાખવાનો એમનો ઉદ્દેશ હોઈ શકે છે. પરંતુ પહેલા તો મોટા કારખાનોને વધારો આપવો અને પછી શ્રમ ખર્ચ ઓથો કરવા માટે મશીનીકરણને શ્રેયસ્કર માનવો ભારતીયો માટે મોટી ભૂલ સિદ્ધ થઈ છે. એનાથી બેરોજગારી વધી છે. પશ્ચિમી વિચારવાળી નીતિઓનુ જ પરિણામ છે કે આજે ભારતમાં ખેતી ખેડૂતો ખોટનો સ્થાપિત સત્ય થઈ ગઈ છે. ખેતિહાર મજૂર, ખેડૂત હવે કૃષિ છોડ મોટા શહેરોમાં મજૂરી કરવા જાય છે. કારણ કે પશ્ચિમના વિકાસ મોડલને કારણે આપણી કૃષિ આત્મહત્યાની ખેતી થઈ ગઈ છે.

પશ્ચિમે આ મોડલને કારણે રેન્ડમલી શહેરીકરણની સમસ્યા પણ વધી છે.બીજી સર્વાધિક મોટી જનસંખ્યાવાળા ભારતમાં વિશાળકાય અર્થવ્યવસ્થા પર ખૂબધ્યાન આપવું જોઈએ. એનું મહત્વને પણ ઓછું કરવા આંકવામાં નહીં આવે. પરંતુ સૌથી પહેલા સુક્ષ્મ અર્થવ્યવસ્થા સુધારવાની આવશ્યક્તા છે. જેનો સીધો સંબંધ બજાર ખંડ અને એનાથી જોડાયેલા સામાન્યજનથી હોયછે. સુક્ષ્મ અર્થવ્યવસ્થાનો સપાટ અર્થ છે કે વિભિન્ન બજાર ખંડોને ઉદ્યોગ ધંધોના માધ્યમથી વ્યક્તિઓને જોડીને રોજગાર અને સ્વરોજગારનું સર્જન કરવું. જ્યારે દેશની સૂક્ષ્મ અર્થવ્યવસ્થા સુદઢ થઈ જશે.તો વિશાળ અર્થવ્યવસ્થાને મૌદ્રિક નીતિ, જીડીપી, આંતરરાષ્ટ્રીય વેપાર, ગરીબી વગેરે બિંદુઓ ને સમેકિત સંકલન અને વ્યવસ્થા જ સહજ અને સરલ થઈ જશે. ભારતીય સમૃદ્ધિનો આધાર આપણી કુટીર અને ગ્રામોદ્યોગ જ થઈ શકે છે. મહાત્મા ગાધી કહેતા હતા જો ગામ નષ્ટ થઈ જશે તો હિન્દુસ્તાન પણ નષ્ટ થઈ જશે. આજે શહેર ગામોની બધી સંપત્તિ ખરીદી શકે છે.એનાથી ગામોનો નાશ થઈ રહ્યો છે. ગ્રામીણ કર્જનો બોઝથી ડૂબેલા છે. જે દેહાતની કલ્પના કરીએ તે દેહાત મૂળ નહીં હોય. તે શુદ્ધ ચૈતન્ય હશે.અંગ્રેજોના પહેલા કુટીર ઉદ્યોગોના જોર પર ભારત સોનાની ચિડિયા કહેવાતું હતું અને ભારતની સાખ આજના વોશિંગ્ટન, મોસ્કો, લંડન અને પેરિસથી કેટલીય વધારે હતી. ત્યારે વિદેશી ભારતના વિકાસની ગૌરવગાથાઓ સાંભળીને ખેંચાઈ આવ્યા હતા.કુટીર ઉદ્યોગો પર સૌથી મોટો પ્રહાર અંગ્રેજોના સમયમાં જ થયો. ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ કપડા, ચા, મીઠા જેવી વસ્તુ પર પોતાનો એકાધિકાર સ્થાપિત કરી લીધો હતો. એ સમય ભારતીયોને મીઠા બનાવવાનો પણ અધિકાર ના હતો અને ઈંગ્લેન્ડથી આવતા મીઠા માટે ભારતીયોને કેટલાંય ગણા અધિક કિંમત ચૂકવવી પડતી હતી. ત્યારે ૧૯૩૦માં ગાંધીજીને નમક આંદોલન પણ કરવું પડ્યું હતું. અંગ્રેજ પોતાના હિત માટેમોટા કારખાનોની સંકલ્પના લઈને આવ્યા, જેમાં કપડોની મોટી મિલો લગાવાઈ અને જૂતાને મોટા કારખાના લગાવાયા. એનાથી આપણે શતાબ્દિઓથી ચાલી આવી રહેલા કપડા અને જૂતા જેવી વ્યવસ્થઆઓ ઠપ થઈ ગઈ.પરચૂણની દુકાનોની જગ્યા વિશાળકાય મોલ આવી ગયા છે.ચમડા શોધન એકમો અને ઉત્પાદન ગામથી નિકળીને ટેનરિયો એ જૂતા કંપનીઓને આધીન થઈ ગયા છે. કપડા ઉદ્યોગમાં કપાસની કપાત, વણાટ અને સિલાઈ જેવા કામ મોટા મશીનોથી થવા લાગ્યા છે.એક તરફ ખેડૂત ગુસ્સામાં બટાટા-ડુંગળી રસ્તા પર ફેંકતા નજર આવે છે, તો કેટલીક જગ્યાઓ આ મોંઘા ભાવો પર વેચાઈ રહ્યા હોય છે. વિતરણ પ્રથા બાજુ પર જતી રહી છે.કુટીર ઉદ્યોગ લગભગ ઠપ થઈ ગયો છે.કૃષિ યંત્ર ક્યારેક ગામના લુહાર બનાવતા હતા. હવે ખુર્પિયા અને પાવડા મશીનોથી બનવા લાગ્યા છે.ત્યાં સુધી કે ચીનથી આયાત કરે છે. આપણે અબજો રૂપિયાની વિદેશી મુદ્રા ચીનમાં નિર્મિત મોબાઈલ ફોનો પર ગુમાવી રહ્યા છે. પ્રતિકારમાં ચીન આપણું જ ખાઈને ગલવાન અને પૈમ્ગોગમાં આપણી જમીનને પચાવી પડવાનું દુસાહસ કરી રહ્યું છે. આપણે આઈસીબીએમ અને ડયની તરફ વધી રહ્યા છે. પરંતુ આપણે મોબાઈલ ફોન બનાવવાના નવો વિચાર કરી શક્યા નહીં. લીથિએમ બેટરીનો અભાવમાં આપણી સૌર ઊર્જાનો કાર્યક્રમ પાંગળો બની ગયો છે. એવા ઉદાહરણ બીજા પણ ઘણા છે.

સારાંશ એ છે કે નવોવિચારની સાથે સૂક્ષ્મ અર્થવ્યવસ્થઆનો અંતર પાટવાની આવશ્યક્તા છે. દેશમાં વિશાળ અર્થવ્યવસ્થા, વૈશ્વિક પ્રતિસ્પર્ધા, વિશ્વ વેપાર પરિદૃશ્ય, ભૂમંડળીકરણ, વિશ્વ સમજૂતીઓના દ્રષ્ટિકોણ થી મોટા ઉદ્યોગોની ઉપયોગિતા, વિવશતાને હવે નકારી શકાય નહીં. પરંતુ મોટા ઉદ્યોગોની પુરવઠાની શ્રેણીમાં લઘુ અને કુટીર ઉદ્યોગોને દ્રઢ રાજનૈતિક ઈચ્છાશક્તિની સાથે સમાહિત અવશ્ય કરાવી શકાય છે. પરંતુ આ સાવધાની રાખવી પડે કે મોટા ઉદ્યોગોનો વિકાસ લઘુ અને કુટીર ઉદ્યોગોની કિંમત પર ના હોય, જેથી રોજગારની તક અધિકાધિક સર્જન થઈ શકે. કૃષિ ક્ષેત્રમાં આમૂલ-ચૂલ પરિવર્તનની આવશ્યકતા છે. નાની જ્યોતના ખેડૂતો માટે ડેરી પાલન, ખેતી વિવિધીકરણ, ખાદ્ય પ્રસંસ્કરણના પ્રયોગ લાભકારી સિદ્ધ થઈ રહી છે. હવે એને વ્યાપક ફલકની આવશ્યક્તા છે.ભારતની અર્થવ્યવસ્થાને નોટબંધી અને જીએસટી સુધારોને કારણે ભારે ઝટકો ઝીલવો પડ્યો છે.એનો પ્રભાવ લાંબા સમય સુધી બની રહેશે. હવે દેશ કોરોના મહામારીથી ઝઝૂમી રહ્યું છે. એવામાં નાણાકિય વર્ષ ૨૦૨૦-૨૧ ની પહેલી ત્રિમાસિક માટે ઘોષિત જીડીપીની દર હતોત્સાહિત કરનારી છે. જોકે આગામી ત્રિમાસિકમાં એનો સુધઆરનો સંકેત મળવાનો શરૂ થઈ ગયું છે અને બધા રેટિંગ એજન્સીઓ ૨૦૨૧-૨૨ માં ભારતની જીડીપી ૧૦ ટકાના આસપાસ રહેવાની શક્યતા બતાવી રહી છે. પરંતુ વર્તમાન સ્થિતિમાં અર્થવ્યવસ્થાની ગતિ માટે આવશ્યકતા છે કે સરકાર એવા ઉપાય કરે કે માંગમાં તેજી આવી અને પૂર્ણબંધીના દરમ્યાન રોજગાર ગુમાવી ચૂકેલ લોકોને ફરીથી કામ ધંધો મળી શકે. આ સમય અર્થવ્યવસ્થામાં સુધારો અને રાહત પ્રદાન કરવાનો છે. સ્થિતિઓ સામાન્ય થઈ જાય તો પહેલા સૂક્ષ્મ અર્થવ્યવસ્થાની તરફ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ જેથી લઘુ અને કુટીર ઉદ્યોગોના પ્રાણવાયુ મળી શકે.

સ્વાસ્થ્ય સમજ

કોલેસ્ટ્રોલની દવા કોરોના વાઈરસનું ૫૦ ટકા જોખમ ઘટાડી શકે

સામાન્ય રીતે એમ કહેવાય છે કે હાર્ટના પેશન્ટ, ડાયાબિટીસ પેશન્ટ અને શ્વાસના રોગના પેશન્ચને કોવિડ-૧૯માં સૌથી વધુ ખતરો રહેલો છે.પરંતુ હવે એક નવી વાત સામે આવી છે. સ્ટેટિન્સ (કોલેસ્ટ્રોલ ઘટાડતી દવા) કોવિડ -૧૯ દર્દીઓમાં રોગની તીવ્રતા ઘટાડવામાં મદદ કરી શકે છે? અમેરિકન જર્નલ ઓફ કાર્ડિયોલોજી અને ઈએમબીઓ જર્નલમાં પ્રકાશિત બે તાજેતરના સંશોધન આ થિયોરીને સમર્થન આપે છે. એજીસી અને ઈએમબીઓમાં પ્રકાશિત સંશોધન મુજબ સ્ટેટિન્સથી કોરોનાના દર્દીઓમાં આ રોગ ૫૦ ટકા સુધી ઘટાડી શકાય છે. સ્ટેટિન્સની દવાઓ સસ્તી હોય છે (ટેબ્લેટ દીઠ રૂ. પથી ૫૦) અને સરળતાથી મળી રહે છે. એજીસીમાં ૧૫ સપ્ટેમ્બરના રોજ થયેલા સંશોધને કોવિડ -૧૯ના ૧૭૦ દર્દીઓનું વિશ્લેષણ કર્યું હતું. આ તમામને સેન ડિએગો મેડિકલ સેન્ટરમાં દાખલ કરવામાં આવ્યા હતા. સંશોધન મુજબ દાખલ થતાં પહેલાં સ્ટેટિન્સના ઉપયોગથી કોવિડને ૫૦% ગંભીર સ્વરૂપ લેતા અટકાવવામાં મદદ મળી. સંશોધનકારો કહે છે કે સ્ટેટિન્સમાંથી રિકવરી પણ ઝડપથી થાય છે. ઈએમબીઓના અભ્યાસમાં કોલેસ્ટ્રોલ અને લિપિડ મેટાબૉલિઝમમાં સામેલ સીએચ૨૫એચ જીનમાં એન્ટિ-કોરોના વાયરસની પ્રવૃત્તિ મળી છે. જે કોરોના વાયરસના ફ્યુઝનને અટકાવે છે. સ્ટેટિન્સનું કાર્ય ધમનીઓમાંથી કોલેસ્ટેરોલને દૂર કરવાનું છે. ફોર્ટિસ સી-ડોક હોસ્પિટલના અધ્યક્ષ ડો.અનૂપ મિશ્રાએ કહ્યું કે, બીજા અધ્યયનમાં સ્ટેટિન્સ સેલ પટલમાંથી વાયરસના ફ્યુઝનને અટકાવી શકે છે. એટલે કે તેની એન્ટ્રી બ્લોક થઈ જાય છે. ડો.મિશ્રાએ કહ્યું, આ એક ખૂબ જ મહત્વપૂર્ણ અભ્યાસ છે. મોટાભાગના હાર્ટના દર્દીઓ અને ડાયાબિટીઝના દર્દીઓ પણ સ્ટેટિન્સ લે છે અને સંશોધન મુજબ આ દવાઓ લેવાથી ચેપની ગંભીરતા ઓછી થાય છે. મેક્સ સાકેટમાં મેડિસિન ડિપાર્ટમેન્ટના સહયોગી નિયામક ડો. રોમેલ ટિક્કુએ જણાવ્યું હતું કે જો સસ્તી અને સરળતાથી ઉપલબ્ધ દવા કોવિડ દર્દીઓના મૃત્યુને અટકાવી શકે તો તે ખૂબ જ મદદરૂપ થશે. તેમણે કહ્યું કે, કોવિડ દર્દીઓમાં રક્તવાહિની અને થ્રોમ્બોટિક રોગોનું જોખમ રહેલું છે. સ્ટેટિન્સમાં એવા ગુણ હોઈ શકે છે જે કોવિડ દર્દીઓને રાહત પૂરી પાડે છે.

આપણી આકાશગંગા પણ તેના કરતાં મોટી આકાશગંગાનો આહાર કરે છે

આપણું બ્રહ્માંડ ઘણું વિશાળ છે અને તે કારણે તેના વિશેનું આપણું જ્ઞાન પણ ઘણું સિમીત છે.બ્રહ્માંડ અંગે વૈજ્ઞાનિકો, ખગોળવેત્તાઓ અને તેમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓ ઉંડાણપુર્વક વિચાર કરે છે અને નવી નવી શોધો કરતા રહે છે.આ શોધોમાં જે કેટલીક વાતો બહાર આવી છે તે બ્રહ્માંડનાં અંધારમય વિશ્વને ઉજાગર કરે છે જે કોઈના માટે પણ ડરામણી સાબિત થાય તેવી છે.આપણી પૃથ્વી કરોડો વર્ષથી જીવનને આગળ ચલાવતી રહી છે અને એક કરતા વધારે વખત અહી વિનાશનાં ઓળા પથરાયા છે જેમાં તમામ સૃષ્ટિ વિનાશ પામી છે અને ફરીથી તેમાં જીવનનો સંચાર થયો છે ત્યારે આજે પણ કયામતનાં દિવસ અંગે વિચાર થતો જ રહે છે અને તેનો વિચાર કરનારા કહે છે કે આપણી પૃથ્વી પર ફરીથી કયામત આવવાની છે.સ્ટીફન હોકિંગ જેવા જિનિયસોએ કહી દીધું છે કે આ કયામતનો આરંભ થઈ ચુક્યો છે.માનવભક્ષણ વિશે તો આપણે જાણ્યું છે પણ આકાશગંગાઓ પણ એકબીજાનો આહાર કરે છે તે વાત ઘણી ડરામણી લાગે તેવી છે પણ તે બ્રહ્માંડની એક હકીકત છે.મોટી આકાશગંગાઓ તેના કરતા કદમાં નાની આકાશગંગાઓનો આહાર કરતી રહે છે અને આપણી આકાશગંગા પણ તેના કરતા મોટી આકાશગંગાનો કોળિયો બની શકે તેમ છે જો કે ચિંતા કરવાની જરૂર એ બાબતે નથી કે તે નજીકનાં ભવિષ્યમાં થાય તેમ નથી.આપણી નજીકની આકાશગંગા એન્ડ્રોમેડા તેના કરતા નાની આકાશગંગાઓને ઓહિયા કરીને જ વિશાળ બની છે.આ કાર્ય જો કે એક કે બે વર્ષમાં નથી થયું તેના માટે તેને લગભગ બે બિલિયન વર્ષનો સમય લાગ્યો હતો અને આપણી આકાશગંગા તેનો કોળિયો બને તેનો સમય સાડા ચાર બિલિયન વર્ષનો છે આટલા સમયમાં તો કદાચ માનવી એક આકાશગંગાથી બીજી આકાશગંગામાં ટ્રાવેલિંગ કરવાની ટેકનોલોજી વિકસાવી ચુક્યો હશે. બ્રહ્માંડમાં ઘણી વિચિત્ર અને રહસ્યમય પ્રવૃત્તિઓ ચાલતી જ રહે છે તેમાંની એક છે બ્લેકહોલ દ્વારા બ્રહ્માંડમાં ફેંકાતી ઉર્જા.જો કે આપણી નજીકમાં અત્યાર સુધી કોઈ બ્લેકહોલ હોવાનું જણાયું નથી તેમ છતાં તેમની ઉર્જા જે પ્રમાણમાં બહાર ફેંકાતી રહે છે તેના પરથી તેમની વિશાળતાનો અંદાજ આવે છે અને આવો એક વિશાળકાય બ્લેકહોલ આપણી મંદાકિનીની વચ્ચોવચ હોવાનું જણાયું છે.આ બ્લેકહોલ એટલા પાવરફુલ હોય છે કે પ્રકાશ પણ તેમાંથી છટકી શકતો નથી.તે તેમની ગુરૂત્વાકર્ષણ મર્યાદામાં આવનાર દરેક વસ્તુઓને ઓહિયા કરી જાય છે.તેમની ઝડપની આપણે કલ્પના પણ કરી શકતા નથી.બ્રહ્માંડનું એક સત્ય એ છે કે જે વસ્તુ સજીવ છે તેનો અંત નક્કી છે.તે રીતે બ્રહ્માંડમાં રહેલા તારાઓનું પણ જીવન પુર્ણ થયા બાદ તેઓ મોતને ભેટતા હોય છે.આપણે જે તારાઓ આજે આકાશમાં જોઈએ છે તેમાંથી ઘણાં મોતને ભેટી ચુક્યા છે પણ તેઓ આપણાંથી ઘણાં દુર હોવાને કારણે તેમનાં અંતનો આપણને ખ્યાલ આવતો નથી.એ જ રીતે આપણો સુર્ય પણ એક તારો છે અને તેનો અંત પણ નક્કી છે.જો કે કેટલાક તારાઓ એવા પણ છે જેઓ મોતને ભેટ્યા બાદ ફરીથી જીવન પામ્યા છે જેણે વૈજ્ઞાનિકોને પણ આશ્ચર્યમાં નાંખી દીધા હતા.હાલમાં જ કેટલાક એવા ઝોમ્બી સ્ટાર મળી આવ્યા છે જેઓ મૃત્યુ પામ્યા બાદ પણ ફરીથી જીવંત બન્યા છે.જો કે આ કેવી રીતે બન્યું તેનો જવાબ તો હાલ વિજ્ઞાન પાસે પણ નથી.જે લોકો વિજ્ઞાન અંગે થોડી ઘણી જાણકારી ધરાવતા હોય છે તેમને ડાર્ક મેટર અંગે તો જાણકારી હોય છે જ.જો કે આ ડાર્ક મેટર પણ વૈજ્ઞાનિકો માટે તો એક રહસ્ય જ છે અને તે કારણે જે તેને વ્યાખ્યામાં બાંધી શકાતું નથી.આ ડાર્ક મેટર જ એક એવી વસ્તુ છે જેના કારણે બ્રહ્માંડ એક બીજા સાથે જોડાયેલું છે.બ્રહ્માંડમાં ઘણી ગતિવિધિઓ ચાલતી જ રહે છે જેમાં મોતને ભેટી રહેલા તારાઓમાંથી નિકળતો પ્રકાશપુંજ વિસ્મિત કરી દેનાર બાબત છે તો મંદાકિનીઓની એક બીજા સાથેની ટક્કર પણ એટલી જ અચરજકારક બાબત છે જેના સાક્ષી આપણે ૨૦૦૭માં બન્યા હતા.આ સમયે બે ગેલેકસી એકબીજા સાથે ટકરાઈ હોવાની ઘટના લોકોએ જોઈ હતી.જો કે ત્યારબાદ ત્રણ ગેલેકસીની ટકકર પણ વૈજ્ઞાનિકોએ જોઈ હતી અને જોયું હતું કે કેવી રીતે તેઓ એકબીજામાં વિલિન થાય છે અને એક નવા તારાને જન્મ આપે છે.બ્રહ્માંડની ઘણી વસ્તુઓ આપણને સમજાતી નથી અને તેનું જ્ઞાન આપણાં માટે તમામથી પર બની રહ્યું છે.કારણકે જ્યારે પણ બ્રહ્માંડ અંગે કોઈ સિદ્ધાંતની રચના કરવામાં આવે છે ત્યારબાદ થોડા સમયમાં જણાય છે કે વાત તેના કરતા કંઈક અલગ હતી.હાલમાં જ વૈજ્ઞાનિકોએ એસડીએસએસ જે ૦૧૦૦ પ્લસ ૨૮૦૨ નામનો વિશાળ બ્લેક હોલ શોધ્યો હતો.આ બ્લેકહોલ આપણાં સુર્ય કરતા ૪૨૦ ટ્રીલિયન પ્રકાશમાન હતો.તેની રચના કેવી રીતે થઈ હશે તેની હાલ તો આપણી પાસે કોઈ જાણકારી નથી તે આપણાં માટે એક રહસ્ય જ છે.બ્રહ્માંડ આમ તો સૌથી ઠંડી જગા છે તારાઓની ઉર્જા માત્ર થોડા વિસ્તારને જ ગરમી પ્રદાન કરે છે.તેમનાં મતાનુંસાર તે માઈનસ ૪૫૭.૮૭ ફેરનહીટ તાપમાન ધરાવે છે.જો કે તેની રચના અંગે વૈજ્ઞાનિકો જણાવે છે કે તે કોઈ વિશાળ તારામાંથી બહાર ફેંકાઈ હશે અને ત્યારે તે અન્ય એક તારાની સાથે મળી ગઈ હશે જેનો અંતિમ તબક્કો ચાલતો હતો અને તે તારો ત્યારે ખુબ જ ઠંડો પડી ગયો હોવાને કારણે તેનું તાપમાન પણ અત્યંત ઠંડુ થઈ જવા પામ્યું હશે.જો કે તે આપણાંથી ઘણે દુર છે આથી તેની સુધી જવાનો તો કોઈ સવાલ જ પેદા થતો નથી અને તેનાં તાપમાન વિશે જાણ્યા બાદ ત્યાં જવાની કોઈ કલ્પના પણ ન કરે.આપણે ડાર્ક મેટર અંગે તો જાણીએ છીએ પણ ક્યારેય સ્ટ્રેન્ઝ મેટર અંગે વિચાર કર્યો છે.જો કે તેના અંગે આપણે વધારે જાણતા પણ નથી.આજના થિયોરેટિકલ ફિઝીકસ માટે પણ તે રહસ્યમય બાબત છે.આ સ્ટ્રેન્ઝ મેટર ઘણાં પ્રકારનાં પાર્ટિકલ ધરાવે છે જેને આપણે આ પહેલા ક્યારેય જોયા નથી.આપણે અણુ પરમાણુ અંગે જાણીએ છીએ જેનાથી આખી સૃષ્ટિ બની છે.જો કે સ્ટ્રેન્ઝ મેટરમાં કવાર્ક તદ્દન સ્વતંત્ર રહે છે અને તેના પર કોઈ નિયમ લાગુ પડતા નથી.આ મેટર તેની સંપર્કમાં આવનાર દરેક બાબતને પોતાના રંગે રંગી દે છે.જો કે આ સ્ટ્રેન્ઝ મેટર આપણાં બ્રહ્માંડમાં અસ્તિત્વ ધરાવે છે કે નહી તે અંગે હજી વિજ્ઞાન અસમંજસમાં છે પણ આપણાં વૈજ્ઞાનિકોએ હાલમાં કેટલીક એવી બાબતોની શોધ કરી છે જે આ સ્ટ્રેન્ઝ મેટરની સાથે ઘણું સામ્ય ધરાવે છે.

મહેમૂદ

ભારતીય ફિલ્મજગતના પ્રસિદ્ધ હાસ્ય અભિનેતા

મહેમૂદનો જન્મ ૨૯ સપ્ટેમ્બર ૧૯૩૨નો જન્મ થયો હતો. તેઓ ફિલ્મ જગતના પ્રસિદ્ધ હાસ્ય અભિનેતા હતા.એમનું અસલી નામ મહેમૂદ અલી હતું. ત્રણ દશકા લાંબા સમય સુધી કેરિયરમાં એમણે ૩૦૦ થી વધુ હિન્દી ફિલ્મોમાં કામ કર્યું હતું. તેઓ બહુરંગીય પાત્રોથી દર્શકોના હસાવવા અને ગંભીર ભૂમિકા કરી રડાવનાર મહેમૂદ અભિનયના તરફ સમર્પિત હતો. પોતાના બહુમુર્ખી અભિનય અને કલાના પ્રતિ સમર્પણને એમને બુલંદિઓ આપી અને એમને ફિલ્મફેર સહિય કેટલાંક પુરસ્કારોનું સન્માન મળ્યું. એમણે કેટલીક ફિલ્મોમાં ગીતમાં પોતાનો કંઠ આપ્યો અને ફિલ્મના નિર્માણ અને નિર્દેશન પણ કર્યું હતું.મહેમૂદનો જન્મ મુંબઈમાં થયો હતો. મહેમૂદ મશહૂર નૃતક મુમતાઝ અલીના દિકરા અને ચરિત્ર અભિનેત્રી મિન્નો મુમતાઝ અલીના ભાઈ હતા. મહેમૂદે અભિનેત્રી મીનાકુમારીની બહેન મધુ સાથે વિવાહ કર્યા હતા. આઠ સંતાનો પિતા મહેમૂદના બીજા દિકરા મક્સૂદ લકી અલી જાણીતા ગાયક અને અભિનેતા છે. નિર્દેશકના રુપમાં મહેમૂદની અંતિમ ફિલ્મ દુશ્મન દુનિયા કા હતી. ૧૯૯૬માં બનેલ આ ફિલ્મમાં તેમણે પોતાના પુત્ર મંજૂર અલીને પડદા પર ઉતાર્યો હતો.મહેમૂદની પહેલી ફિલ્મ ૧૯૫૮માં પરવરિશ હતી. એમને આ ફિલ્મમાં રાજકપૂરના ભાઈની ભૂમિકા ભજવી હતી. ૧૯૬૧માં સસુરાલ તેમની ફિલ્મ કરિયર માટે મહત્વની ફિલ્મ હતી. તેના દ્વારા હાસ્ય કલાકાર તરીકે તેઓ સ્થાપિત થયાં હતા. ૬૦ ના દશકાના હાસ્ય કલાકરોની ટીમની સફળ શરૂઆત માટે સસુરાલ ફિલ્મ મહત્વની ગણાય છે. ૧૯૬૫માં જૌહર મહેમૂદ ઈન ગોવા કોમેડિયનની સાથે સાથે મુખ્ય ભૂમિકા નિભાવવાની તક મળી.તેમની યાદગાર ફિલ્મમાં પ્યાર કિએ જા, પડોશણ, ભૂતબંગલા, છોટે નવાબ, કુવારા બાપ વગેરે છે. તેમની બહુરંગીય પાત્રોથી દર્શકોમાં તે છવાયેલા રહેતા હતા. તેમને ૪ વાર હાસ્ય કલાકાર ફિલ્મ ફેર એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. પોતાના જીવન ન અંતિમ દિવસોમાં મહેમૂદ બીમારીથી પીડાતા હતા. તે ઈલાજ માટે અમેરિકા ફણગયા. જ્યાં ૨૩ જુલાઈ ૨૦૦૪ના રોજ તેમનું નિધન થયું હતું. દુનિયાને હસાવીને લોટપોટ કરનાર આ મહાન કલાકારે નીંદની આગોશમાં મોટી ખામોશી સાથે દુનિયાથી વિદાય લીધી.

આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૯૬, શાલિવાહન શક-૧૯૫૨,વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા. ૨૯-૯-૨૦૨૦, મંગળવાર, અધિક આસો સુદ-૧૩
સૂર્યોદય-૬-૩૯, સૂર્યાસ્ત-૬-૩૫, જૈન નવકારશી-૭-૨૭, આજની રાશિ : કુંભ (ગ.સ.), નક્ષત્રઃ શતતારા

સૂર્ય-કુંભ	બુધ-કુંભ	શનિ-મકર	હર્ષલ-મેષ
ચંદ્ર-કર્ક	ગુરૂ-ધન	રાહુ-મિથુન	નેપ્ચ્યુન-કુંભ
મંગળ-ધન	શુક્ર-મેષ	કેતુ-ધન	પ્લુટો-મકર

શુભ ચોઘડીયા

૯-૩૮થી ચલ-લાભ-અમૃત-૧૪-૦૬ સુધી, ૧૫-૩૬થી શુભ-૧૭-૦૫ સુધી, ૨૦-૦૫થી લાભ-૨૧-૩૬ સુધી, ૨૩-૦૭થી શુભ-અમૃત-ચલ-૨૭-૩૮ સુધી

શુભ હોરા

૮-૩

સંક્ષિપ્ત સમાચાર

આઈપીએલની ક્રિકેટ મેચ ઉપર સટ્ટો રમાડતા એક ઝડપાયો

સુરત : આઈપીએલની ક્રિકેટ મેચ શરુ થવાની સાથે જ સટ્ટોડિયાઓ ગેલમાં આવી ગયા છે તો બીજી તરફ પોલીસ તંત્ર દ્વારા પણ સટ્ટો રમાડતા બુકીઓને ઝડપી પાડવા માટેનો એક્શન પ્લાન તૈયાર કરી નાંખ્યો હોય તેમજ આઈપીએલ શરુ થયા બાદ સમયાંતર સટ્ટો રમાડતા તવ્વોને ઝડપી પાડી રહ્યા છે. ગઈકાલે રવિવારે પણ ગોલવાડ નવાપુરા હમુમાન શેરીના એક મકાનમાં સ્થાનિક પોલીસે રેડ પાડી મોબાઈલ ફોનમાં ક્રિકેટ લાઈન ગુરુ નામની એપ્લીકેશનમાં આઈપીએલની કિંગ ઈલેવન પંજાબ અને રાજસ્થાન રોયલ્સની ટીમ વચ્ચે રમાતી ક્રિકેટ મેચ ઉપર સટ્ટો રમાડતા એકને ઝડપી પાડી તેની પાસેથી રોકડા ૭૨૭૦ સહિત કુલ રૂપિયા ૨૩,૩૦૦નો મુદામાલ કબજે કરી બુકીને વોન્ટેડ બતાવ્યો હતો. મહિધરપુરા સર્વલન્સ સ્ટાફના માણસો ગઈકાલે પેટ્રોલીંગમાં હતા તે વખતે મળેલી બાતમીના આધારે રાત્રે આઠેક વાગ્યે ગોલવાડ નવાપુરા હનુમાન શેરીના એક મકાનમાં રેડ પાડી હતી જેમાં અશોક ભગવાનદાસ રાણા (ઉ.વ.૫૬) મોબાઈલ ફોનમાં ક્રિકેટ લાઈન ગુરુ નામની એપ્લીકેશનમાં આઈપીએલ પ્રીમીયમ લીંગમાં કિંગ ઈલેવન પંજાબ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે રમાતી ક્રિકેશ્વટ મેચ ઉપર સટ્ટાનો જુગાર રમાડતો ઝડપાયો હતો.

પોષણ માસ અંતર્ગત યોજાયેલી પોષણ ક્વીઝના પરિણામો જાહેર

દાહોદ : ભારત સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય અંતર્ગત નેહરુ યુવા કેન્દ્ર-દાહોદ દ્વારા પોષણ માસની ઉજવણીના ભાગ રૂપે જીલ્લાના યુવાઓ માટે ઓનલાઈન પોષણ ક્વિઝ યોજવામાં આવી હતી. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય યુવાનોમાં પોષણ માટેની વધુ જાગૃતતા વધારવાનું હતો. જેમાં જિલ્લાના યુવાનો દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો. ઓનલાઈન ક્વિજમાં રજીસ્ટર યુવાનો દ્વારા નિર્ધારિત સમયમાં ક્વિઝ પૂરો કરીને રજૂ કરવામાં આવ્યું હતું ક્વિઝમાં જિલ્લાના ૧૫૦થી વધુ યુવાનો દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો. જેમને નહેરુ યુવા કેન્દ્ર દાહોદ દ્વારા ડિજિટલ સર્ટિફિકેટ આપવામાં આવશે અને વિજેતા ક્રમે પ્રથમ સ્થાને લીમખેડા તાલુકાની કતિજા અંકિતાબેન મોહનભાઈ બીજા ક્રમે દાહોદ તાલુકાની મોડીયા નંદનીબેન મુકુંદકુમાર અને ત્રીજા ક્રમે ગરબાડા તાલુકાના પ્રજાપતિ વિનોદકુમાર આવ્યા હતા.

દાહોદમાં બોર્ડ પરીક્ષાને પગલે કેન્દ્રો આસપાસ પ્રવેશ પર પ્રતિબંધ

દાહોદ : ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી દિવસોમાં લેવાનારી ધોરણ ૧૨ની પૂરક પરીક્ષાને પગલે દાહોદના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા બે જાહેરનામા પ્રસિદ્ધ કરી કેટલાક પ્રતિબંધક આદેશો જારી કરવામાં આવ્યા છે. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ એમ. જે. દવે દ્વારા એવા પ્રકારનો આદેશ જારી કરવામાં આવ્યો છે કે, આગામી તા. ૬-૧૦-૨૦૨૦ સુધી ધોરણ ૧૨ની પૂરક પરીક્ષા જે કેન્દ્રો ઉપર લેવામાં આવનારા છે, તેની આસપાસની સો મિટર વિસ્તારમાં પરીક્ષાના સમય પૂર્વે અડધી કલાક અને પૂર્ણ થયા બાદના એક કલાક સુધી બિનઅધિકૃત વ્યક્તિએ એકત્ર થવું નહીં. પરીક્ષા કેન્દ્રના ૧૦ મિટરના વિસ્તારમાં કોઈએ પ્રવેશ કરવો નહીં. પરીક્ષા દરમિયાન કોઈ પણ પ્રકારના વાજિંત્ર વગાડી શકાશે નહીં. બીજા જાહેરનામામાં પરીક્ષા કેન્દ્રો પાસે સો મિટરની ત્રિજ્યામાં આવેલા ઝેરોક્સ, કોપીયર મશીન તા. ૬-૧૦-૨૦૨૦ સુધી સવારના નવ વાગ્યાથી સાંજના સાત વાગ્યા સુધી બંધ રાખવા માટે આદેશ કરવામાં આવ્યો છે.

શહેરાના અણીયાદમાં ભાઈ-ભાભીનો ભાઈને સળગાવવાનો પ્રયાસ

શહેરા : અણીયાદ ગામે તીતાજીના મુવાડા ફળિયા રહેતા ગણપતભાઈ રાઠોડને તેઓના સગા ભાઈ નવટરસિંહ રાઠોડ, ભાભી નિરુબેન નટવરસિંહ તેમજ ભત્રીજો રાજેન્દ્રસિંહ આ ત્રણેય ભેગા મળી માં-બેન સમાણી ગાળો બોલી લાકડી વડે પગના ભાગે તેમજ બરડાના ભાગે મારમારી તારી પત્ની ગામમાં બીજા વ્યક્તિઓ સાથે આડાસંબંધ રાખે છે તો તું કેમ કશું કહેતો નથી તેમ કહેતા ગણપતભાઈએ ગાળો બોલવાની ના પાડતા આ ત્રણેયએ ગણપતભાઈને નાના ભાઈ જશવંતસિંહના ઘરે લઈ જઈ શરીર ઉપર કેરોસીન છાંટી જાનથી મારી નાખવાની ધમકી આપી ગણપતભાઈના જ ભાઈ નટવરસિંહે દિવસળી સળગાવી ગણપતના શરીરે આગ ચાંપતા ગણપતભાઈને શરીરે દાજી જતા તેઓને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા, ગણપતભાઈએ પોતાના સગા ભાઈ નટવરસિંહ કાળુભાઈ રાઠોડ તેમજ ભાભી નિરુબેન અને ભત્રીજા રાજેન્દ્રસિંહ રાઠોડ સામે ફરિયાદ નોંધાવી હતી.

અનામત આંદોલનથી જાણીતા બનેલા અલ્પેશ કથિરીયા અને ધાર્મિક માલવિયા પણ સામેલ

સાપુતારામાં 'પાસ'ના કાર્યકરોનો કોરોના મહાકાળમાં ગરબા રમતો વીડિઓ વાયરલ

પાટીદાર અનામત આંદોલન સાથે જોડાયેલા પૂર્વ પાસ કન્વીનરો અને યુવાનો જોડાયાની ચર્ચા

બારડોલી,તા.૨૮

'ઓલા ગામના સુથારી વેલા વેલા આવો રે.., મારી મહાકાળીને હાટુ સારો બાજોટ લાવો રે.., પંખીડા રે ઉડી જાજો પાવાગઢ રે.., મારી મહાકાળી માટે રૂડા ગરબા લાવો રે..', 'ઢોલીડા ઢોલ રે વગાડ મારે હીંચ લેવી છે...,' આ જાણીતા ગરબાને નવરાત્રિ પહેલા ફરી એક વાર વાયરલ થવાનો અવસર મળી ગયો છે. આ અવસર આપનારા 'ખેલૈયા'ઓ છે પાસના કથિત સભ્યો. નવરાત્રિ બીજે ક્યાંય નહીં પણ જાણીતા ગીરીમથક સાપુતારના ટેબલ પોઈન્ટ પર ઊજવાઈ છે.

પાટીદાર અનામત આંદોલન સમિતિથી જાણીતા થયેલા અલ્પેશ કથિરીયા અને ધાર્મિક માલવિયા પણ આ વીડિયોમાં હોવાની ચર્ચા છે. બનાવની વિગત એવી છે કે કોરોના કાળમાં સી.આર. પાટીલના સૌરાષ્ટ્ર પ્રવાસે ખૂબ જ સુર્ખિઓ મેળવી.

કારણ રાજકીય નહીં પણ સામાજિક હતું. પાટીલના પ્રવાસમાં ભાજપના કાર્યકરો કૂદી કૂદીને ગરબે ઘૂમ્યા હતા અને અંતે ડઝનેક નેતાઓ અને અનેક કાર્યકરો કોરોનાનો ભોગ બન્યા. ખુદ પાટીલ પણ કોરોનાના ભરડામાં આવી ગયા. આ સમયે ભાજપની ચોમેર ટીકા થઈ હતી. જોકે, આ હરિફાઈમાં ભાજપની સામે હવે પાટીદાર અનામત આંદોલન સાથે જોડાયેલા પૂર્વ પાસ કન્વીનરો અને યુવાનો જોડાયા હોવાની ચર્ચા છે. હકિકતમાં સોશિયલ મીડિયામાં એક વીડિયો વાયરલ થયો છે, આ વીડિયોમાં પાસના કાર્યકરો સાપુતારાના હીલ પર ગરબે ઘુમી રહ્યા છે. ગરબાના શબ્દો ઉપર લખાઈ જ ગયા છે.

આ ગરબાને રાજ્યમાં ખૂબ જ જોવામાં આવી રહ્યા છે. મોટી સંખ્યામાં ટોળે વળીને માસ્ક પહેર્યા વગર યુવાનો ગરબે ઘુમી રહ્યા છે. જોકે, આ ટોળામાં કોરોના ફેલાશે તો તેના માટે જવાબદાર કોણ તે નક્કી કરવું અઘરૂં છે. અન્ય વિગતો સામે આવી નથી છતાં એક બાબત સ્પષ્ટ છે કે માલવિયા અને કથિરીયા આ વીડિયોમાં જોવા મળ્યા છે.

જો વાહનવ્યવહાર મળે તો પ્રવાસનને વેગ મળી શકે

પદમડુંગરી ઈકો ટુરીઝમ સેન્ટરને બસ ફાળવવા માટે ધારાસભ્યની રજૂઆત

વલસાડ, તા.૨૮

વાંસદા ચીખલીના ધારાસભ્ય અનંતભાઈ પટેલે ઈકો ટુરીઝમ સેન્ટર પદમડુંગરીને એસ.ટી બસસેવાથી જોડવા માટે રાજ્યના વાહનવ્યવહાર મંત્રી આર.સી. ફળદુને લેખિતમાં રજુઆત કરી છે.

ધારાસભ્ય અનંતભાઈએ રજુઆત કરી હતી કે, ''અંબિકા નદીના રળિયામણા કાંઠે પૂર્વમાં ઈએસએચ-૫ થી દસેક કિલોમીટર દૂર ગુજરાત સરકાર દ્વારા અને વનખાતાના સહયોગથી ઈકો ટુરીઝમ સેન્ટર બનાવેલું છે. જ્યાં અનેક પ્રવાસીઓ પોતાના વાહનો લઈને પ્રવાસે આવે છે, પરંતુ ગરીબ મધ્યમ વર્ગ માટે એસટી સેવા ઉપલબ્ધ ન હોઈ પ્રવાસલાભથી વંચિત રહે છે. જેથી આપશ્રીને અરજ છે કે નીચે મુજબના ૨ શિડ્યુલને ઉનાઈના બદલે પદમડુંગરી સુધી તેરેક કિલોમીટર વધુ લંબાવવાથી બીજા કોઈ વધારાના ફ્ર-વાહનની જરૂરિયાત વગર વધુ ફેરફાર કર્યા વિના સરળતાથી પ્રજાને પ્રવાસનસેવા મળી શકે છે. વલસાડ-ખેરગામ-ઉનાઈ જે વલસાડથી ૭:૨૦ એ ઉપડી ખેરગામ- ઉનાઈ ૯-૧૫ ક. પહોંચે છે તેને લંબાવતા ૯-૪૫ કલાકે પદમડુંગરી પહોંચી જાય,જ્યાં ૧૫ મિનિટ વિરામ બાદ ૧૦-૦૦ કલાકે પરત ઉપડી ઉનાઈ ૧૦:૩૦ અને ખેરગામ વલસાડ ૧૨:૩૦ કલાકે પહોંચી જશે. એ જ રીતે વલ.ખેરગામ ઉનાઈની ૧૧:૪૦ની બસને લંબાણ કરી પદમડુંગરી ૧૪:૦૦ કલાકે પહોંચાડી પરત ૧૪:૧૫ ઉપાડતા વલસાડ ૧૬:૪૦ કલાકે પરત થશે. વલસાડ ડેપોની પીપલખેડ નાઈટ રહેતી બીજી બસને પણ સવારે પીપલખેડથી કેલિયા ડેમ સુધી લંબાવી કેલિયાથી પીપલખેડ વલસાડ દોડાવવી જોઈએ. આજ રીતે ૧૫:૧૫ની વલસાડ પીપલખેડ(આહવાડેપો)ને પણ કેલિયા લંબાવી જોઈએ.

ઉમરગામના ગોવાડામાં વિવિધ રસ્તાઓનું ખાતમુહૂર્ત

ગામોમાં માળખાકીય સુવિધાઓ આપવા સરકાર કટીબદ્ધ : મંત્રી રમણલાલ પાટકર

વલસાડ, તા.૨૮

ઉમરગામ તાલુકાના ગોવાડા ગામે રૂ. ૨૩૩ લાખના ખર્ચે નિર્માણ થનારા વિવિધ ૬ રસ્તાઓનું ખાતમુહૂર્ત વન અને આદિજાતિ વિકાસ વિભાગના રાજય કક્ષાના મંત્રી રમણલાલ પાટકરના હસ્તે કરાયું હતું.

આજે ખાતમુહૂર્ત કરવામાં આવેલા રસ્તાઓમાં દહેરી-ગોવાડા-ઝાંય ૨ કિમીનો સીસી રોડ રૂ.૧૦૦ લાખ, ગોવાડા કાંકરાડી મુખ્ય રસ્તાથી મહારાષ્ટ્ર ને જોડતો ૧ કી. મી.નો રોડ રૂ.૩૦ લાખ, ગોવાડા ગોદર ફળિયાથી મહારાષ્ટ્ર બોર્ડર સુધીનો ૨ કિમિ રોડ રૂ.૪૦ લાખ, ગોવાડા ગોદર ફળિયાથી મહારાષ્ટ્ર બોર્ડર સુધીનો ૧ કિમિ રોડ રૂ.૨૦ લાખ, ગોવાડા ગોદર ફળિયાથી જયેશભાઈ ના ઘર સુધીનો ૦.૫ કિમિ રોડ રૂ.૨૦ લાખ અને દહાડ વિલેજ રોડ ૧ કિમિ રૂ.૩૩ લાખનો સમાવેશ થાય છે.આ અવસરે આદિજાતિ વિકાસ રાજયમંત્રી રમણલાલ પાટકરે રાજ્યનો સર્વાંગી વિકાસ એ સરકારની પ્રાથમિકતા છે તેમ જણાવી વિકાસકાર્યોમાં સૌના સહયોગની અપેક્ષા વ્યક્ત કરી હતી. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, દરેક ગામોમાં પૂરતી માળખાકીય સુવિધાઓ મળે, દરેક ફળિયાને જોડતા રસ્તાઓ પાકા બને તે માટે રાજ્ય સરકાર કટીબદ્ધ છે. રાજ્ય સરકારની પ્રજાકલ્યાણલક્ષી યોજનાઓની જાણકારી પ્રત્યેક ગ્રામજનોને મળે, લોકો તેનો લાભ લઈ આગળ વધે આત્મનિર્ભર બને તે માટે ગામના સરપંચ સહિત અગ્રણીઓ જવાબદારી નિભાવે તેવો અનુરોધ તેમણે કર્યો હતો. સારા અને ગુણવત્તાના કામો થાય તે માટે ગ્રામજનો જાગૃત બને તે જરૂરી છે.. વિજળી બિલ ભરવામાંથી મુકતિ મળે તે હેતુસર ખેડૂતો અને ગ્રામજનોને ખેતી અને ઘર માટે સોલાર યોજનાનો લાભ લેવા જણાવ્યું હતું.

સુરતમાં કોરોનાથી વધુ પાંચના મોત : નવા ૩૦૨ કેસો નોંધાયા

સુરત,તા.૨૮

સુરતમાં સોમવારે કોરોનાથી વધુ પાંચના મોત થયા હતા. નવા ૩૦૨ કેસો નોંધાયા હતા જેમાં શહેરના ૧૭૬ અને જિલ્લાના ૧૨૬ સામેલ હતા. કુલ મોતનો આંકડો ૯૧૯ થયો હતો. કુલ પોઝિટિવ કેસોનો આંકડો ૨૮૫૬૦ થયો હતો.

સુરત શહેરમાં કોરોના વાયરસનું સંક્રમણ ફરી એક મહિનાથી વધ્યું છે. મનપા તંત્ર દ્વારા દિવસ રાત મહેનત કરી માંડ માંડ કોરોનાને કાબુમાં લેવામાં સફળતા મળી હતી. ત્યારે ફરીથી કોરોનાએ તેનુ માથુ ઉચક્યું છે. શહેરમાં જે રીતે કોરોના વાયરસનો ચેપ ફેલાઈ રહ્યા છે અને લોકો પોઝિટિવ જાહેર થઈ રહ્યા છે. તે જાઈને તંત્રની ચિંતામાં ફરી વધારશ્યો થયો છે. હાલમાં શહેરમાં સોથી વધુ કેસો અઠવા ઝોનમાંશ્થી આવી રહ્યા છે અને અત્યાર સુધી અઠવા ઝોન સેઈફ ઝોન હતો અને અઠવા ઝોનમાં જ થોકબંધ કેસો બહાર આવી રહ્યા છે.

કલેકટરે ત્રણ દિવસમાં હટવાનું કહેતાં વેપારીઓમાં ચિંતા

વલસાડના કલ્યાણ બાગ સર્કલ પાસે દુકાનો ન તોડવા વેપારીઓની માંગ

કોરોનાના કપરા કાળમાં રાહત આપવા વ્યાવસાયીકોની અપીલ

વલસાડ, તા.૨૮

ટ્રાફિક સમસ્યા ના નિવારણ કરવા માં વલસાડ પાલિકા દબાણો ના સફાયો કરી રહી છે. તેવા માં વર્ષો થી ચાલતી કલ્યાણ બાગ સામે ની દુકાનો ને ત્રણ દિવસ માં દુકાનો ખાલી કરવા માટે નોટિસ આપતા લોકડાઉન માં આર્થિક રીતે પડી ભાંગેલ દુકાન સંચાલકો ના પગ નીચે થી જમીન ખસી ગઈ હતી.

વલસાડ નગર પાલિકા દ્વારા છેલ્લા એક સપ્તાહથી શહેરમાં આવેલી દુકાનો દ્વારા સરકારી જગ્યામાં કરવામા આવેલા દબાણ હટાવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે, ત્યારે વલસાડ શહેરનાં મુખ્ય માર્ગ પર આવેલ કલ્યાણ બાગ સર્કલ પાસે આશરે ૨૫ વર્ષથી ચાલતી દુકાનોને નગર પાલિકા દ્વારા તોડી નાખવાની નોટિસ આપતા વેપારીઓએ વલસાડ જિલ્લા એડિશનલ કલેકટર ના શરણ માં ગયા હતા. આશરે ૮૫ થી વધુ નાની મોટી દુકાનો ને પાલિકાનાં ચીફ ઓફિસરે રાતો-રાત નોટિસ ફટકારી ત્રણ દિવસમાં દુકાનો તોડી પાડવાની નોટિસ આપતા વેપારીઓ ચિંતામાં મુકાયા છે. વલસાડ પાલિકા ચીફ ઓફિસરે દુકાનો તોડવાની નોટિસ આપતા દુકાન સંચાલકો દોડતા થયા છે. વેપારીઓ દુકાનો બચાવવા ધારાસભ્ય ભરત પટેલને રજુવાત કર્યા બાદ વલસાડ કલેકટર ને રજુઆત કરી છે અને હેરાનગતિ ન થાય તેની અપીલ કરી હતી.

અંતિમયાત્રામાં નગરજનો ઉમટ્યા:પોસ્ટ મોર્ટમ રીપોર્ટની જોવાતી રાહ

ઝાલોદ પાલિકાના કાઉન્સિલર હિરેન પટેલનું અવસાન થતાં પ્રજાએ સ્વૈચ્છિક બંધ પાળ્યો

દેવગઢબારિયા, તા.૨૮

ઝાલોદ નગરપાલિકાના માજી ઉપપ્રમુખનું ગઈકાલે સવારે મોર્નિંગ વોક દરમિયાન દાહોદ રોડ પર શંકાસ્પદ મોત નીપજ્યું હતું. જેઓની આજે યોજાયેલ અંતિમયાત્રામાં નગરજનો મોટી સંખ્યામાં ઉમટયા હતા. પોતાના અગ્રણીને શ્રદ્ધાંજલિ આપવા ઝાલોદ નગર સ્વૈચ્છિક રીતે બંધ રહ્યું હતું.

ઝાલોદ નગરપાલિકાના માજી ઉપપ્રમુખ, સામાજિક તેમજ રાજકીય અગ્રણી એવા હિરેન પટેલનું ગત રોજ સવારે ઝાલોદ દાહોદ રોડ પર મોર્નિંગ વોક દરમિયાન શંકાસ્પદ મોત નિપજ્યું હતું. કે અંગે હાલ પોલીસ અકસ્માત મોતનો ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે અને અંગેની ઝીણવટ ભરી તપાસમાં પંથક સહિત જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ જોતરાયા છે. ત્યારે આજે સોમાવારના રોજ હિરેન પટેલની અંતિમક્રિયા યોજાઈ હતી. અને સ્વર્ગસ્થના નિવાસ સ્થાનેથી અંતિમ યાત્રા નીકળી હતી. જેમાં ઝાલોદ સહિત પંથકના લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા. તો ઝાલોદ નગરજનોએ પણ સ્વર્ગસ્થને શ્રદ્ધાંજલિ આપવા માટે આજે સોમવારના રોજ પોતાના ધંધા રોજગાર સ્વૈચ્છિક રીતે બંધ રાખી શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. ત્યારે આ અંગે પંથકમાં ઝીણવટભરી તપાસ અંગેનો પણ શૂર ઉઠ્યો હતો. તો સોશીયલ મીડિયામાં પણ જસ્ટિસ ફોર હિરેન પટેલ એવું ચલાવવામાં આવ્યું હતું.

હિરેન પટેલ મૃત્યુ અંગે વિવિધ અટકળો લગાવવામાં આવી રહી છે.પરંતુ આ અંગે પી.એમ રિપોર્ટ આવ્યે થી કહી શકાય તેમ છે. ત્યારે પોલીસ પણ પી.એમ રીપોર્ટની રાહ જોઈ રહી છે. રિપોર્ટ આવ્યે થી જ હત્યા કે અકસ્માત તે અંગે ચોક્કસ તારણ મેળવી શકાય એમ છે.

દાહોદમાં કોરોનાના નવા ૧૩ પોઝિટિવ કેસો નોંધાયા

દાહોદ તા.૨૮

દાહોદમાં આજે વધુ ૧૩ કોરોના પોઝીટીવ દર્દીઓના સમાવેશ સાથે દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૧૫૭૬ ને પાર પહોંચી ગયો છે. એક્ટીવ કેસ ૧૪૪ રહેવા પામ્યા છે. આમ, કોરોના સંક્રમણનો પ્રકોપ મંથરગતિએ આગળ વધી રહ્યો છે.

આરટીપીસીઆરના ૨૩૯ પૈકી ૯ અને રેપીટ ટેસ્ટના ૫૪૯ પૈકી ૪ એમ કુલ ૧૩ કોરોના પોઝીટીવ દર્દીઓનો વધુ સમાવેશ થતાં દાહોદ જિલ્લામાં હવે એક્ટીવ કેસની સંખ્યા ૧૧૪ રહેવા પામી છે. આજે વધુ ૧૫ લોકોએ કોરોનાને મ્હાત આપતા તેઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી ત્યારે આજે આ ૧૩ કોરોના પોઝીટીવ કેસો પૈકી દાહોદમાંથી ૭, દેવગઢ બારીઆમાંથી ૧, ધાનપુરમાંથી ૧, ગરબાડામાંથી ૩, લીમખેડામાંથી ૧ દર્દીનો સમાવેશ થાય છે અત્યાર સુધી કોરોનાથી ૬૯ લોકોએ પોતાનો જીવ ગુમાવી ચુક્યા છે.

કાર્ડનો પીન નંબર જાણીને ઠગાઇ કરી

લીમડીમાં યુવાન સાથે એ.ટી.એમ.કાર્ડ બદલી છેતરપિંડી કરી ગઠિયો ફરાર

દેવગઢબારિયા, તા.૨૮

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં સુભાસ સર્કલ પાસે આવેલ એક એ.ટી.એમ સેન્ટરમાં પૈસા ઉપાડવા ગયેલા ૨૪ વર્ષીય યુવાનને ભેટી ગયેલ હિન્દી ભાષી ગઠિયાએ વિશ્વાસમાં લઈ પાસવર્ડ નંબર જાણી લઈ સિફત પૂર્વક એ.ટી.એમ કાર્ડ બદલી લઈ તે યુવાનના ખાતામાંથી તેની જાણ બહાર રૂ.૧૧,૫૦૦ ઉપાડી લઈ વિશ્વાસઘાત, છેતરપિંડી કરી હતી.

ઝાલોદના આંબા ગામના ભૂરી કોતેડી ફળિયામાં રહેતા ૨૪ વર્ષીય રાકેશભાઈ જમલાભાઈ બારીયા નામનો યુવાન પોતાના એ.ટી.એમ કાર્ડ લઈ ગત તા.૨૧/૯/૨૦૨૦ના રોજ લીમડી નગરના સુભાસ સર્કલ પાસે આવેલા હિટાચી નામના એ.ટી. એમ મશીન સેન્ટર પર સાંજના સાડા ચાર વાગ્યાના સુમારે નાણા ઉપાડવા ગયો હતો. તે એ.ટી.એમ એટીએમ મશીનમાં નાખી પાસવર્ડ નંબર ડાયલ કર્યો હતો. પરંતુ મશીનમાંથી પૈસા ન નીકળતા તેણે બે થી ત્રણ વાર પ્રયત્ન કર્યા હતાં. પરંતુ પૈસા ન નીકળતા એટીએમ સેન્ટર આગળ ઊભેલ આશરે ૨૦ વર્ષીય ઉંમરનો હિન્દી ભાષી અજાણ્યો યુવાન રાકેશભાઈ પાસે આવ્યો હતો. અને પોતાને પૈસા ઉપાડતા બરાબર આવડે છે ને લાવ હું પૈસા કાઢી આપુ તેમ કહી રાકેશભાઈ બારીયાની વિશ્વાસમાં લઈ રાકેશભાઈના એટીએમનો પાસવર્ડ જાણી લીધો હતો. અને રાકેશભાઈનો એ.ટી.એમ કાર્ડ લઈ પૈસા કઢાવી આપ્યા હતા. તે યુવાને રાકેશભાઈ બારીયાના એ.ટી.એમ કાર્ડને બદલે બીજું એ.ટી.એમ કાર્ડ રાકેશભાઈને આપી તે હિન્દી ભાષી યુવાન ત્યાંથી ચાલ્યો ગયો હતો. અને ત્યારબાદ તે હિન્દી ભાષી યુવાને રાકેશભાઈ બારિયાની જાણ બહાર રાકેશભાઈના એટીએમ કાર્ડથી પાસવર્ડ નાખી રૂ.૧૧,૫૦૦ ઉપાડી લીધા હતા. છે.

બેઠક | પંચમહાલ જિલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભામાં સર્વસંમતીથી નિર્ણય કરાયો

માંચીની જમીન હાલોલ નગરપાલિકાને નહીં ફાળવાય

હાલોલ રેસ્ટ હાઉસની જમીન પણ નહીં મળે: ફુલડીમાં ગોળ ભાંગતો નિર્ણય:અન્ય મુદ્દાઓ વિશે પણ ચર્ચા

ગોધરા, તા.૨૮

પંચમહાલ જિલ્લા પંચાયતની આજરોજ યોજાયેલ ખાસ સામાન્ય સભામાં ભાજપ શાસિત જિલ્લા પંચાયતના બહુમતિ સદસ્યો દ્વારા પાવાગઢ (માંચી) સ્થિત જિલ્લા પંચાયત હસ્તકની જમીનો પંચમહાલ કલેક્ટરને હવાલે કરવા માટે ફુલડીમાં ગોળ ભાંગતો નિર્ણય કર્યો જ્યારે હાલોલ રેસ્ટ હાઉસની જમીન હાલોલ ન.પાલીકાને ફાળવવાના નિર્ણયનો વિરોધ કરીને કોથળામાં પાંચશેરી જેવા વિદાય લેતા પુર્વે સર્વે સંમતિથી ઠરાવ કર્યો હતો.

પાવાગઢ (માંચી) સ્થિત જિલ્લા પંચાયત હસ્તક આવેલ જર્જરીત ઈમારતો અને ખુલ્લી જમીનો યાત્રાધામના વિકાસ માટે વિનામુલ્યે લઈ લેવા માટે શરૂ થયેલ આ પેરવીઓને સફળ બનાવવા માટે આ જમીન સૌ-પ્રથમ પંચમહાલ કલેક્ટરને હવાલે કરવા માટે ભાજપ શાસિત જિલ્લા પંચાયતના સદસ્યો સર્વ સંમતિ આપે આ માટે ભાજપ સંગઠન પણ મેદાનમાં ઉતર્યું હતુ અને સુરેન્દ્ર કાકા જિલ્લા પંચાયતને આવક થાય આ માટે થોડો ઘણો હિસ્સો આપશે. ભવિષ્યની હૈયાધારણો વચ્ચે પાવાગઢ (માંચી) ખાતેની અંદાજે ૩ હેક્ટર ઉપરાંતની વિશાળ જિલ્લા પંચાયત હસ્તક રાખવાના જાંબુઘોડા ખાતેની સામાન્ય ઠરાવના સર્વ સંમતિના નિર્ણયને ભુલી જઈ આજરોજ ખાસ સામાન્ય સભામાં આ જમીન પંચમહાલ કલેક્ટરને હવાલે કરવાના ફુલડીમાં ગોળ ભાંગતો સર્વસંમતિથી નિર્ણય કરવામાં આવતા ગોધરાથી ગાંધીનગર સુધી હાશકારો દેખાયો હતો. જ્યારે હાલોલ ખાતે રેસ્ટ હાઉસ તરીકે ઓળખાતી જિલ્લા પંચાયતની રેવન્યુ સર્વે નંબર ૧૨૦/અની જમીનમાં હાલોલ ન.પાલીકાને ટાઉન હોલ બનાવવા માટે હાલોલ પાલીકાના ચીફ ઓફીસરના તા.૮.૯.૨૦ના સંદિગ્ધ પત્રનો અમલ કરવા માટે ભાજપ સંગઠનના આગ્રહ સામે જિલ્લા પંચાયતના બહુમતિ સદસ્યો વિરોધ કરીને ખાસ સામાન્ય સભામા આ મુદ્દાને ના-મંજુર કરીને કોથળીમાં પાંચ શેરી જેવો નિર્ણય લીધો હતો.

એક અપવાદને બાદ કરતા ધારાસભ્યોની ગેરહાજરી વચ્ચે આખો ગેમ પ્લાન સફળ

પંચમહાલને ઐતિહાસીક અને ધાર્મિક રીતે આંતર રાષ્ટ્રીય સ્તરે ખ્યાતનામ બનાવનાર પાવાગઢ (માંચી) સ્થિત જિલ્લા પંચાયત હસ્તકની જમીન યાત્રાધામના વિકાસ માટે પંચમહાલ કલેક્ટરના હવાલે કરીને જૂના ઠરાવો હવે ભુલી જાવ આ માટે ભાવનગર લોબીના ઈશારે કેટલાક અધિકારીઓએ શરૂ કરેલા આ પ્રયાસોને સાકાર કરવા માટે પંચમહાલ જિલ્લા પંચાયતની બોલાવવામાં આવેલ ખાસ સામાન્ય સભાની બેઠકમા એકમાત્ર કાલોલના ધારાસભ્ય સુમનબેન ચૌહાણને બાદ કરતા અન્ય ધારાસભ્યો ગેરહાજર દેખાયા હતા. સભા પુર્વે પંચમહાલ ભાજપ સંગઠનના હોદ્દેદારો અને સદસ્યો વચ્ચે હાથ ધરાયેલ ચર્ચામાં પાવાગઢ (માંચી)ની જમીન પંચમહાલ કલેક્ટરને સૌ-પ્રથમ હવાલે કરી દો પાછળથી બુધ ગોઠવણ મુજબ થઈ રહેશે. આ ચર્ચાઓ વચ્ચે થોડો ઘણો હિસ્સો જિલ્લા પંચાયતની આવક માટે ફાળવવામાં આવશે આ હૈયાધારણાઓનો વિશ્વાસ આપવામાં આવ્યો હતો.

ચારિત્ર્ય પર શંકા રાખતા પતિની હત્યા કરી હતી:કોરોના ટેસ્ટ કરાશે

કાલોલના વાંટામાં પતિને મોતને ઘાટ ઉતારનાર પત્નીની ધરપકડ

ગોધરા, તા.૨૮

કાલોલ તાલુકાના વરવાળા પંચાયતમાં આવેલા વાંટા ગામના પ્રવિણભાઈ બારીયા(ઉ.વ, ૪૨) એ પાંચ વર્ષ અગાઉ ગામના એક નાગરિકની પત્ની સવિતાને ગામમાંથી ભગાડીને લઈ જતા અંતે તેમના સમાજના રીતરિવાજ મુજબ સમાધાન કરી સવિતાને પ્રવિણભાઈ બારીયાને સોંપી હતી.

સવિતાનું અગાઉ પણ લગ્ન થયું હતું જેથી પ્રવિણ બારીયા તેનો ત્રીજો પતિ બન્યો હતો. જોકે પાછલા ચાર-પાંચ વર્ષથી બંને પતિ પત્ની ખેતીકામ કરી ગુજરાન ચલાવતા હતા પરંતુ લગ્નના આટલા સમય સુધી તેમના સંસારમાં સંતાનની ખોટ હતી.

તદ્ઉપરાંત સવિતાને ગામના કોઈ સોમા કાભઈ સાથે સબંધ હોવાનો વહેમ પ્રવિણને જતા પતિ પત્ની વચ્ચે અવારનવાર ઝઘડા થતા રહેતા હતા. જે મધ્યે રવિવારે ગોધરાથી ડાંગરનો પાક જોવા વરવાળા આવેલા કાકાની ફરિયાદની વિગતો મુજબ રવિવારે બપોરે તેઓ તેમના ઘેર હતા એ સમયે મોબાઈલ પર ફોન આવ્યો હતો કે તેમના ભત્રીજા પ્રવીણને સવિતા સાથે ઝગડો થતા સવિતાએ લાકડીથી પ્રવિણને માર મારતા બેભાન પડ્યો હોવાનું જાણવા મળતા તેમને ઘટના સ્થળે દોડી જતા પ્રવિણ પ્રવિણ બેભાન અવસ્થામાં કણસતો પડ્યો હતો ૧૦૮ આવે તે પહેલાં પ્રવિણનું પ્રાણ પંખેરુ ઉડી ગયું હતું. સવિતાની અટકાયત કરી કોરોના ટેસ્ટ માટે કોરોના

લા લિગાની ૨૦૨૦-૨૦૨૧ સીઝનની પોતાની પહેલી મેચમાં વિલેરિયલને ૪-૦ થી એકતરફી હાર મેળવી હતી

બાર્સિલોનાએ વિલેરિયલને હરાવ્યું

૧૭ વર્ષીય અનસુએ પ્રથમ ૨૦ મિનિટમાં જ બે ગોલ સાથે બાર્સેલોનાને સારી શરૂઆત આપી હતી

માન્ચેસ્ટર,તા.૨૮

રવિવારે બાર્સેલોનાએ તેમની સત્તાવાર લા લિગા સીઝન ડેબ્યુ કર્યું હતું અને તે સફળ રહ્યું હતું કેમ કે બ્લેગરાનાએ વિલરેલ પર પ્રભુત્વ મેળવ્યું હતું જ્યારે કેમ્પ નૌ ખાતે ૪-૦થી વિજય મેળવ્યો હતો. બધા લક્ષ્યો પ્રથમ ભાગમાં આવ્યા હતા, જેણે અમને પુષ્કળ પ્રોત્સાહક સંકેતો આપ્યા હતા અને બતાવ્યું હતું કે રોનાલ્ડ કોમેન એક સારી ટીમ બનાવી શકે છે.યંગસ્ટર અન્સુ ફાટીના બે ગોલ સાથે, સ્પેનિશ ક્લબ એફસી બાર્સિલોનાએ લા લિગાની ૨૦૨૦-૨૦૨૧ સીઝનની પોતાની પહેલી મેચમાં વિલેરિયલને ૪-૦ થી એકતરફી પરાજિત કરી હતી. ઈએસપીએન દ્વારા અહેવાલ મુજબ, ૧૭ વર્ષીય અનસુએ પ્રથમ ૨૦ મિનિટમાં જ બે ગોલ સાથે બાર્સેલોનાને સારી શરૂઆત આપી હતી. અનસુએ ૧૫ મી અને ૧૯ મી મિનિટમાં ગોલ કર્યા. તેમના સિવાય સ્ટાર ફૂટબોલર લિયોનેલ મેસ્સીએ ૩૫ મી મિનિટમાં પેનલ્ટી ફટકારીને બાર્સેલોનાને ૩-૦ થી આગળ કરી દીધી. ત્યારબાદ બાર્સિલોનાની ટીમે ૪૫ મી મિનિટમાં ટોરેસના આપઘાત ગોલની મદદથી અડધા સમયે ૪-૦ થી આગળ વધાર્યું હતું. અડધા સમય પછી, બાર્સેલોના એક પણ ગોલ કરી શક્યો નહીં અને તે જ સ્કોરથી તેને બનાવ્યો. ગયા મહિને ચેમ્પિયન્સ લીગમાં બાયરન મ્યુનિકથી ૨-૮ થી પરાજિત થયા બાદ બાર્સેલોનાની ટીમ તેની પ્રથમ સત્તાવાર મેચ રમી રહી હતી.એક મજબૂત શરૂઆત એક અસ્થિર રમતમાં ફેરવાઈ કારણ કે રીઅલ બેટિસે બેનિટો વિલામારીન પર રીઅલ મેડ્રિડને તેમના પૈસા માટે એક રન આપ્યો. ઝિદાનેએ બીજી નવી લાઈનઅપ પસંદ કરી, જે એક સશક્ત મિડફિલ્ડ કોર સાથે હતું, પરંતુ તે પિચ પર કામ કરી શકી નહીં અને તે કાગળ પર પણ હતી.

રમત શરૂ કરવા માટે વિલેરિયલ એ વધુ સારી ટીમ હતી. ત્રણ મિનિટ માટે. તે પછી, તે જોવાનું લગભગ ડરામણી હતું કે પ્રભાવશાળી બારીઆ એક સુંદર ટીમની સામે કેવી દેખાતી હતી. બ્લેગરાનાએ ખૂબ તીવ્રતા બતાવી ગુમાવતા અને બધા સમયે ખરેખરઉનચા દબાવતા હતા અને સ્માર્ટ પાસિંગ અને હલનચલનની તકો ભી કરવા માટે ગ્રીઝમેન, ક ઝટિન્હો, અનસુ ફાટી અને મેસ્સીના આગળના ચાર સતત સતત અંતિમ ત્રીજા સ્થાને ફરતા હતા.

પૂર્વ ચેમ્પિયન સિમોના હાલેપ ફ્રેન્ચ ઓપનના બીજા રાઉન્ડમાં પહોંચી

હાલેપે સારા સોરીબિઝ ટોર્મોને હરાવી ૧૦ સીધી રમતો જીતી

રોમ,તા.૨૮

ટોચના ક્રમાંકિત રોમાનિયાની સિમોના હાલેપ ફ્રેન્ચ ઓપન ટેનિસ ટૂર્નામેન્ટની મહિલા સિંગલ્સના બીજા રાઉન્ડમાં સ્થાન મેળવ્યું, હાલેલેપ વિશ્વમાં બીજા ક્રમે છે, પરંતુ કોરોના વાયરસની ચિંતાને કારણે બચાવ ચેમ્પિયન એશ બાર્ટીએ પેરિસમાં નહીં રમવાનું નક્કી કર્યું, તેથી તેને ટોચની અગ્રતા આપવામાં આવી છે.ટોચના ક્રમાંકિત સિમોના હેલેપે સારા સોરીબિઝ ટોર્મોને હરાવી ૧૦ સીધી રમતો જીતીને રવિવારે ફ્રેન્ચ ઓપનના બીજા રાઉન્ડમાં પહોંચી અને તેની જીતનો દોર ૧૫ મેચ સુધી લંબાવ્યો. હેલેપે તેના ૨૯ મા જન્મદિવસ પર જીતી હતી, પરંતુ કોરોનાવાયરસ રોગચાળો એટલે કે ખેલાડીઓ તેમની હોટલોના સુરક્ષાના પરપોટાની અંદર લ ર્ઝ્ઠીક્ક રહેવા માટે સાંજ માટે ન્યુનતમ ઉજવણી કરવાની યોજના બનાવી હતી.“તે મારા જન્મદિવસ પર રોલેન્ડ ગેરોસ પર રમવાનો ખરેખર ખાસ દિવસ હતો,” તેણે કહ્યું. ઉજવણી કરી શકતો નથી કારણ કે મારે ઓરડામાં રહેવાનું છે, તેથી મારી પાસે પાણીની બોટલ હશે.”કોર્ટ ફિલિપ ચેટિયર પર ઠંડીની શરતોનો સામનો કરવા માટે જાડા બ્લેક લેગિંગ્સ અને લાંબા ગાળાના ગુલાબી જર્સી પહેરીને, ૨૦૧૮ ચેમ્પિયનએ અનફેહરસ્ડ ભૂલોની શ્રેણી બનાવી અને ૪-૨થી પાછળ રહી.

નાની બાઉન્ડ્રીને કારણે છગ્ગાનો વરસાદ થયો

સંજૂ સેમસને લગાવી છગ્ગાની સદીઃ ખાસ ક્લબમાં સામેલ થયો

દુબઈ,તા.૨૮

ઈન્ડિયન પ્રીમિયર લીગની ૧૩મી સીઝનમાં શારજાહના મેદાન પર કિંગ્સ ઈલેવન પંજાબ અને રાજસ્થઆન રોયલ્સ વચ્ચે રોમાંચક મુકાબલો રમાયો હતો. નાની બાઉન્ડ્રી હોવાના કારણે અહીં છગ્ગાનો વરસાદ થયો. કિંગ્સ ઈલેવન પંજાબે ટૉસ હારી પહેલાં બેટિંગ કરી અને પહેલી ઈનિંગમાં ૨૨૩ રનનો વિશાળ સ્કોર ખડકી દીધો હતો. પોતાની ઈનિંગ દરમ્યાન પંજાબે ૧૧ છગ્ગા અને ૨૦ ચોગ્ગા ફટકાર્યા. જ્યારે રનનો પીછો કરવા ઉતરેલી રાજસ્થાનની ટીમે શાનદાર શરૂઆત કરી અને પાવરપ્લેની સમાપ્તિ સુધી ૧ વિકેટ ગુમાવી ૬૯ રન બનાવી લીધા હતા.રાજસ્થઆનની ટીમે આ વર્ષે પાવરપ્લેમાં બનાવેલ સૌથી વધુ રનનો રેકોર્ડ તોડી નાખ્યો જે આ મેચમાં કિંગ્સ ઈલેવન પંજાબે પહેલી ઈનિંગમાં ૬૦ રન બનાવી પોતાના નામે કર્યો હતો. આ દરમ્યાન સંજૂ સેમસન પણ એક મોટો રેકોર્ડ પોતાના નામે કરી ચૂક્યો છે.સંજૂ સેમસને પોતાની ઈનિંગની શરૂઆત છગ્ગા સાથે કરી અને પાવરપ્લે ખતમ થવા સુધી સંજૂએ ૧૨ બોલમાં ૨૪ રન બનાવી લીધા. આ દરમ્યાન સંજૂ સેમસનની ટીમે ૨ છગ્ગા લગાવ્યા અને આઈપીએલમાં છગ્ગાની સદી ફટકારવાનું કારનામું કરી દેખાડ્યું.

ફ્રેન્ચ ઓપન ૨૦૨૦: સ્ટેન વાવરિંકાએ એન્ડી મરેને હરાવ્યો

એન્ડી મરેન આખી મેચમાં માત્ર છ રમતો જીતી શક્યો

રોમ,તા.૨૮

સામાન્ય રીતે ગ્રાન્ડ સ્લેમના પ્રથમ રાઉન્ડમાં બે ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયનનો સામનો કરવો પડતો નથી પરંતુ તે ફ્રેન્ચ ઓપનના શરૂઆતના રાઉન્ડમાં જોવા મળ્યો હતો જેમાં સ્ટેન વાવરિંકાએ એન્ડી મરેને પરાજિત કરી હતી જ્યારે યુએસ ઓપનના રનર અપ એલેક્ઝાન્ડર ઝવેરેવ પણ બીજા રાઉન્ડમાં આગળ વધ્યો હતો. કોરોના વાયરસ રોગચાળાને કારણે ફ્રેન્ચ ઓપન મેને બદલે સપ્ટેમ્બરમાં થઈ રહી છે. ફ્રાન્સમાં કોરોના વાયરસના વધતા જતા કેસોને કારણે, માત્ર ૧૦૦૦ દર્શકોને જ પ્રવેશવાની મંજૂરી આપવામાં આવી હતી. રવિવારે રમાયેલી મેચમાં વાવરિંકાએ મરેને ૯૭ મિનિટમાં ૬-૧,૬-૨,૬-૩ થી હરાવી. મુરે આખી મેચમાં માત્ર છ રમતો જીતી શક્યો, જે તેની ૨૩૭ ગ્રાન્ડસ્લેમ મેચનું ખરાબ પ્રદર્શન છે. ૨૦૧૪ માં પણ, તેણે ૧૨ વખતની ચેમ્પિયન રફેલ નડાલને રોલેન્ડ ગેરોસથી હાર્યો હતો.

જ્યારે રોલેન્ડ ગેરોસનો ડ્રો બનાવવામાં આવ્યો હતો, ત્યારે મેચ-અપ કે જેમાં સૌથી વધુ ધ્યાન ખેંચાયું હતું તે સ્ટેન્ડ વાવરિંકાએ ત્રણ વખતના ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયનના યુદ્ધમાં એન્ડી મરે સામે કર્યું હતું. તે એક બ્લોકબસ્ટર અથડામણ હતી, પરંતુ વોરિંકાએ રવિવારે કોર્ટ ફિલિપ-ચેટિયર પર પગ મૂક્યા પછી નાટકને વધુ બનાવવાની મંજૂરી આપી નહીં.

સિવસ સ્ટાર પેરિસમાં બીજા રાઉન્ડમાં પહોંચવા માટે મરેને ૬-૧, -૩--૩, -૨-૨થી પરાજિત કર્યો હતો. ૨૦૧૫ ના ચેમ્પિયનએ શાનદાર સ્થિતિમાં એક મજબૂત મેચ રમી હતી, જે તેની એક કલાકમાં, ૩૭ મિનિટની જીતમાં અખંડ રહી હતી.

૬૮ મિલિયન યુરો વત્તા એડ ઓન માટે સહી કરી

માન્ચેસ્ટર સિટી બેનફિકાથી ડિફેન્ડર રુબેન ડાયસ સાથે કરાર કર્યો

માન્ચેસ્ટર,તા.૨૮

માન્ચેસ્ટર સિટીએ બેનફીકાથી ડિફેન્ડર રુબેન ડાયસ પર ૬૮ મિલિયન યુરો વત્તા એડ ઓન માટે સહી કરવાનો કરાર કર્યો છે, એમ પોર્ટુગીઝ ક્લબે જણાવ્યું છે. બેનિફિકાએ કહ્યું કે, શહેરના આર્જેન્ટિનીના ડિફેન્ડર નિકોલસ ઓતામેંડી ૧૫ મિલિયન યુરોની અલગ ટ્રાન્સફરમાં બીજી રીતે આગળ વધશે. બેનફિકાએ રવિવારે એક નિવેદનમાં સ્થાનાંતરણની પુષ્ટિ કરી હતી પરંતુ કહ્યું હતું કે ખેલાડીઓએ હજી પણ તેમના સંબંધિત કરારો પર હસ્તાક્ષર કરવાની જરૂર રહેશે. બેનિફિકાએ કહ્યું કે, શહેરના આર્જેન્ટિનીના ડિફેન્ડર નિકોલસ ઓતામેંડી ૧૫ મિલિયન યુરોની અલગ ટ્રાન્સફરમાં બીજી રીતે જશે. તેમના સંબંધિત કરારો પર હસ્તાક્ષર કરવાની જરૂર રહેશે. ૨૩ વર્ષિય ડાયસ, પોર્ટુગીઝ ક્લબ સાથે ચાર-વર્ષના સ્પેલ દરમિયાન ૧૩૭ દેખાવ કરી રહ્યો છે, જેમાં ૨૦૧૮-૧૯માં લીગનો ખિતાબ જીત્યો હતો. તેણે પોર્ટુગલ માટે ૧૯ કેપ્સ જીતી લીધી છે અને ગયા વર્ષે યુઇએફએ નેશન્સ લીગ ટ્રોફી ઉપાડનારી ટીમનો ભાગ હતો. તેમનું આગમન લીકેસ્ટર સિટીને રવિવારે પાંચ ગોલ ફટકારતા એક લીકી શહેરનું સંરક્ષણ કિનારે મદદ કરશે.

આઈપીએલની નવમી મેચ ભારે રોમાંચક રહી હતી

નિકોલસ પૂરને છગ્ગો બચાવવા બોલને બાઉન્ડ્રીથી બહાર જતા રોકયો

દુબઈ,તા.૨૮

આઈપીએલની નવમી મેચ ભારે રોમાંચક રહી. જેમાં ચોગ્ગા છગ્ગાના વરસાદની સાથે ખેલાડીઓની શાનદાર ફિલ્ડિંગના ઝલવા પણ જોવા મળ્યા. આ મેચમાં કેટલાય રેકોર્ડ બન્યા, પરંતુ નિકોલસ પૂરનની ફિલ્ડિંગે દિગ્ગજોને પણ અચંભામાં નાખી દીધા. પૂરને બાઉન્ડ્રી પર હવામાં ઉછળતાં બોલને સીમા રેખાથી બહાર જતી રોકી દીધી. તેમની આ ફિલ્ડિંગને જોઈ મહાન ક્રિકેટર સચિન તેંડુલકર, ભારતના પૂર્વ ઓપનર વીરેન્દ્ર સહેવાગ, ઈંગ્લેન્ડના પૂર્વ કેપ્ટન કેવિન પીટરસન, ઓસ્ટ્રેલિયાના પૂર્વ ક્રિકેટર માઈકલ સ્લેટર અને દુનિયાના ઓલટાઈમ બેસ્ટ ફીલ્ડર જૉંટી રોડ્સ દંગ રહી ગયા.પૂરનની ફિલ્ડિંગ જોઈ તેંડુલકર ખુદને રોકી ના શક્યા અને ટ્વીટ કરી નાખ્યું. તેંડુલકરે લખ્યું, “આ સૌથી શ્રેષ્ઠ ફિલ્ડિંગ છે, આવો નજારો મેં મારી જિંદગીમાં ક્યારેય નહોતો જોયો.” રાજસ્થાન રોયલ્સની ઈનિંગમાં સંજૂ સેમસન તોફાની બેટિંગ કરી રહ્યા હતા. ઈનિંગની ૮મી ઓવરમાં સેમસને રવિ બિશ્નોઈની બોલને મિડવિકેટ તરફ ફટકારી. એવું લાગ્યું કે બોલ ૬ રન માટે બાઉન્ડ્રી બહાર જઈ રહી છે. ત્યારે જ ત્યાં ઉભેલા નિકોલસ પૂરને સ્પાઈડરમેનની જેમ ડાઈવ લગાવી દીધી અને ૬ રનને ૨ રનમાં બદલી દીધા. પૂરનનું માથું બાઉન્ડ્રી તરફ અને પગ પિચ તરફ હતા. બોલને પકડતી વખતે અને બાઉન્ડ્રી લાઈનની અંદર ફેંકતી વખતે તેમનું આખું શરીર હવામાં હતું. તેમના આ બેલેંસને જોઈ બધા જ અચંભો પામ્યા હતા.વીરેન્દ્ર સહેવાગે ટ્વીટ કરી કહ્યું, “ગ્રેવિટી નામની ચીજ જ ભૂલાવી દીધી.

મોદી છે ત્યાં સુધી ભારત-પાક. વચ્ચે સીરીઝ નહીં યોજાયઃઆફ્રિદી

લાહોર,તા.૨૮

પાકિસ્તાની ક્રિકેટરોને ઈન્ડિયન પ્રીમિયર લીગમાં રમવાની તક નથી મળતી. જેથી તેને લઈને પાકિસ્તાની ક્રિકેટરોની હતાશા સામે આવતી રહેતી હોય છે. આ કડીમાં પાકિસ્તાનના પૂર્વ કેપ્ટન અને ઓલરાઉન્ડર શાહિદ આફ્રિદીની પણ અકળામણ સામે આવી છે. તેણે કહ્યું છે કે જ્યાં સુધી ભારતમાં નરેન્દ્ર મોદીની સરકાર રહેશે ત્યાં સુધી ભારત અને પાકિસ્તાનની વચ્ચે બાઈલેટ્રલ સીરીઝ નહીં યોજાઈ શકે. તેણે કહ્યું કે પાકિસ્તાની ક્રિકેટર આઈપીએલને મિસ કરી રહ્યા છે. આફ્રિદીના પાકિસ્તાની યુવા ક્રિકેટરોને આ લીગમાં રમવાથી ઘણો ફાયદો થાત. અરબ ન્યૂઝ સાથે વાતચીત કરતાં શાહિદ આફ્રિદીએ કહ્યું કે, પાકિસ્તાનની સરકાર હંમેશા ભારત સાથે ક્રિકેટ રમાડવા માટે તૈયાર છે. પરંતુ ભારતમાં હાલની સરકાર છે બંને દેશો વચ્ચે ક્રિકેટની કોઈ આશા નથી.

ઇટાલી લીગ

જુવેન્ટસ્ માટે રોનાલ્ડો દ્વારા બે ગોલ થતાં રોમા સામેની મેચ ડ્રો થઇ

ઇટાલીની સેરી- એ લીગમાં ૨-૨થી બરાબરી થઇ

ઈટલી,તા.૨૮

ઈટાલીની સેરી- એ લીગમાં રમાયેલી મેચમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન જુવેન્ટસ રોમાની ૨-૨ થી બરાબરી કરી રહ્યો હતો, સ્ટાર ફૂટબોલર ક્રિસ્ટીઆનો રોનાલ્ડોના બે ગોલને કારણે. રોમાએ વેરેટઆઉટથી ૩૧ મી મિનિટમાં પેનલ્ટી પરના ગોલથી તેમનું ખાતું ખોલ્યું. પરંતુ રોનાલ્ડોએ ૪૪ મી મિનિટમાં ગોલ કરીને સ્કોર બરાબરી કરી લીધો. જો કે, ત્યારબાદ રોમાએ ઈજા સમયે વેરેટઆઉટના પ્રથમ હાફ ગોલની સહાયથી ૨-૧ ની લીડ લીધી હતી. બીજા હાફમાં તેના ૧૦ ખેલાડીઓ સાથે રમનાર જુવેન્ટસ ૬૯ મી મિનિટમાં રોનાલ્ડોના ગોલથી ગોલ કરીને ૨-૨ થી બરાબરી કરી શક્યો. મેચની ૬૨ મી મિનિટમાં જુવેન્ટસના રુબિયોટને લાલ કાર્ડ બતાવવામાં આવ્યું અને ટીમે અંત સુધી તેના ૧૦ ખેલાડીઓ સાથે ફરી રમવું પડ્યું. લીગમાં બે મેચ બાદ જુવેન્ટસની ટીમ પાંચમાં સ્થાને છે જ્યારે રોમા એક પોઈન્ટ સાથે ૧૩ મા ક્રમે છે.

અજબ ગજબ

વારાણસીના આ વકિલ પત્ર લખવાથી લઈને કોર્ટના જજની સામે પણ દલીલો સંસ્કૃતમાં જ કરે છે

દેશના એક માત્ર વકીલ જે કોર્ટમાં દલીલો સંસ્કૃત ભાષામાં કરે છે!

મોટાભાગે દેશની અદાલતોમાં વકીલો હિન્દી અથવા અંગ્રેજી ભાષામાં કામ કરે છે, મોટાભાગના વકીલો અંગ્રેજી ભાષા પસંદ કરે છે, પરંતુ વારાણસીમાં એવા વકીલો છે કે જેઓ અંગ્રેજી કે હિન્દીમાં લખતા નથી, તેઓએ તેમના કાર્ય માટે સંસ્કૃતનો ઉપયોગ કર્યો છે. ભાષા પસંદ થયેલ છે. આ વકીલ આચાર્ય શ્યામ ઉપાધ્યાય છે, જે છેલ્લા ૩૮ વર્ષથી સંસ્કૃત ભાષામાં પોતાનું તમામ કામ કરે છે. વારાણસીના વકીલ શ્યામ ઉપાધ્યાયે સંસ્કૃતમાં સોગંદનામું જ લખ્યું નથી, પરંતુ તે સંસ્કૃત ભાષામાં પણ કોર્ટની તપાસ કરે છે. શ્યામ ઉપાધ્યાય સંસ્કૃતમાં આચાર્ય અને બીએએલબી છે. ૧૯૭૮ થી આજ સુધી, તેઓ કોર્ટનું કાર્ય સંપૂર્ણપણે સંસ્કૃતમાં કરે છે. આચાર્ય શ્યામ ઉપાધ્યાયના સંસ્કૃત પ્રત્યેના જોડાણ પાછળનું કારણ તેમના પિતાએ જણાવ્યું છે. તે કહે છે કે કોર્ટનું કામ સંસ્કૃતમાં નથી થયું, કે તે નાનપણથી જ પરેશાન હતો. વર્ગ સાતમાં, શ્યામે નિર્ણય કર્યો હતો કે તે વકીલ બનશે અને કોર્ટમાં સંસ્કૃત ભાષાનો ઉપયોગ કરશે. તેથી જ શ્યામે બીએએલબી કર્યા પછી કોર્ટમાં કામ શરૂ કર્યું. અને બધા કામ સંસ્કૃતમાં થયાં. કાળા રંગનો કોટ પહેરીને એડવોકેટ આચાર્ય શ્યામ ઉપાધ્યાયે કપાળ પર ત્રિપુંડ અને તિલક લગાવે છે. એટલું જ નહીં, સંસ્કૃતમાં, તેઓ તેમની સાથે કેસ લાવનારા લોકોને ખૂબ જ સરળતાથી સમજાવે છે. પછી તે સંસ્કૃતમાં પત્રો પણ લખે છે

દેવવાણી સંસ્કૃતને ભાષાઓની જનની કહેવામાં આવે છે. બદલાતા પરિવેશની સાથે સાથે સંસ્કૃતની ઓળખાણ સમેટાતી ગઈ. ત્યારે હવે સંવિધાનની આઠમી અનૂસૂચિમાં નોંધાયેલી ૨૨ ભાષાઓમાં તેની ઓળખાણ સૌથી ઓછી બોલાતી ભાષાઓના રૂપમાં થાય છે. સંસ્કૃત ભાષાને બોલચાલની ભાષામાં સામેલ કરવા માટે મહાદેવ નગરી કાશીમાં એક વકીલ છેલ્લા ૪૨ વર્ષથી અનોખી મુહિમ ચલાવી રહ્યા છે.

૧૯૭૮થી સંસ્કૃતની મુહિમ ચાલુ કરી છે ! વારાણસીના આચાર્ય શ્યામ ઉપાધ્યાય કદાચ દેશના એક માત્ર એવા વકીલ હશે, જે કોર્ટમાં તમામ કામકાજ સંસ્કૃત ભાષામાં કરે છે. એ સિલસિલો લગભગ ૧૯૭૮થી ચાલુ છે. પત્ર લખવાથી લઈને કોર્ટના જજની સામે પણ દલીલો સંસ્કૃતમાં જ કરે છે.

કચેરીમાં તમામ કામ સંસ્કૃતમાં જ કરે છે !આચાર્ય શ્યામ ઉપાધ્યાય જણાવે છે કે, નાનપણથી હું મારા પિતા પાસે સાંભળતો હતો કે, કચેરીમાં તમામ કામકાજ હિન્દી, અંગ્રેજી અથવા ઉર્દૂ ભાષામાં થાય છે. સંસ્કૃતનો ઉપયોગ થતો નથી. ત્યારથી મેં મારા મનમાં નક્કી કરી લીધુ કે, હું વકીલ બનીશ અને કચેરીમાં તમામ કામ સંસ્કૃતમાં જ કરીશ. ૧૯૭૮થી કચેરીમાં હું તમામ કેસ સંસ્કૃતમાં જ લડુ છુ, અને તેમાં સફલતા પણ મેળવી. આચાર્ય શ્યામ ઉપાધ્યાય જણાવે છે કે, શરૂઆતના સમયમાં તો હું તમામ કાગળ સંસ્કૃતમાં લખીને લઈ જતો અને જજની સામે રાખતો ત્યારે જજ પણ ડઘાઈ જતાં હતાં. આજે પણ જ્યારે તેઓ વારાણસીની કોર્ટમાં આવે ત્યારે સંસ્કૃતમાં જ લખેલા કાગળ લઈને આવે છે.

આચાર્ય શ્યામ ઉપાધ્યાય જણાવે છે કે, કોઈ પણ કેસમાં જ્યારે દલીલો થાય ત્યારે પણ તેઓ સંસ્કૃત ભાષાનો જ ઉપયોગ કરે છે. ત્યારે આવા સમયે જજને પણ અનુવાદકની મદદ લેવી પડે છે. અનુવાદક દ્વારા મારા આપેલી દલીલો કોર્ટ સાંભળે છે.

વૈશ્વિક અનિશ્ચિતતાના પગલે આંતરરાષ્ટ્રીય બજારોમાં ભાવમાં ઘટાડો નોંધાયો

અમદાવાદ ઝવેરી બજારમાં ૧ કિલો ચાંદીના ભાવમાં રૂ.૧૦૦ નો ઘટાડો

ઓક્ટોબર મહિનામાં સોના-ચાંદીના ભાવમાં હજી ઘટાડો નોંધાઈ શકે છે : નિષ્ણાતો

અમદાવાદ,તા.૨૮

વૈશ્વિક અનિશ્ચિતતાના પગલે આજે આંતરરાષ્ટ્રીય બજારોમાં સોના-ચાંદીના ભાવમાં ઘટાડો નોંધાયો હતો. જેની અસર ભારતીય બુલિયન માર્કેટમાં પડી હતી. અમદાવાદ ઝવેરી બજારમાં એક કિલો ચાંદીના ભાવમાં માત્ર ૧૦૦ રૂપિયાનો ઘટાડો નોંધાયો હતો. જ્યારે ૧૦ ગ્રામ સોનાના ભાવમાં પાછલા બંધ ભાવમાં કોઈ ફેરફાર ન થતાં સોનાનો ભાવ સ્થિર રહ્યો હતો. નિષ્ણાંતોનું માનવું છે કે ઓક્ટોબર મહિનામાં સોના-ચાંદીના ભાવમાં હજી ઘટાડો

નોંધાઈ શકે છે.નિષ્ણાંતોનું માનવું છે કે નવેમ્બર મહિનામાં દિવાળી અને ધનતરેસના તહેવારોના પગલે સોના-ચાંદીની માંગમાં વધારો થવાની સાથે બંને કિંમતી ધાતુઓના ભાવમાં પણ વધારો જોવા મળશે. જે લોકો સોનાની ખરીદી કરવા ઈચ્છે તે થોડા દિવસ રોકાઈને ઓક્ટોબર મહિનાના અંતમાં દાગીનાની ખરીદી શકી શકે છે. જેમના માટે લાભદાયી રહેશે. અમદાવાદ બુલિયન માર્કેટમાં આજે સોમવારે સપ્તાહના પહેલા દિવસે એક કિલો ચાંદીના ભાવમાં ૧૦૦ રૂપિયાનો નજીવો ઘટાડો નોંધાતા ચાંદી ચોરસાનો ભાવ રૂ.૫૮,૨૦૦ રૂપિયા અને ચાંદી રૂપુંનો ભાવ ૫૮,૦૦૦ રૂપિયાની સપાટીએ રહ્યો હતો. જોકે, ગત શનિવારે સપ્તાહના છેલ્લા દિવસે એક કિલો ચાંદીના ભાવમાં ૮૦૦ રૂપિયાનો સુધારો થતાં ચાંદી ચોરસા ૫૮,૩૦૦ રૂપિયા અને ચાંદી રુંપુનો ભાવ ૫૮,૧૦૦ રૂપિયાની સપાટીએ પહોંચી હતી.

આઇસી આઇસી આઇ બેંકે આજની બજારની તેજીમાં સૌથી વધુ યોગદાન આપ્યું

સકારાત્મક સંકેતોથી શેરબજારમાં ઉછાળો: સેન્સેક્સ ૫૯૨ અંક પ્લસ

મુંબઈ,તા.૨૮

સ્થાનિક શેરબજાર આજે બંધ થતા પણ ઉછાળો જોવા મળ્યો છે. તેથી માર્કેટમાં ખુશી છવાઈ છે. જેમાં સેન્સેક્સ +૫૯૨.૯૭ પોઈન્ટ એટલે ૧.૫૯% ટકાના વધારા સાથે ૩૭,૯૮૧.૬૩ પર બંધ થયો છે. તેમજ નિફ્ટી +૧૭૭.૩૦ પોઈન્ટ એટલે ૧.૬૦%ટકાના વધારા સાથે ૧૧,૨૨૭.૫૫ પર બંધ રહી છે.

દિગ્ગજ શેરની વાત કરીએ તો આજે ઈન્ડસઈન્ડ બેંક, બજાજ ફાઈનાન્સ, એક્સિ બેંક, ઓનજીસી અને ટાટા મોટર્સના શેર લીલા નિશાન સાથે બંધ થયા છે. તેમજ વિપ્રો, હિન્દુસ્તાન યુનિલીવર, નેસ્લે ઈન્ડિયા અને ઈન્ફોસિસના શેર લાલ નિશાન પર બંધ થયા છે.

સેક્ટોરિયલ ઈન્ડેક્સ પર નજર કરીએ તો બધા સેકટરો લીલા નિશાન સાથે બંધ થયા છે. તેમાં ફાઈનાન્સ સર્વિસીઝ, બેંક, પ્રાઈવેટ બેંક, એફએમસીજી, રિયાલ્ટી, આઈટી, ફાર્મા, ઓટો, મીડિયા, પીએસયુ બેંક અને મેટલ શામેલ છે.

સેન્સેક્સ પર ઈન્ડસઈન્ડ બેક, બજાજ ફાઈનાન્સ, એક્સિસ બેક, પાવર ગ્રીડ કોર્પ, ONGC સહિતના શેર વધીને બંધ રહ્યાં હતા. ઈન્ડસઈન્ડ બેક ૭.૮૫ ટકા વધીને ૫૫૪.૯૫ પર બંધ રહ્યો હતો. બજાજ ફાઈનાન્સ ૬.૨૯ ટકા વધીને ૩૩૩૫.૭૫ પર બંધ રહ્યો હતો. જોકે HUL, ઈન્ફોસિસ, નેસ્લે સહિતના શેર ઘટીને બંધ રહ્યાં હતા. HUL ૦.૬૬ ટકા ઘટીને ૨,૦૬૪.૧૦ પર બંધ રહ્યો હતો. ઈન્ફોસિસ ૦.૧૫ ટકા વધીને ૧,૦૦૯.૫૦ પર બંધ રહ્યો હતો. આજના ટોપ ૫ ગેનર્સમાં ૩ ફાઈનાન્સ કંપનીઓ હતી. ઈન્ડસિન્ડ બેંક ૮%, બજાજ ફાઈનાન્સ ૬.૩૦%, એક્સિસ બેંક૬% ઉંચકાયા છે. જોકે સામે પક્ષે આજે HUL પોણો ટકો ડાઉન હતો. સેન્સેકસના ૩૦માંથી ૨૭ શેર પોઝીટીવ બંધ આવ્યા છે. ICICI બેંકે આજની બજારની તેજીમાં સૌથી વધુ યોગદાન આપ્યું હતુ. ICICIએ ૯૧ અંક અને એક્સિસ બેંકે ૫૮ અંકોનો સહારો આપ્યો છે.

રાજકોટ બેડી માર્કેટ યાર્ડમાં મગફળીની આવક થતા હરાજી શરૂ કરવામાં આવી

રાજકોટ,તા.૨૮

રાજકોટ બેડી માર્કેટ યાર્ડમાં આજથી ફરી એક વખત મગફળીની હરાજી શરૂ થઈ ગઈ છે. જેથી રાજકોટ, કાલાવડ અને હળવદ વિસ્તારમાંથી ખેડૂતો મગફળી લઈને બેડી માર્કેટ યાર્ડમાં વહેલી સવારથી પહોંચી ગયા છે.

હાલ ખેડૂતોને મગફળીનો ભાવ ૮૦૦થી ૯૭૦ રૂપિયા સુધી મળી રહ્યો છે. પરંતુ ખેડૂતોને મગફળીનો ભાવ ૧૧૦૦થી વધુ મળે તેવી આશા રાખી રહ્યાં છે.

સૌરાષ્ટ્રમાં પડેલા ભારે વરસાદના પગલે સારૂ ગુણવત્તા યુક્ત મગફળીની અછત જોવા મળે તેવી શક્યતા છે. હજુ પણ ભેજવાળી મગફળી જોવા મળી રહી છે. જેના કારણે ખેડૂતોને મગફળીનો પૂરતો ભાવ મળતો નથી. માર્કેટ યાર્ડના અધિકારીઓએ ખેડૂતોને અપીલ કરી છે કે મગફળી સુકવીને લાવવી જેથી કરીને ખેડૂતોને પુરતાં ભાવ મળે.

એક અઠવાડિયા પહેલા રાજકોટમાં યાર્ડમાં રેકોર્ડ બ્રેક ૨૪૦૦ ક્વિન્ટલ મગફળીની આવક થઈ હતી. હરાજી પૂર્ણ થયા બાદ મગફળીની આવક બંધ કરવામાં આવી હતી. જે બાદ આજથી મગફળીની આવક શરૂ ગઈ છે.

સર્વ સમાજની યોજાયેલી બેઠકમાં પોલીસને ૨૪ કલાકનું અલ્ટિમેટમ અપાયું

રાપર વકીલ હત્યા કેસમાં આરોપીઓ નહીં પકડાતાં પરિવાર દ્વારા મૃતદેહનો અસ્વીકાર

ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે મૃતક વકીલના પરિવાર સાથે સમાજના ધરણા

રાપર,તા.૨૮

રાપરમાં ભાજપના ધારાસભ્યના કાર્યાલય પાસે જ ભરબજારમાં એડ્વોકેટ દેવજીભાઈ મહેશ્વરીની છરીના ઘા મારી હત્યા કરાઈ હોવાની ઘટનાને ૭૨ કલાકનો સમય વીતી ગયા બાદ પણ મૃતકના પત્ની દ્વારા તમામ આરોપીઓની ધરપકડ કરાયા બાદ જ મૃતદેહ સ્વીકારાશે તેમ જણાવી ધરણા ચાલુ રાખ્યા હતા. હત્યારા ભરત રાવલને મુંબઈથી પકડી લીધો હોવા ઉપરાંત અન્ય પાંચ આરોપીઓને પણ રાઉન્ડઅપ કરી લેવાયા હોવાનું પોલીસે જણાવ્યા બાદ ૭૨ કલાક પછી પણ પરિવારે મૃતદેહ સ્વીકારવાની ના પાડી દીધી છે. હત્યાના ત્રીજા દિવસે પણ મૃતક

દેવજીભાઈના પત્ની મિનાક્ષીબેન અને સમાજના લોકોએ ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે ધરણા ચાલુ રાખ્યા હતા. મિનાક્ષીબેને જણાવ્યું હતું કે,ઓરપીઓને પકડવામાં રાજકીય દબાણ હોય તેવું લાગી રહ્યું છે. જ્યાં સુધી બાકીના ત્રણ આરોપીઓની ધરપકડ નહીં થાય ત્યાં સુધી જે થવાનું હોય એ થાય પણ અમે મૃતદેહ નહીં સ્વીકારીએ. એસપી મયુર પાટિલે જણાવ્યું હતું કે પોલીસ આ બનાવની ઉંડી તપાસ કરી રહી છે અને જે જવાબદાર હશે તેના વિરૂધ્ધ કડક કાર્યવાહી કરાશે. રાપર તાલુકા સર્વ સમાજની મળેલી બેઠકમાં ધારાશાસ્ત્રીની હત્યાનો બનાવ દુઃખદ ગણાવી પૂર્વ કચ્છ એસપી અને રાપર મામલતદાર ને આવેદન પત્રો અપાયાં હતા જેમાં વિવિધ સમાજ ના આગેવાનો દ્વારા જણાવાયું હતું કે ગત રોજ એડવોકેટની હત્યા થઈ તેમાં પોલીસ પાસે સીસીટીવી ફૂટેજ મોજુદ છે જેમાં એક શખ્સ ઘટનાને અંજામ આપી રહ્યો છે તેમ છતાંય ૮ નિર્દોષ લોકોના નામ પોલીસે કોઈપણ જાતની પૂછપરછ કર્યા વગર અને કેટલાક ગેરકાયદે સંગઠનોના વડાઓના દબાવના કારણે તાત્કાલિક ઉમેરી દીધા છે.૩૦૨ના ગુનામાં પોલીસે તમામ પાસા ચેક કરીને કાર્યવાહી કરવી પડતી હોય છે જેના કારણે અમે પોલીસને ૨૪ કલાક નું અલ્ટીમેટમ આપીએ છીએ .

માંડવીના નગરસેવકે બાપ-દાદાનો ધંધો શાકભાજી વેચવાનું શરૂ કર્યું

માંડવી,તા.૨૮

ગમે તેવી પરિસ્થિતિમાં હિંમત હાર્યા વગર રસ્તો કરી જવો, એનું નામ જિંદગી ઉક્તિને સાર્થક કરતા માંડવીના નગર સેવકે કોરોના મહામારી વચ્ચે મોબાઈલનો ધંધો મંદ પડતાં શાકભાજી વેચવાનું શરૂ કરી નાખ્યું છે.પરિવર્તન એ સંસારનો નિયમ છે, કોરોના બાદ લોકડાઉનનો અમલ થતાં કેટલાય લોકોની જીવનશૈલીમાં બદલાવ આવ્યો છે. લોકડાઉનની વેપાર-ધંધા પર ભારે અસર પડી છે. શહેરના નગર સેવક ઘાંચી અલીમામદ રમજાન લોકડાઉન પહેલા મોબાઈલ શોપમાં એસેસરીઝ એન્ડ રીપેરિંગ કરી પોતાના પુત્ર સાથે વ્યવસાય કરતા હતા, જેમાં મંદી આવતાં આ ધંધામાં બદલાવ કરવો જરૂરી હોઈ કોઈપણ જાતની શરમ વિના શાકભાજી વેચવાનું શરૂ કર્યું છે.સુધરાઈની ગત વર્ષે યોજાયેલી ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષના બેનર હેઠળ ૨૯૭ મતોથી વોર્ડ નંબર ૬માંથી વિજયી બનેલા અલીમામદ રમજાન ઘાંચી મોબાઈલ લે-વેચના વ્યવસાયમાં મંદી આવતાં દુકાનની બહાર રેંકડી રાખી શાકભાજી વેચી રહ્યા છે. નગર સેવક ઘાંચીએ જણાવ્યું હતું કે, બાપ-દાદા આજ ધંધો કરતા હતા.

દર્દીઓની હિંમત અને ડોક્ટર્સ તેમની શક્તિ કામે લગાડી દે છે ત્યારે કોરોના પણ હાંફી જાય છે

હાર્ટ, કિડની અને ફેફસા ૯૦% કામ કરતા બંધ હોવા છતાં ખેડૂતે કોરોનાને મ્હાત આપી

રાજકોટ,તા.૨૮

કોરોનાના ગંભીર દર્દીઓની હિંમત અને કોરોના વોરિયર્સ ડોક્ટર્સ જયારે જોશ સાથે તેમની તમામ શક્તિ કામે લગાડી દે છે ત્યારે કોરોના પણ હાંફી જાય છે.રાજકોટ સિવિલ કોવીડ હોસ્પિટલમાં ડાયાબિટીસ, બીપી સાથે કોરોના થયેલા અનેક દર્દીઓ સાજા થઈ ઘરે સુખરૂપ પરત ફરે છે ત્યારે એક કિસ્સો ખુબજ પ્રેરણા પુરી પાડે છે. લગભગ ૯૦% ફેલ્યોર ફેફસા,હાર્ટ અને કિડની થઈ ગઈ હોવા છતાં ૨૨ દિવસની સઘન સારવારથી ઉપલેટાના ભાયાવદરના ૬૮ વર્ષીય ખેડૂત રમેશભાઈ માકડીયા કોરોનામુક્ત બની મોતને મહાત આપી જિંદગીને ગળે લગાવી છે.ઉપલેટાના આરોગ્ય કેન્દ્રમાં તબિયત બગડતા જયારે રમેશભાઈ દેખાડવા જાય છે ત્યારે ત્યાંના આરોગ્ય અધિકારી તેમની તબિયત જોઈ તુરંત જ રાજકોટ હોસ્પિટલમાં જવા કહે છે. જૂના ડાયાબિટીસ, હૃદય અને પ્રોસ્ટેટની તકલીફ અને ઓક્સિજન લેવલ હતું માત્ર ૭૦ તો પણ શારીરિક અને માનસિક રીતે મજબૂત રમેશભાઈ બાઈક લઈ ઘરે જઈ તેમના પરિવારજનોને આ વાત કરે છે.રાજકોટ સિવિલ ખાતે તેમનો ટેસ્ટ કરાવતા કોરોના પોઝિટિવ આવે છે અને તુરંત જ તેમને દાખલ કરવામાં આવે છે. તેઓ કોરોના સંક્રમિત થયા બાદ લગભગ એક સપ્તાહ બાદ સારવાર માટે આવેલા હતાં. હૃદયનું એક કર્ણ બ્લોક થઈ ગયું હતું.

નામ બદલેલ છે

મારા આર્મી રેકોર્ડમાં મારી પત્નીનું નામ ભૂલવશ મંદોકીની રેકોર્ડ કરેલ છે. પરંતુ વાસ્તાવિક નામ કુંદા શ્રીકાંતા ગુપ્તો છે. આ રેકોર્ડ દુરસ્ત કરવા વિનંતી
આર્મી નંબર : ૭૦૬૭૭૯૧
નાઈક શ્રીકાંતા ગુપ્તો

મારૂ જુનુ નામ
સેખ મેહમુદાબીબી હુસૈનમીયા
હતુ બદલીને નવુ નામ
શેખ મેહમુદાબીબ હુસેનમીંયા
કરેલ છે.
૮–બી, અરશદ કુપ્લેક્ષ,
મહાબલીપુરમ, તાંદલજા, વડોદરા.

છેલ્લા પાનનું અનુસંધાન

ઓનલાઈન...

આવેલા સિલિંગ ફેનના હૂકમાં ગળાફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. આપઘાતના બનાવની જાણ વાયુવેગે તેના મિત્ર વર્તુળમાં અને સોસાયટી તેમજ સગાંસંબંધીઓમાં ફેલાતાં તેઓ વિદ્યાર્થી નિત્ય પટેલના ઘરે દોડી આવ્યા હતા. ત્યાર બાદ નવાપુરા પોલીસને આ બનાવની જાણ કરવામાં આવતાં પોલીસ બનાવના સ્થળે પહોંચી હતી અને કાયદેસરની કાર્યવાહી સાથે મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે સયાજી હોસ્પિટલમાં ખસેડયો હતો.

એક તરફ...

પરિસ્થિતિને ધ્યાનમાં રાખી યોગ્ય નિર્ણય લેવામાં આવશે તેવી સ્પષ્ટતા વડોદરા મહાનગર પ ાલિકાના મેયર ડો.જિગીષાબેન શેઠ દ્વારા કરવામાં આવી હતી. ગુજરાત રાજ્યમાં કોરોનાનું સંક્રમણ ખૂબ જ ઝડપથી ફેલાઈ રહ્યું છે. અમદાવાદ શહેરમાં આ કોરોનાનું સંક્રમણ અનલોક પછીથી વધુને વધુ ફેલાતા અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા સાવચેતીના ભાગરૂપે કેટલાક વિસ્તારોમાં બજારો અને દુકાનો રાત્રિના દશ વાગ્યા બાદ બંધ કરવા માટેનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. ત્યારે વડોદરા શહેરમાં પણ કોરોના સંક્રમણ ખૂબ જ ઝડપ થી વધી રહ્યું છે અને પ્રતિદિન સૌથી વધારે કોરોના પોઝિટિવ કેસો સામે આવી રહ્યા છે. ત્યારે સાવચેતીના ભાગરૂપે પોલીસ કમિશનર દ્વારા સીઆરપીસી ૧૪૪ મુજબનું જાહેરનામું ચારથી વધુ વ્યક્તિઓ એકસાથે ભેગા ન થાય એને માટે બહાર પાડવામાં આવ્યું છે. જેથી મોટી સંખ્યામાં લોકો ભેગા ના થઈ શકે અને કોરોનાનું સંક્રમણ ઘટે. ત્યારે વડોદરા પાલિકા દ્વારા પણ અમદાવાદની માફક રાત્રીના દશ વાગ્યા બાદ દુકાનો અને બજારો બંધ કરવાનો જે નિર્ણય લેવામાં આવ્યો છે, તેવો જ નિર્ણય વિચારણા હેઠળ મૂકવામાં આવ્યો છે. જો આવનારા દિવસોમાં કોરોનાનું સંક્રમણથી ફેલાય તો વડોદરા શહેરમાં પણ રાત્રીના દશ વાગ્યા પછી સંભવિત વિસ્તારોમાં દુકાનો અને બજારો બંધ કરવામાં આવે તેવી શક્યતા સેવાઈ રહી છે.

રૂા.૨.૫૮...

ખાતામાં રૂા.૨ લાખ ડિપોઝિટ કરી હતી. સપ્ટેમ્બર, ૨૦૧૫થી જૂન, ૨૦૧૭ના ગાળાની સ્કૂટિની કરાઈ હતી જેમાં જુલાઈથી અત્યાર સુધીની સ્કૂટિની બાકી છે. સ્કૂટિનીમાં રૂા.૨.૫૮ કરોડની આવક છૂપાવી હોવાની વિગતો પ્રકાશમાં આવતાં જિમના પાર્ટનરોને રૂા.૩૪ લાખ સર્વિસ ટેક્સની ડિમાન્ડ નોટિસ ફટકારી હોવાનું જાણવા મળે છે. આમ એલાઈવ્ઝ જિમનો વધુ એક વિવાદ પ્રકાશમાં આવ્યો છે.

પશ્ચિમ રેલવે
દ્વારા અમદાવાદ, ઓખા અને ગાંધીધામથી દોડતી ચાર વિશેષ ટ્રેનોના રૂટને પુરી સુધી લંબાવાઇ છે

ટ્રેન નંબર ૦૨૮૪૪ / ૦૨૮૪૩
અમદાવાદ - ખુર્દા રોડ
સ્પેશિયલ ટ્રેનને પુરી સુધી લંબાવાઇ છે જે સપ્તાહમાં ચાર દિવસ દોડશે. જેની મુસાફરી પુરીથી તા. ૧-૧૦-૨૦ના રોજથી અને અમદાવાદથી તા. ૧-૧૦- ૨૦થી દોડશે.

ટ્રેન નંબર ૦૨૮૪૪ ADI –PURI S/F Spl		સ્ટેશન	ટ્રેન નંબર ૦૨૮૪૩ PURI –ADI S/F Spl	
આગમન	પ્રસ્થાન		આગમન	પ્રસ્થાન
-	૧૮.૪૦	અમદાવાદ	૦૭.૨૫	-
૦૭.૪૫	૦૮.૦૫	ખુર્દા રોડ	૧૮.૨૦	૧૮.૪૦
૦૮.૫૫	-	પુરી	-	૧૭.૩૦

ટ્રેન નંબર ૦૮૪૦૬ / ૦૮૪૦૫
અમદાવાદ –ભુવનેશ્વર
સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનને પુરી સુધી લંબાવાઇ છે. જેની મુસાફરી પુરીથી તા. ૩૦-૯-૨૦ના રોજથી અને અમદાવાદથી તા. ૨-૧૦- ૨૦થી દોડશે.

ટ્રેન નંબર ૦૮૪૦૬ ADI –PURI Spl		સ્ટેશન	ટ્રેન નંબર ૦૮૪૦૫ PURI –ADI Spl	
આગમન	પ્રસ્થાન		આગમન	પ્રસ્થાન
-	૧૮.૪૦	અમદાવાદ	૦૭.૨૫	-
૦૬.૨૦	૦૬.૨૫	ભૂવનેશ્વર	૧૯.૩૮	૧૯.૪૩
૦૭.૦૦	૦૭.૦૫	ખુર્દા રોડ	૧૯.૧૦	૧૯.૧૫
૦૮.૧૦	-	પુરી	-	૧૮.૨૦

ટ્રેન નંબર ૦૨૯૭૩ / ૦૨૯૭૪
ગાંધીધામ - ખુર્દા રોડ
સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન પુરી સુધી લંબાવવામાં આવી છે જે પુરીથી તા. ૩-૧૦-૨૦૨૦ અને ગાંધીધામથી તા. ૩૦-૦૯-૨૦૨૦થી દોડશે.

ટ્રેન નંબર ૦૨૯૭૩ GIMB –PURI S/F Spl Exp		સ્ટેશન	ટ્રેન નંબર ૦૨૯૭૪ PURI –GIMBS/F Spl Exp	
આગમન	પ્રસ્થાન		આગમન	પ્રસ્થાન
-	૨૩.૦૦	ગાંધીધામ	૦૬.૪૦	-
૧૭.૩૫	૧૭.૫૫	ખુર્દા રોડ	૧૧.૨૦	૧૧.૪૦
૧૯.૦૦	-	પુરી	-	૧૦.૩૦

ટ્રેન નંબર ૦૮૪૦૨ / ૦૮૪૦૧
ઓખા –ખુર્દા રોડ
સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન પુરી સુધી લંબાવવામાં આવી છે જે પુરીથી તા. ૪-૧૦-૨૦૨૦ અને ઓખાથી તા. ૦૭-૧૦-૨૦૨૦થી દોડશે.

ટ્રેન નંબર ૦૮૪૦૨ OKHA –PURI Spl Exp		સ્ટેશન	ટ્રેન નંબર ૦૮૪૦૧ PURI –OKHA Spl Exp	
આગમન	પ્રસ્થાન		આગમન	પ્રસ્થાન
-	૮.૩૦	ઓખા	૧૩.૫૦	-
૦૮.૫૫	૦૯.૨૦	ખુર્દા રોડ	૧૦.૨૦	૧૦.૪૦
૧૦.૨૦	-	પુરી	-	૦૯.૨૫

ઉપરોક્ત ટ્રેનોનું બુકિંગ નામાંકિત PRS કાઉન્ટરો અને IRCTC વેબસાઇટ પર ચાલુ છે. ઉપરોક્ત તમામ ટ્રેનો સંપૂર્ણ આરક્ષિત ટ્રેનો તરીકે દોડશે.

પશ્ચિમ રેલવે
www.wr.indianrailways.gov.in
Like us on: facebook.com/WesternRly
Follow us on: twitter.com/WesternRly

કૃપા કરીને આરક્ષિત ટિકિટો માટે આઈડી પ્રૂફ સાથે રાખો.

બોલીવુડ ડાયરી

અપારશકિત ખુરાના તેની પત્ની સાથે જુહુમાં શોપિંગ કરવા નીકળ્યો હતો. જાહ્ન્વી કપૂર, ખુશી કપૂર અને બોની કપૂર તમામ ાનીલ કપૂરની માતાના જન્મદિષ્વસ નિમિત્તે તેમના ઘરે પહોચતા કેમેરામાં કેદ થયા હતા. અનીલ કપૂર મોનિંગવોક માટે જુહુમાં બહાર દેખાયો હતો. રેન્ગડે ફિલ્મના શૂટિંગ દરમિયાન નિતિન સાવચેતી લેતો જોવા મળ્યો હતો.

50 Years of Yashraj Films

યશરાજ ફિલ્મ્સે ૫૦ વર્ષની ઉજવણી કરી: કંપનીએ નવો લોગો પ્રકાશિત કર્યો

વર્ષ ૧૯૭૦માં તેમણે તેના પ્રોડક્શન હાઉસ 'યશરાજ ફિલ્મ્સલ્લની સ્થાપના પણ કરી હતી. તેના ૫૦ વર્ષ પૂરા થયા છે. આ ખાસ પ્રસંગે તેના દીકરા આદિત્ય ચોપરાએ તેના પિતાને યાદ કરી સોશિયલ મીડિયા પર એક ભાવુક પોસ્ટ શેર કરી છે. તેમાં તેમણે રૂઈઃ સાથે જોડાયેલી ઘણી ખાસ વાતો શેર કરી છે.આદિત્ય ચોપડાએ પોતાના પ્રોડક્શન હાઉસ યશ રાજ ફિલ્મ્સના નવા, ખાસ લોગોનું અનાવરણ કર્યું છે. આ લોગો વ્યાપકપણે પ્રખ્યાત પ્રોડક્શન હાઉસના ૫૦ વર્ષીય ભવ્ય ઉજવણીનો પ્રારંભ કરે છે. નવો લોગો વાયઆરએફની ગૌરવપૂર્ણ મુસાફરીને કબજે કરે છે, છેલ્લાં ૫૦ વર્ષમાં તેમની સાથે કામ કરનારા સૌથી મોટા સુપરસ્ટાર્સ. તેણે 'કભી કભી', 'દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે', 'એક થા ટાઈગર', 'ધૂમ ૩', 'લમ્હે', 'દમ, લગા કે હૈશા', 'યુદ્ધ', 'ચક દે ઈન્ડિયા', 'મરદાની' કબજે કર્યું છે. ',' ચાંદની ',' ધૂમ ૨ ',' હમ તુમ ',' જબ તક હૈ જાન 'જેવી અન્ય ફિલ્મો, રીલમાં કેદ થઈ, જે આખરે લોગોનો ભાગ બની જાય છે.

આદિત્ય ચોપડાએ આજે તેમના ખાસ આઈકોનિક પિતા સ્વર્ગસ્થ યશ ચોપરાની ૮૮ મી જન્મજયંતિ નિમિત્તે વિશેષ લોગોનો ખુલાસો કર્યો. આદિત્ય દ્વારા ઓટ્ટિઠિ વર્ષ પૂરા થવા માટે શરૂ કરવામાં આવેલી એક હૃદયસ્પર્શી નોંધમાં તેમણે કહ્યું હતું કે, ''૧ ૧૯૭૦ ૧૯૭૦૦ માં મારા પિતા યશ ચોપરાએ તેમના ભાઈ શ્રી બી.આર.ચોપરાની સુરક્ષા અને આરામ છોડી દીધો અને પોતાની કંપની બનાવી. ત્યાં સુધી, તે બીઆર ફિલ્મ્સનો પગારદાર કર્મચારી હતો અને તેની પોતાની માલિકીની કંઈપણ નહોતી. તેને વ્યવસાય કેવી રીતે ચલાવવો તે જાણતો ન હતો અને કંપની બનાવવા માટે શું ચાલે છે તેનું મૂળભૂત જ્ઞાન પણ નહોતું. તેની પાસેની બધી જ તેની પ્રતિભા અને મહેનત પર પ્રબળ વિશ્વાસ હતો અને આત્મનિર્ભર થવાનું સ્વપ્ન હતું. સર્જનાત્મક માણસની પોતાની પ્રતીતિ, પોતાની અને તેની કળા સિવાય કશું જ નહીં, યશ રાજ ફિલ્મ્સને જન્મ આપ્યો. ''

અક્ષય વિધાણી, સિનિયર વા ઇ સ પ્રેસિડેન્ટ-ફાઈનાન્સ, બિઝનેસ અફેર્સ અ ને વાયઆરએફ સ્ટુડિયોઝે ઉમેર્યું, ''આ ખાસ લોગો વાઈઆરએફના ઈતિહાસ અને સિનેમામાં તેની યાત્રાની નોંધપાત્ર ક્ષણો મેળવે છે અને તેના દ્વારા ભારતીય ફિલ્મ ઉદ્યોગમાં વાયઆરએફના યોગદાન અને તેના પ્રેક્ષકોની પણ ઝલક આપે છે. ભારત અને ભારતીયો માટે પોપ સંસ્કૃતિને આકાર આપનારી બ્લોકબસ્ટર ફિલ્મો. આ વિશેષ લોગો એ પાંચ દાયકાઓમાંના બધા સુપરસ્ટાર્સને પણ આપણી શ્રદ્ધાંજલિ છે, જેઓ સર્જનાત્મક રીતે અમારી સાથે સહયોગ કરવા અને ભારતને સિનેમામાં ઈતિહાસ લખનારા અને નવી સિધ્ધાંત સ્થાપિત કરવા માટે ભારતને મદદ કરવા માટે પૂરતા દયાળુ રહ્યા છે. '' તેમણે એમ કહીને તારણ કાઢ્યું, ''આજે એક અતિ ઉત્તેજક દિવસ છે, તે ફક્ત અમારા માટે વાયઆરએફ જ નહીં, પણ મોટા પાયે ઉદ્યોગ માટે પણ છે, અને અમે અમારા નમ્ર અસ્તિત્વના આ ૫૦ વર્ષો દરમિયાન અમારા બ્રાન્ડ પ્રત્યેના તેમના પ્રેમ અને સમર્થન માટે દરેકનો આભાર માગીએ છીએ.

બંને ઇમારતો પાકિસ્તાનના પેશાવર શહેરના હાર્દ સમાન વિસ્તારમાં આવેલી છે

દિલીપ કુમાર-રાજકપૂરની ૧૦૦ વર્ષ જુની હવેલીઓ પાક.સરકાર ખરીદશે

પાકિસ્તાનમાં જન્મેલા પણ ભારતીય ફિલ્મ જગતમાં દંતકથા સમાન બની ગયેલા સુપર સ્ટાર દિલીપ કુમાર અને રાજકપુરના વડવાઓની હવેલી અને ઈમારતોને પાકિસ્તાનની પ્રાંતિય સરકારે ખરીદી લેવા નિર્ણય કર્યો હતો. બંને ઈમારતો પેશાવર શહેરના હાર્દ સમાન વિસ્તારમાં આવેલી છે.જર્જરિત બની ગયેલી આ બંને ઐતિહાસિક ઈમારતો ગમે ત્યારે પડી જાય એવી સ્થિતિમાં ટકી રહી છે.ખૈબર-પખ્તુનખ્વા પ્રાંતના પુરાતત્વ વિભાગે રાષ્ટ્રીય વિરાસત જાહેર કરાયેલી બંને ઈમારતોને ખરીદી લેવા માટે પુરતો ભંડોળ આપ્યો હતો. ભારતીય ફિલ્મ જગતના બે મહારથીઓ દેશના ભાગલા પહેલા જ્યાં જન્મ્યા હતા અને મોટા થયા હતા તે કિસ્સા ખ્વાની બજારમાં આવેલી આ બંને ઐતિહાસિક ઈમારતોની કિંમત નક્કી કરવા પેશાવરના નાયબ કમિશનરને પત્ર મોકલવામાં આવ્યો હતો. કપુર હવેલી તરીકે ઓળખાતી કિસ્સા ખ્વાની બજારમાં આવેલી રાજકપુરની હવેલી તેમના દાદા દિવાન બશેશ્વર નાથ કપુરે ૧૯૧૮થી ૧૯૨૨ વચ્ચે બનાવી હતી.રાજકપુર અને તેમના કાકા તેમજ હિન્દી ફિલ્મોમાં કામ કરી ચૂકેલા ત્રિલોક કપુરનો જન્મ આ હવેલીમાં જ થયો હતો.જ્યારે દિલીપ કુમારના પિતા અને ફળોના વેપારી મોહમ્મદ સરવર ખાન પઠાણની એક સો વર્ષ જુની ઈમારત પણ કિસ્સા ખ્વાની મોહલ્લામાં જ આવેલી છે જ્યાં તેમના સગાઓ એ કબજો કરી લીધો છે.તે વખતની નવાઝ શરીફની સરકારે તેને રાષ્ટ્રીય વિરાસત જાહેર કરી હતીરાજકપૂર અને દિલીપ કુમાર એક જ મોહલ્લાના રહેવાસીપેશાવરના કિસ્સા ખ્વાની બજારમાં કપૂર હવેલી અને દિલીપ કુમારના પિતાનું સો વર્ષ જુનું મકાન જર્જરિત અવસ્થામાં પુરાતત્વ વિભાગના વડા ડો. એબ્દુસ સમદ ખાને કહ્યું હતું કે, બંને ઈમારતોના માલીકો એ શહેરના શ્રેષ્ઠ લોકેશન અને બજાર ભાવ જોતાં ભૂતકાળમાં બંનેને તોડી કોમર્શિયલ કોમ્પ્લેક્ષ બનાવવા અનેક પ્રયાસો કર્યો હતા.ઉલ્લેખનીય છે કે દિલીપ કુમાર અને રાજકપુરનું નાનપણ આ મોહલ્લામાં જ વિત્યું હતું બંને આજીવન સારા મિત્રો રહ્યા હતા.જો કે પુરાતત્વ વિભાગે બંને હવેલીઓનું ઐતિહાસિત મહત્તવ સમજી તમામ પ્રયાસોને નિષ્ફળ બનાવ્યા હતા.જો કે કપુર હવેલીના માલીક અલી કાદરે કહ્યું હતું કે તેઓ ઈમારતને તોડી પાડવા ઈચ્છતા નહતા, બલકે ,સત્તાવાળાઓનો અનેક વખતે સંપર્ક કરીને તેને રિપેર અને તેનું રક્ષણ કરવા વિનંતી કરી હતી.

'ઈતની શક્તિ હમે...' ફેમ ગીતકાર અભિલાષનું ૭૪ વર્ષની વયે અવસાન

પ્રાર્થના ગીત અમને એટલી શક્તિ આપે છે, દાતા ખ્યાતિ ગીતકાર અભિલાષનું ૨૭ સપ્ટેમ્બર, રવિવારના રોજ અવસાન થયું છે. તે ૭૪ વર્ષનો હતો. માર્ચમાં, તેમને પેટની ગાંઠનું .પરેશન થયું, ત્યારથી તેમની તબિયત સારી નથી થઈ. રવિવારની મધ્યરાત્રિએ ગોરેગાંવ પૂર્વના શિવ ધામમાં તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. તેની પુત્રી અને જમાઈ બેંગ્લોરમાં રહે છે. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ગિની ઝૈલ સિંઘ દ્વારા કલાશ્રી એવોર્ડથી નવાજવામાં આવેલા ગીતકાર અભિલાષનું વિશ્વ વિખ્યાત ગીત 'સો શક્તિ હમ દેના દાતા' ભારતની ૬૦૦ શાળાઓમાં પ્રાર્થના ગીત તરીકે ગાયું છે. આ ગીતને વિશ્વની આઠ ભાષાઓમાં ભાષાંતર કરવામાં આવ્યું છે અને તે ત્યાં પ્રાર્થના ગીત તરીકે પણ ગવાય છે. આ ગીતના પુરુષ અને સ્ત્રીના બે સંસ્કરણ છે. બીજામાં ઘનશ્યામ વાસવાણી, અશોક ખોસલા, શેખર સાવરકર અને મુરલીધરનો અવાજ છે. એન.ચંદ્રની ફિલ્મ અંકુશ માટે સંગીતકાર કુલદીપસિંહે આ ગીતની રચના કરી હતી. આ પહેલા ફિલ્મ સાથ સાથમાં કુલદીપ સિંહનું સંગીત સુપરહિટ થઈ ગયું હતું. તે ફિલ્મ જગતમાં એક સ્ટ્રોગ્રેલર હતો. એક દિવસ તે કુલદીપ સિંહ પાસે ગયો અને બોલ્યો- પાપા જી, મેં સ્ટ્રગલ કરતા કલાકારોની એક ટીમ બનાવી છે અને તેમની સાથે એક ફિલ્મ પણ કરી રહ્યો છું.

યુપીમાં ફિલ્મ સિટીની સ્થાપના સાથે ભોજપુરી ફિલ્મોને નવી ઉડાન મળશે

સ્ટુડિયોથી લઈને તકનીકી કામગીરી સુધી મુંબઈ પર નિર્ભર રહેવું પડતું હતું

ઉત્તર પ્રદેશમાં ફિલ્મ સિટી સ્થાપવાની જાહેરાત બાદ ભોજપુરી ઉદ્યોગને ફ્લાઈટ મળે તેવી સંભાવના છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની ઘોષણા પછી, ભોજપુરી ફિલ્મોની દુનિયામાં કામ કરતા પૂર્વાંચલના તમામ કલાકારો અને નિર્માતાઓમાં આશાઓ ઉભી થઈ રહી છે. ઉત્તર પ્રદેશમાં ભોજપુરી ફિલ્મો મોટી સંખ્યામાં બનાવવામાં આવે છે. સ્ટુડિયોથી લઈને તમામ તકનીકી કામગીરી સુધી અહીંના ઉત્પાદકોએ મુંબઈ પર નિર્ભર રહેવું પડે છે. અહીં ફિલ્મ સિટીની રચના થતાં, નિર્માતાઓને ઘણી વસ્તુઓમાં સુવિધા મળે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. ભોજપુરી ફિલ્મોના નિર્માતા યોગેશ રાજ મિશ્રાએ આઈએએનએસને જણાવ્યું હતું કે, લગભગ ૭૦ ટકા ભોજપુરી ફિલ્મોનું શૂટિંગ યુપીમાં થઈ રહ્યું છે. યુપીમાં ફિલ્મ સિટી બનવાથી આપણા ઉદ્યોગને સારો ઉત્સાહ મળશે. હમણાં મુંબઈમાં લોકેશન માટે ઘણાં પૈસા ખર્ચવા પડે છે. જેલ, હોટલ, હોસ્પિટલો બધા એક જ શહેરમાં જોવા મળશે. એક જ છત હેઠળની તમામ સુવિધાઓ સાથે, ત્યાં ઘણી તકો હશે. આનાથી ઘણી સુવિધા મળશે. આ મુસાફરીના ખર્ચમાં પણ બચત કરશે. સમય અને પૈસા બંનેની બચત થશે. આ ઉત્પાદકોની ઘણી સમસ્યાઓ ઘટાડશે.

એકમાત્ર રોમેન્ટીક ફિલ્મો માટે જાણીતો

ઈમરાન હાશ્મી આવનારી ફિલ્મમાં વિલન લૂકમાં દેખાશે

એક સમય હતો જ્યારે ઈમરાન હાશ્મી માત્ર રોમેન્ટિક ફિલ્મો કરવા માટે જાણીતો હતો. અભિનેતા રોમેન્ટિક સીન્સ અને કિસિંગ સીન્સ માટે પ્રખ્યાત હતો. પરંતુ છેલ્લા દાયકામાં, ઈમરાન હાશ્મીએ તેની ફિલ્મ્સની પસંદગીમાં ફેરફાર કર્યો છે. હવે તેઓ સતત આવી ફિલ્મોમાં કામ કરી રહ્યા છે, જેમાં કંઈક અધ્યયન થાય છે, અથવા તે ફિલ્મો દ્વારા તમે સમાજની કડવી વાસ્તવિકતાને પણ ઉજાગર કરશો. શાંઘાઈ, ઘનચક્કર અને વ્હ ચીટ ઈન્ડિયા પછી હરમી ફિલ્મનું નવું નામ પણ તેમાં ઉમેરવામાં આવ્યું છે.ફિલ્મનું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે અને આ ફિલ્મ આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટિવલ સુધી પોતાની છાપ છોડી જવાની છે. હરમી ફિલ્મના ટ્રેલર વિશે વાત કરવામાં આવે છે, જેમાં તે મુંબઈની શેરીમાં રહેતા નાના બાળકોની વાર્તા કહે છે, જેઓ એક ગેંગમાં સપડાય છે અને તેઓ ધાકધમકી આપી છે અને ચોરી અને છેતરપિંડી જેવી દુષ્કર્મ આચરતા હોય છે. આ ગેંગને ઈમરાન હાશ્મીના પાત્ર દ્વારા નિયંત્રિત કરવામાં આવે છે, જે સ્વભાવથી ખૂબ કડક છે અને જો ગેંગનો કોઈ પણ બાળક તેના દ્વારા બનાવેલા નિયમોને તોડે છે, તો તે આ બિલકુલ સહન કરતું નથી. એકંદરે, ફિલ્મના ટ્રેલર પરથી સ્પષ્ટ થઈ ગયું છે કે આ ફિલ્મ એવા બાળકોની વાર્તા કહે છે કે જેમની સંભાળ લેવા માટે કોઈ નથી અને તેથી તેઓ મૂંઝવણમાં છે અને શહેરના પ્રખ્યાત પૈસા માટે પૈસા કમાવવા માટે તેનો ઉપયોગ કરે છે. આ ફિલ્મ શ્યામ માદિરાજુએ લખી અને દિગ્દર્શિત કરી છે. આ ફિલ્મનું નિર્માણ ઈમરાન હાશ્મીના પ્રોડક્શન હાઉસ દ્વારા યુ.એસ. સ્થિત પ્રોડક્શન હાઉસ જીર્મ કોલેક્ટ્યુટીવ અને અન્ય પ્રોડક્શન હાઉસના સહયોગથી કરવામાં આવ્યું છે. રિઝવાન શેખે આ ફિલ્મ દ્વારા ૧૬ વર્ષની વયે શરૂઆત કરી હતી. આ ફિલ્મમાં તે બાળપણની ભૂમિકામાં જોવા મળશે. ફિલ્મની વાત કરીએ તો તેનો વર્લ્ડ પ્રીમિયર ૨૧ ઓક્ટોબરે બુસન ફિલ્મ ફેસ્ટિવલમાં યોજાશે.

'ગિની વેડ્સ સન્ની' નું નવું ગીત 'સાવન મેં લગ ગઈ આગ' રિલીઝ થયું

ગિની વેડ્સ સન્નીના નિર્માતાઓએ તે જ વિચાર્યું હોવું જોઈએ, જ્યારે તેઓએ તેમની ફિલ્મ માટે ગાયક મીકા સિંઘની ૯૦ ના દાયકાની હિટ નંબર '' સાવન મેં લગ ગયે આગ'' પસંદ કરી. અને આ વખતે સ્પર્ધા વધારે છે કારણ કે કિયારા અડવાણીની આગામી ફિલ્મ ઈન્દુ કી જવાની માટે પણ આ જ ટ્રેક ફરીથી બનાવવામાં આવી રહ્યો છે. અસલ ગીતની લોકપ્રિયતાને આગળ વધારવાની આશા સાથે, ગિની વેડ્સ સન્નીની ટીમે '' સાવન મેં લગ ગયે આગ'' નાં તેમનાં સંસ્કરણ માટે બાદશાહ અને નેહા કક્કર સાથે જોડ્યાં છે. ગીત '' સાવન મેં લગ ગયે આગ'' રિલીઝ થયું છે. લગભગ ત્રણ મિનિટ લાંબા ગીત છે ત્યાં ડિસ્કોથેક સેટ- અપમાં ફરીથી બનાવેલા ગીત માટે યામી ગૌતમ અને વિક્રાંત મેસી છે. ત્યાં નેહા કક્કર અને બાદશાહ તથા માઈકા સિંહ પણ જોવા મળે છે.

૪ ડિસેમ્બરે હોલીવુડ ફિલ્મ 'મુલાન' ભારતમાં રિલીઝ થશે

ડિઝની હોટસ્ટાર પર સ્ટ્રીમિંગ થશે

ચાઈનીઝ એક્શન-ડ્રામા મૂવીની મુલાનન આ ડિસેમ્બરમાં ભારતમાં ડિઝની હોટસ્ટાર રિલીઝ થવાની તૈયારીમાં છે. ઓટીટી પ્લેટફોર્મ દ્વારા સોમવારે, સપ્ટેમ્બર ૨૮ સપ્ટેમ્બરના રોજ આ ઘોષણા કરવામાં આવી હતી. સત્તાવાર ઘોષણા મુજબ, ફિલ્મનો પ્રીમિયર ૪ ડિસેમ્બર, તેમણે ભારત ડિઝનીના મુલાનની પ્રકાશનની તારીખ અહીં છે. તે ડિઝની હોટસ્ટાર પર ૪ ડિસેમ્બરથી સ્ટ્રીમિંગ શરૂ કરશે, અંગ્રેજી ઉપરાંત, આ ફિલ્મ હિન્દી, તમિલ અને તેલુગુ ડબ વર્ઝનમાં પણ રજૂ કરવામાં આવશે. નોંધનીય છે કે, ડિઝની હોટસ્ટારના સબ્સ્ક્રાઈબર્સ કોઈ વધારાના ખર્ચ વિના મુલનને સ્ટ્રીમ કરવામાં સમર્થ હશે. યુ. એસ. માં, ફિલ્મનો પ્રીમિયર ૪ સપ્ટેમ્બરના રોજ ડિઝની પર. ૨૯.૯૯ ની વધારાની વન- ટાઈમ ફી માટે. યુ. એસ. માં પણ, આ ફિલ્મ ૪ ડિસેમ્બરથી વિના મૂલ્યે સ્ટ્રીમ કરવા માટે ઉપલબ્ધ થશે.

સંક્ષિપ્ત સમાચાર

નવાઝ શરીફ ભારતના એજન્ટ, મોદી સાથે ચૂપચાપ વાત કરે છે: શેખ રશીદ

ઈસ્લામાબાદ : પાકિસ્તાન આર્મી ચીફ જનરલ કમર જાવેદ બાજવાની ટીકા કર્યા પછી હવે પાકિસ્તાનમાં પૂર્વ વડા પ્રધાન નવાઝ શરીફને ભારત અને પીએમ મોદીનું નામ લઈને ઈમરાનની પાર્ટીએ ઘેરી લેવાનું શરૂ કર્યું છે. ઈમરાન ખાનના બડબોલા રેલ્વે મંત્રી શેખ રશીદે કહ્યું છે કે નવાઝ શરીફ ભારતના એજન્ટ છે અને નરેન્દ્ર મોદીની સાથે દેશની બહાર જઈને વાત કરે છે. શેખ રાશિદે નવાઝ શરીફ પર એવા સમયે આરોપ લગાવ્યો છે કે જ્યારે પાકિસ્તાન આર્મી ચીફ સાથે વિરોધી પક્ષોની બેઠકનો મામલો ગરમ થઈ રહ્યો છે. શેખ રશીદે કહ્યું કે નવાઝ શરીફના સૈન્ય વિરોધી ભાષણને કારણે ભારતીય મીડિયામાં તેનો ભારપૂર્વક કવરેજ કરાયુ હતુ. બીજી તરફ વડા પ્રધાન ઈમરાન ખાને પણ કહ્યું છે કે નવાઝ શરીફે દેશની સેનાની ટીકા કરીને ભારતનું સમર્થન કર્યું છે. રાશિદે ઈમરાન કરતાં પણ એક પગલું આગળ વધતા અને તેને ભારતના એજન્ટ ગણાવ્યા છે. રાશિદે કહ્યું કે નવાઝ શરીફે દેશના ભાગલા પાડવાનો પ્રયાસ કર્યો છે. તેમણે કહ્યું કે નવાઝ શરીફ દેશની બહાર ભારતના વડા પ્રધાન સાથે વાત કરે છે. તેઓએ આ માહિતી દેશની સામે રાખવી જોઈએ. રાશિદે કહ્યું કે નવાઝ શરીફે જણાવવું જોઈએ કે ઓસામા બિન લાદેન સાથે મુલાકાતનાં અને કતાર પાસેથી તેમને કેટલું દાન મળ્યું હતુ.

પત્નીને માર મારનાર વરિષ્ઠ આઇપીએસ પુરુષોત્તમ શર્માને પદ પરથી હટાવાયા

ભોપાલ : મધ્યપ્રદેશના વરિષ્ઠ આઈપીએસ પુરુષોત્તમ શર્માને સરકારી વકીલના વિશેષ ડીજીના પદ પરથી હટાવી દેવાયા છે. પુરૂષોત્તમ શર્મા પરની આ કાર્યવાહી પત્નીને માર મારવાનો વીડિયો વાયરલ થયા બાદ લેવામાં આવી હતી. આ વીડિયોમાં પુરુષોત્તમ શર્મા તેમની પત્નીને માર મારતા નજરે પડે છે. મળતી માહિતી મુજબ આ વીડિયો તેના પુત્રએ બનાવ્યો હતો જ્યારે તે તેની પત્નીને માર મારતો હતો. આ વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થયો હતો, જેના પછી સ્પેશિયલ ડીજીએ ખુદ મીડિયા સમક્ષ આવીને સ્પષ્ટતા કરવી પડી હતી. વરિષ્ઠ આઈપીએસ અધિકારી પુરુષોત્તમ શર્માએ તેની પત્નીને માર મારવાનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે. રાજ્યમાં સોશિયલ મીડિયા પર વાયરલ થતાં વીડિયોમાં એક વરિષ્ઠ અધિકારી તેની પત્નીને માર મારતા જો શકાય છે. વીડિયોમાં બતાવવામાં આવ્યું છે કે પોલીસ અધિકારી પત્નીને જમીન પર પછાડી અને તેની સાથે ક્રૂર રીતે માર મારતા હતા. આ સમય દરમિયાન, ઘરમાં હાજર કર્મચારીઓ વચ્ચે બચાવવા પ્રયાસ કરે છે.

NIAએ આઇએસ આતંકી સુબ્હાની હાજાને આજીવન કેદની સજા સંભળાવી

તિરુવનંતપુરમ્ : કેન્દ્રીય તપાસ એજન્સી (એનઆઈએ)ની વિશેષ અદાલત દ્વારા આતંકી સંગઠન આઈએસઆઈએસ સાથે જોડાયેલ આતંકી સુબ્હાની હાજા મોઈદીનને ભારત અને ઈરાની સરકારના વિરોધ યુદ્ધ છેડવા અને આતંકી ગતિવિધિઓમાં શામેલ થવાનો આરોપી માનીને તેને આજીવન કેદની સજા સંભળાવવામાં આવી છે. કોર્ટે તેના પર ૨,૧૦,૦૦૦ રૂપિયાનો દંડ પણ લગાવ્યો છે. એનઆઈએ ૨૦૧૬માં તમિલનાડુમાં આતંકી સુબ્હાનીની ધરપકડ કરવામાં આવી હતી. કેન્દ્રીય તપાસ એજન્સીની વિશેષ અદાલતે શુક્રવારે ભારતીય દંડ સંહિતાની કલમ ૧૨૦બી તથા ૧૨૫ અને ગેરકાયદે ગતિવિધિઓ (નિવારણ) અધિનિયમની કલમ ૨૦, ૩૮ તથા ૩૯ હેઠળ દોષી ગણાવ્યો છે. રાષ્ટ્રીય તપાસ એજન્સી (એનઆઈએ) દ્વારા દાખલ આરોપ પત્રમાં કહેવામાં આવ્યુ છે .

કરણ જૌહરની કંપનીનો ડાયરેક્ટર છ દિવસ માટે એનસીબીની કસ્ટડીમાં

મુંબઈ : સુશાંતસિંહ રાજપૂતનાં મૃત્યુ બાદ સમગ્ર કેસ હવે બોલિવૂડ ડ્રગ્સ કેસમાં ફેરવાઈ ગયો છે. એનસીબી દ્વારા આ કેસમાં ઘણા લોકોની ધરપકડ કરવામાં આવી છે અને ઘણા સેલેબ્સને પૂછપરછ માટે બોલાવવામાં આવ્યા છે. આ દરમિયાન એનસીબી દ્વારા શનિવારે ધર્મા પ્રોડક્શનના ડાયરેક્ટર અને એક્ઝિક્યૂટિવ પ્રોડયુસર ક્ષિતિજ પ્રસાદની ધરપકડ કરવામાં આવી હતી. તેને રવિવારે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા મેજિસ્ટ્રેટ સામે રજૂ કરવામાં આવ્યો હતો. એનસીબીએ કોર્ટને જણાવ્યું હતું કે, ક્ષિતિજ દ્વારા તપાસમાં સહાય કરવામાં આવતી નથી અને તે યોગ્ય જવાબ આપતો નથી તેથી તેને ૯ દિવસના રિમાન્ડ આપવામાં આવે.

દેશની સર્વોચ્ચ મેડિકલ રિસર્ચ બોડી ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ દ્વારા

કોરોના વાયરસની મેડિકલ રિસર્ચને લગતી તમામ જાણકારી માટે વેક્સિન પોર્ટલ લોન્ચ

આંતરરાષ્ટ્રીય સંગોષ્ઠી તેમજ પુછાતા પ્રશ્નોના પ્રાદેશિક ભાષામાં જવાબ અપાશે

ન્યુ દિલ્હી

ભારતમાં કોરોના વાયરસની વેક્સિન સાથે જોડાયેલી તમામ જાણકારીઓ હવે તમને એક પોર્ટલ પર મળી જશે. ભારતમાં પ્રથમવાર દેશની સર્વોચ્ચ મેડિકલ રિસર્ચ બોડી ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ એક વેક્સિન પોર્ટલ લોન્ચ કર્યું છે. આ વેક્લિન પોર્ટલને કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી ડો. હર્ષવર્ધને આજે લોન્ચ કર્યુ છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી ડો. હર્ષવર્ધને જનતા વચ્ચે જાગરૂકતા પેદા કરવા માટે કોવિડ-૧૯ માટે વેક્સિન પોર્ટલનું ઉદ્ઘાટન કર્યું હતું.

આ પોર્ટલ પર ભારતમાં વેક્સિન વિકાસ સંબંધિત બધી સૂચનાઓ ઉપલબ્ધ રહેશે. આઈસીએમઆર વેક્સિન પોર્ટલને સોમવારે જાહેર કરવામાં આવશે. સમયની સાથે વિભિન્ન બીમારીઓને રોકવા માટે ઉપયોગ થનાર બધી સરીઓ માટે ઉપલબ્ધ ડેટાની સાથે વેબ પોર્ટલને વધુ મજબૂત કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે ભારતમાં હાલ ત્રણ કોરોના વેક્સિન પર કામ ચાલી રહ્યું છે. આ ત્રણેય વેક્સિન ટ્રાયલના અલગ-અલગ તબક્કામાં છે. ભારતમાં ત્રણ કોરોના વેક્સિન- ભારત બાયોટેક- આઈસીએમઆરની કોવેક્સિન, અને ઝાયડસ કેડિલાની ઝાઈકોવ-ડી અને ઓક્સફોર્ડ-એસ્ટ્રોઝેનેકાની કોવિશીલ્ડ છે.

ભારતની પ્રથમ સ્વદેશી કોરોના વેક્સિન જે ભારત બાયોટેક વેક્સિન છે, તેને આઈએમસીઆરના સહયોગથી વિકસિત કરવામાં આવી રહી છે. આ રીતે બીજી વેક્સિન ફાર્માની દિગ્ગજ કંપની ઝાયડસ કેડિલા એક ડીએનએ વેક્સિન પર કામ કરી રહી છે.

ભારતમાં ત્રીજી વેક્સિન એક રિકોમ્બિનેન્ટ ઓક્સફોર્ડ યુનિવર્સિટી વેક્સિન છે, જે સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા દ્વારા નિર્મિત છે, જેને દેશના ડ્રગ્સ કંટ્રોલર જનરલ તરફથી બીજા અને ત્રીજા તબક્કાના ટ્રાયલની મંજૂરી મળી ગઈ છે.વૈજ્ઞાનિક અનુસાર,ઁઝસ્ઈ વેક્સિન પોર્ટલમાં ઝ્રફેંઁ-૧૯ વેક્સિન, ભારતની પહેલ, સામાન્ય જનતા માટે આંતરરાષ્ટ્રીય સંગોષ્ઠી અને હંમેશા પૂછાતા પશ્નો (જે પ્રાદેશિક ભાષામાં રજૂ કરવામાં આવશે) જેવા સેક્શન હશે. વેક્સિન પોર્ટલકોરોના વેક્સિન સાથે સંબંધિત જાણકારીને વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનથી પોતાની વેબસાઈટ પર ઉપલબ્ધ કરાવશે.

લોકશાહીમાં મતદાન કરવું મહત્વની બાબત

નાસાની અવકાશયાત્રી કેટે અવકાશમાંથી મતદાન કરશે

એટલાન્ટા,તા.૨૮

પૃથ્વીથી ૨૦૦ માઈલ ઊંચે અવકાશમાંથી નાસાની અવકાશયાત્રી કેટે રુબીન્સ મતદાન કરવાની છે.

કેટેએ જણાવ્યું હતું કે મને લાગે છે કે દરેક નાગરિકે મતદાન કરવું જોઈએ. જો અમે અવકાશમાંથી મતદાન કરી શકીએ, તો પૃથ્વી પરથી તો લોકો કરી જ શકે.

અમારી લોકશાહીમાં ભાગ લેવો મહત્ત્વની બાબત છે. અવકાશમાંથી મતદાન કરવાની બાબતનું ગૌરવ અમે અનુભવીએ છીએ.

કેટે હાલ રશિયાના મોસ્કોની બહાર સ્ટાર સિટિમાં અન્ય બે અવકાશયાત્રી સાથે તાલીમ લઈ રહી છે. તેઓ ઑક્ટોબરના મધ્યમાં અવકાશભણી પ્રયાણ કરશે અને ત્યાં તેઓ છ મહિના જેટલો સમય પરિક્ષણ માટે ગાળશે.

મોટાભાગના અમેરિકાના અવકાશયાત્રીઓ હ્યુસ્ટનમાં રહે છે અને ટેક્સાસનો કાયદો એમને અવકાશમાંથી સેક્યોર ઈલેક્ટ્રોનિક બેલોટ દ્વારા મતદાન કરવાની પરવાનગી આપે છે. મિશન કંટ્રોલ બેલોટને સ્પેસ સ્ટેશન પર મોકલે છે અને અવકાશયાત્રી પોતાનો મત આપે એટલે એ પાછો મતગણતરી કરતા કલર્ક સુધી પહોંચાડે છે. આ અગાઉ પણ નાસાના અવકાશયાત્રીએ મતદાન કર્યું છે. કેટે અને શાને કિમબ્રોએ અગાઉ પણ અવકાશમાંથી મતદાન કર્યું હતું.

ચીનની કોમ્યુનિસ્ટ પાર્ટીના નિશાને શિનઝિયાંગના ઉઇગરો બાદ હવે

જિનપિંગે ચીનની મુસ્લિમ સ્કૂલોમાં અરબી દેશની વેશભૂષા પહેરવા પર પ્રતિબંધ મૂક્યો

બેઇજિંગ,તા.૨૮

ચીનની કૉમ્યુનિસ્ટ પાર્ટીના નિશાને શિનઝિયાંગના ઉઇગરો બાદ હવે હેનાનના ઉત્સુલ મુસલમાન આવી ગયા છે. ધાર્મિક કટ્ટરતાને ખત્મ કરવાના નામ પર ચીન સરકારે ટિની મુસલમાન મહિલાઓના હિઝાબ પહેરવા પર પ્રતિબંધ લગાવી દીધો છે. અહીં સ્કૂલો અને સરકારી કાર્યાલયોમાં મુસલમાન પુરુષોને પણ અજીબ વેશભૂષા પહેરીને આવવા પર પ્રતિબંધ છે. પોલીસને આદેશ આપવામાં આવ્યો છે કે તે મુસ્લિમોના ધાર્મિક રીતિ-રિવાજ અને અરબી પહેરવેશ પર સખ્ત પ્રતિબંધ લગાવે.



ઉત્સુલ મુસલમાન ચીનના લઘુમતી સમુદાયથી આવે છે. તેમની વસ્તી લગભગ ૧૦૦૦૦ની આસપાસ છે. આ લોકો મુસ્લિમ બહુમતીવાળા શિનજિયાંગથી લગભગ ૧૨૦૦૦ કિલોમીટર દૂર હેનાન પ્રાંતના એક નાના શહેર સાન્યામાં રહે છે. કૉમ્યુનિસ્ટ પાર્ટીના દસ્તાવેજોથી જાણવા મળે છે કે અધિકારીઓએ મુસ્લિમ વિસ્તારોમાં રહેવાસીઓને દેખરેખ વધારી દીધી છે. સાન્યામાં છોકરીઓના હિજાબ પહેરવા પર પ્રતિબંધ આ મહિનાની શરૂઆતમાં લગાવવામાં આવ્યો હતો, ત્યારબાદ સ્થાનિક લોકોએ ચીન સરકારના આ આદેશની વિરુદ્ધ પ્રદર્શન પણ કર્યું હતુ.

ચીની સોશિયલ મીડિયામાં વાયરલ તસવીરો અને વિડીયોમાં હિજાબ પહેરેલી છોકરીઓના એક ગ્રુપને તિયાન્યા ઉત્સુલ પ્રાથમિક સ્કૂલની બહાર સ્કૂલના પુસ્તકો વાંચતી જોવામાં આવી હતી. વિડીયોમાં એ પણ જોવા મળ્યું હતુ કે આ બાળકીઓની ચારેય બાજુ ભારે પોલીસ જવાનો તૈનાત કરી રખાયા હતા. ઉત્સુલના એક મુસલમાન કાર્યકર્તાએ સાઉથ ચાઇના મૉર્નિંગ પોસ્ટ સાથેની વાતચીતમાં કહ્યું કે, સત્તાવાર આદેશમાં કહેવામાં આવ્યું છે કે કોઈ પણ મુસ્લિમ સ્કૂલોમાં પારંપારિક અરબી વેષભૂષાને ના પહેરી શકે. આ ઉપરાંત સ્થાનિક નાગરિકોને પણ સાર્વજનિક સ્થાનો અથવા ઘરેથી બહાર નીકળવા પર ધાર્મિક વેષભૂષા પહેરવા પર પ્રતિબંધ છે.

સરકાર જલ્દી જ યૂઝર ડેવલપમેન્ટ ફીમાં વધારો કરવાના એંધાણ

કેન્દ્રની આગામી કેબિનેટ બેઠકમાં યુડીએફ ચાર્જમાં વધારો કરાશે, રેલ યાત્રા મોંઘી થશે

ન્યુ દિલ્હી,તા.૨૮

દેશમાં રેલ મુસાફરી વધારે મોંઘી થવાની છે. સરકાર જલ્દી જ યૂઝર ડેવલપમેન્ટ ફી(UDF)માં વધારો કરવા જઈ રહી છે. આ વધારાને આગામી મહિને કેબિનેટમાં મંજુરી મળી શકે છે.

સુત્રો પ્રમાણે હવે યૂઝર ડેવલપમેન્ટ ફી ૧૦ રૂપિયાથી લઈને ૩૫ રૂપિયા થઈ શકે છે. જુદી-જુદી શ્રેણી પર જુદી-જુદી યૂઝર ફી લાગૂ થશે. આ UDF પ્રાઈવેટ સ્ટેશનથી મુસાફરી કરવા પર જ લાગશે.

સુત્રોનું કહેવું છે કે, UDF પાંચ શ્રેણીમાં લાગુ થઈ શકે છે. AC ૧ પર ૩૫-૪૦ રૂપિયા, AC ૨ પર ૩૦ રૂપિયા, AC ૩ પર ૨૫-૩૦ રૂપિયા અને સ્લીપર પર ૧૦ રૂપિયાનો ચાર્જ લાગશે.

ઉલ્લેખનિય છે કે, દેશના મોટા સ્ટેશનોને આધુનિક અને વર્લ્ડ ક્લાસ બનાવવા માટે પીપીપી મોડલ પર સરકાર કામ કરે છે. જે હેઠળ સ્ટેશન રી-ડેવલપમેન્ટ હેઠળ સ્ટેશનોને પ્રાઈવેટ પ્લેયરને સોંપવામાં આવશે. જ્યાં તે બાદ તે સ્ટેશનો રી-ડેવલપ કરી આધુનિક અને તમામ મુસાફર સુવિધાઓ સાથે તૈયાર કરવામાં આવશે. તેના બદલામાં રેલવે પ્રાઈવેટ પ્લેયરને કમાણીનો નવા-નવા માર્ગ આપે છે. જેમાં યૂઝર ડેવલપમેન્ટ ફી પણ સામેલ છે.

સરકારે નવી દિલ્હી, મુંબઈ સીએસટી, જયપુર, નાગપુર, અમદાવાદ, હબીબગંજ, ચેન્નઈ, અમૃતસર જેવા અનેક સ્ટેશનો આ યાદીમાં સામેલ કર્યા છે. એવામાં જો તમે આ રેલવે સ્ટેશનોથી મુસાફરી કરવા જશો તો તમારે આ UDF ચૂકવવું પડશે. સરકારે ગત વર્ષે ૬ નવેમ્બરે પ્રાઈવેટ સ્ટેશનો માટે RFQ મંગાવ્યા હતા.

અમેરિકી રાજદૂતોને હોંગકોંગના અધિકારીઓને મળવા ચીનની મંજૂરી લેવી પડશે

હોંગકોંગ/વૉશિંગ્ટન,તા.૨૮

અમેરિકી રાજદૂતોને હોંગકોંગના સરકારી અધિકારીઓ અથવા રાજનેતાઓ અને શહેરના શૈક્ષણિક સંસ્થાનોના લોકોને મળવા માટે પહેલા ચીન પાસે મંજૂરી લેવી પડશે. એક રિપોર્ટસ અનુસાર હોંગકોંગમાં ચીની વિદેશ મંત્રાલયની કમિશનર કચેરી પાસેથી આ બાબતની પરવાનગી મળશે. પ્રાઈવેટ, સામાજિક મીટિંગ અને વીડિયો કૉન્ફરન્સ માટે પણ અનુમતી લેવી પડશે.હોંગકોંગની લિબરલ પાર્ટીના નેતા ફેલિક્સ ચુંગ ક્વોક-પેને કહ્યુ છે કે ચીની વિદેશ મંત્રાલયે તેમને જણાવ્યુ કે અમેરિકી વાણિજ્ય દૂતાવાસના જનરલને દ્વીપના રાજકીય દળના સભ્યો સાથે મુલાકાત કર્યા પહેલા તેમને માહિતગાર કરવા પડશે. અગાઉ અમેરિકાએ ૩ સપ્ટેમ્બરે જાહેરાત કરી હતી.

ચીનની આ એપ દુનિયાના મોટા ભાગના દેશોની જેમ અમેરિકામાં પણ ખૂબ લોકપ્રિય

લોકપ્રિય ટીકટોકને અમેરિકામાં રાહત પ્રતિબંધના આદેશ પર કોર્ટનો સ્ટે જારી

વૉશિંગ્ટન,તા.૨૮

ચીનની એપ ટીક ટૉક અમેરિકામાં પ્રતિબંધિત થાય એ પહેલાં અમેરિકાની ફેડરલ કોર્ટે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના આદેશ સામે સ્ટે ઓર્ડર આપી દીધો હતો. ટીક ટૉક પર બૅન લદાય એના માત્ર ચાર કલાક પહેલાં કોર્ટે આ આદેશ આપી દીધો હતો.

ચીનની આ એપ દુનિયાના મોટા ભાગના દેશોની જેમ અમેરિકામાં પણ ખૂબ લોકપ્રિય હતી. છેલ્લા થોડા સમયથી અમેરિકા અને ચીન વચ્ચે ચાલી રહેલા તનાવના પગલે અમેરિકાએ ટીક ટૉક સહિત કેટલીક ચીની એપ્સ પ બૅન લાદવાની જાહેરાત કરી હતી. આ બૅન અમલમાં આવે એના ફક્ત ચાર કલાક પહેલાં અમેરિકાની ફેડરલ કોર્ટે એની સામે સ્ટે આપતો આદેશ આપ્યો હતો. રવિવારે થયેલી સુનાવણી દરમિયાન ફેડરલ કોર્ટના

ન્યાયમૂર્તિએ એવો અભિપ્રાયય વ્યક્ત કર્યો હતો કે ગયે મહિને ઓનલાઈન સ્ટોરમાંથી આ એપને પ્રતિબંધિત કરવા અગાઉ એની સંચાલક કંપનીને એનો બચાવ કરવાની પૂરતી તક આપવામાં આવી નહોતી. પ્રમુખ ટ્રમ્પે કરેલો નિર્ણય એકપક્ષી હતો. વાદી (અરજદાર) પક્ષને પોતાની વાત કહેવાની પૂરતી તક આપવામાં આવી નહોતી.

પ્રમુખ ટ્રમ્પે ઑગષ્ટની છઠ્ઠીએ રાષ્ટ્રીય સુરક્ષાના મુદ્દાને આગળ કરીને શોર્ટ વિડિયો એપ ટીક ટૉક અને એક કરતાં વધુ ઉદ્દેશ ધરાવતી વી ચેટ એપ્સ પર પ્રતિબંધ મૂકવાની જાહેરાત કરી હતી. અમેરિકી વેપાર વાણિજ્ય મંત્ર્યાલયના પ્રવક્તાએ કહ્યું કે અમે કોર્ટના આદેશનું જરૂર પાલન કરીશું પરંતુ પ્રમુખે આપેલો આદેશ કાયદેસરનો હતો અને એનો હેતુ રાષ્ટ્રીય સુરક્ષાનાં હિતોને પ્રોત્સાહન આપવાનો હતો. અમે કાનૂની પડકારો દ્વારા આ ચુકાદા સામે દ્રઢતાથી પ્રમુખના આદેશનો બચાવ કરીશું.

અમેરિકામાં ત્રણ નવેમ્બરે યોજાનારી ચૂંટણી પહેલા

ડોનાલ્ડ ટ્રમ્પ-બાઈડન વચ્ચે આજે પ્રથમ સત્તાવાર ડિબેટ યોજાશે

વૉશિંગ્ટન,તા.૨૮

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના ડેમોક્રેટિક વિરોધી જો બાઈડેન વચ્ચે રાષ્ટ્રપતિ પદ માટે પ્રથમ સત્તાવાર ડિબેટ (રાષ્ટ્રપતિ પદની ચર્ચા) ૨૯ સપ્ટેમ્બરે થશે. અમેરિકામાં ત્રણ નવેમ્બરે યોજાનારી ચૂંટણી પહેલા ટ્રમ્પ અને બાઈડેન વચ્ચે ત્રણ વખત આ પ્રકારની ડિબેટ થશે. 'ફોક્સ ન્યૂઝ'ના જાણીતા એંકર ક્રિસ વાલાસ પ્રથમ ડિબેટનું સંચાલન કરશે. 'સી-સ્પૈન નેટવર્ક્સ'ના સ્ટીવ સ્કલી ૧૫ ઓક્ટોબરે મિયામી (ફ્લોરિડા)મા થનારી બીજી ડિબેટ અને 'એનબીસી ન્યૂઝ'ના ક્રિસ્ટન વેલકર ૨૦ ઓક્ટોબરે નૈશવિલે (ટેનેસી)મા ત્રીજી ડિબેટનું સંચાલન કરશે. ઉપ રાષ્ટ્રપતિ માઈક પેન્સ (૬૧) અને ઉપરાષ્ટ્રપતિ પદના ડેમોક્રેટિક ઉમેદવાર કમલા હેરિસ (૫૫) વચ્ચે સાત ઓક્ટોબરે ઉટાના સોલ્ટ લેકમાં ઉપરાષ્ટ્રપતિ પદ માટે ડિબેટ થશે. 'યૂએસ ટૂડે'ના પત્રકાર સુસન પેજ તેનું સંચાલન કરશે. બધી ચાર ડિબેટ 'કમિશન ઓન પ્રેસિડેન્શિયલ ડિબેટ્સ' (સીબીડી) તરફથી આયોજીત કરવામાં આવી રહી છે. આ ડિબેટ ૯૦ મિનિટની હશે. ઓગસ્ટમાં, સીપીડીએ રાષ્ટ્રપતિ પદ માટે સપ્ટેમ્બરની શરૂઆતમાં ડિબેટનું આયોજન કરાવવાના ટ્રમ્પના અભિયાન દળની વિનંતીને ઠુકરાવી દીધી હતી.

કંગના રનૌતની મુંબઈ સ્થિત ઓફિસમાં તોડફોડ કરવાના કેસમાં

કંગનાના વકીલે કહ્યું- 'સંજય રાઉતના અખબારે કંગનાની ઓફિસ તૂટી તેની ઉજવણી કરી હતી

મુંબઈ,તા.૨૮

કંગના રનૌતની મુંબઈ સ્થિત ઓફિસમાં તોડફોડ કરવાના કેસમાં બોમ્બે હાઈકોર્ટમાં સુનાવણી ચાલુ છે. બીએમસીએ કોર્ટમાં જવાબ આપવાનો હતો. કંગના કેસમાં જસ્ટિસ કથાવાલા તથા જસ્ટિસ રિયાઝ ચાગલાએ સુનાવણી કરી હતી. જસ્ટિસ કથાવાલા તથા ચાગલાએ બીએમસીના વકીલ અસ્પી ચિનોય પાસેથી કંગનાની ઓફિસમાં થયેલી તોડફોડના ફોટા અંગે સવાલ કર્યો હતો. કોર્ટમાં એમ કહેવામાં આવ્યું હતું કે કારીગરે પોતાના ફોનમાં ફોટા લીધા હતા. જ્યારે ચિનોયે કોર્ટમાં કહ્યું કે એક સબ એન્જિનિયરે કંગનાની તૂટેલી ઓફિસના ફોટા પોતાના ફોનમાં લીધા હતા. જસ્ટિસ કથાવાલાએ સવાલ કર્યો હતો કે શું આ બધું સબ એન્જિનિયરનું કામ હતું, જેના જવાબમાં ચિનોયે કહ્યું હતું કે તેમને

લાગે છે કે તેનું કામ હતું.

કોર્ટે સવાલ કર્યો હતો કે કારીગરે કેમ કહ્યું કે તેણે પોતાના ફોનમાં ફોટા લીધા હતા, જ્યારે એવું હતું જ નહીં. આના જવાબમાં ચિનોયે કહ્યું હતું કે તેમણે સુનાવણી દરમિયાન કારીગરને આ વાત પૂછી હતી અને તેણે જ કહ્યું હતું કે ફોટા તેની પાસે છે. જોકે, સુનાવણી પૂરી થયા બાદ ખ્યાલ આવ્યો કે ફોટા કારીગરે નહીં પરંતુ સબ એન્જિનિયરે લીધા હતા. ચિનોયે એમ પણ કહ્યું હતું કે આથી જ તેમણે સોમવાર (૨૮ સપ્ટેમ્બર)ના રોજ કોર્ટમાં આ વાત કહેવાનું યોગ્ય સમજ્યું હતું. કોર્ટે ચિનોયની આ વાતના વખાણ કર્યા હતા. તો કંગનાના વકીલ બિરેન્દ્ર સરાફે ઓફિસમાં થયેલી તોડફોડની તસવીરો બતાવી હતી.

જૂની તસવીરો તથા તોડફોડ બાદની તસવીરોની તુલના કરી હતી. આ અંગે જસ્ટિસ કથાવાલાએ કહ્યું હતું, 'અમારી સાથે ઘણાં કેસમાં આવું થાય છે જ્યારે અમે કોર્પોરેશનને કોઈ જગ્યા તોડવા માટે કહ્યું અને તેમણે ના તોડી હોય.

આતંકી સંગઠન તાલિબાનનો વધતો આંતક

અફઘાનિસ્તાનમાં ૨૪ પ્રાંતોમાં એકસાથે તાલિબાનના આતંકીઓએ હુમલો કર્યો

કાબૂલ,તા.૨૮

અફઘાનિસ્તાનમાં આતંકવાદી સંગઠન અને સરકાર વચ્ચે ચાલી રહેલી શાંતિ સમજૂતી એકવાર ફરી પાટા પરથી ઉતરી ગઈ છે. આતંકવાદી સંગઠન તાલિબાને અફઘાનિસ્તાનના ૨૪ પ્રાંતોમાં એક સાથે હુમલો કર્યો છે. દેસના આટલા મોટા વિસ્તારમાં એક સાથે હુમલો થવાથી અફઘાનિસ્તાન સરકાર પણ ડઘાઈ ગઈ છે.

અફઘાનિસ્તાનના રક્ષા મંત્ર્યાલયના પ્રવક્તાએ જણાવ્યું કે, તાલિબાને છેલ્લા ૨૪ કલાકમાં દેશના ૨૪ પ્રાંતોમાં હુમલો કર્યો છે. તાલિબાન હિંસા ફેલાવી શાંતિ પ્રક્રિયા અને અફઘાન લોકોની આકાંક્ષાની અવગણના કરી છે. આંતકીઓ દરરોજ નગરિકો અને સુરક્ષા દળો પર હુમલો કરી રહ્યાં છે.

તેમણે કહ્યુંકે સરકાર તાલિબાન સાથે યુદ્ધ રોકવા અને શાંતિ પ્રક્રિયામાં સામેલ થવા આહ્વાન કરે છે. પરંતુ અફઘાન સૈના દેશની સામે ઉભા થતા કોઈ પણ ભયનો મુંહતોડ જવાબ આપવા પણ તૈયાર છે. બીજી તરફ તાલિબાને આરોપ લગાવ્યો છે કે દેશમાં વિદેશી સૈન્યને રોકી રાખવા અફઘાનિસ્તાન સરકાર જાણી જોઈને હિંસાને વધારીને દુનિયા સામે રજુ કરી રહીં છે.

મીડિયા રિપોર્ટ અનુસાર તાલિબાને નંગરહાર, કુનાર, લગમન, નૂરિસ્તાન, કપિસા, મૈદાન વર્દક, ગજની, લોગર, પક્તિકા, ખોસ્ત, કંધાર, જાબુલ, હેરત, ફરાહ, બાદગી, ઘોર, ફરીબ, સર-એ-પુલ, બલ્ખ, હલમંડ, કુંડુજ, બદખ્શાં અને બાલગાન પર રોકેટ લોન્ચર વડે હુમલો કર્યો છે.

જણાવી દઈએ કે છેલ્લા ૪૦ વર્ષોથી ચાલી રહેલા સંઘર્ષનો અંત લાવવા માટે છેલ્લા કેટલાક સમય પહેલા દોહામાં શાંતિ વાર્તા થઈ હતી. દુનિયાભરની નજર આ શાંતિવાર્તા પ્રક્રિયા પર ટકી હતી. પરંતુ અધવચ્ચે દેશમાં હિંસા ભડકી અને તમામ આશા પર પાણી ફરી વળ્યું.

ઓક્ટોબરમાં એક પછી એક તહેવારો આવી રહ્યાં છે ત્યારે

ઉત્તર પ્રદેશમાં દુર્ગા પૂજનના આયોજન પર પ્રતિબંધ રામલીલાના આયોજનને નિયમો સાથે મંજૂરી અપાઈ

લખનઉ,તા.૨૮

ઓક્ટોબરમાં એક પછી એક તહેવારો આવી રહ્યાં છે. નવરાત્રી, દશેર, ધનતેરસ અને દિવાળી જેવા મુખ્ય તહેવારો આગામી દિવસોમાં આવશે. આ તહેવારો દરમિયાન દુર્ગા પુજાથી લઈને રામલીલા સુધીના આયોજન થતાં હોય છે.

આ વખતે કોરોનાની સ્થિતિના કારણે તહેવાર અને આયોજનોને લઈને સપ્ની છે ત્યારે ઉત્તરપ્રદેશ સરકારે બે મુખ્ય આયોજનો દુર્ગાપુજા અને રામલીલાને લઈને ગાઈડલાઈન જાહેર કરી છે. આ વખતે સાર્વજનીક દુર્ગા પુજાના આયોજન પર રોક લગાવી દેવામાં આવી છે જ્યારે રામલીલા મંચનને લઈને નિયમ બનાવવામાં આવ્યા છે.મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું કે, રામલીલાઓનું મંચન પ્રાચીન પરંપરા છે. દશકાઓની પરંપરા અનુસાર રામલીલાનું

આયોજન થતું આવ્યું છે. એવામાં આ વખતે આ પરંપરા તુટે નહી તે માટે રામલીલાના મંચનને છૂટ આપી દેવામાં આવી છે. પરંતુ તે માટે કેટલાંક નિયમો અને શરતો પણ લાગૂ કરવામાં આવી છે.

યોગી સરકારે દુર્ગાપુજાના જાહેર આયોજન પર રોક લગાવી છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, આ વખતે દુર્ગાપુજા દરમિયાન કોઈ પણ જુલુસ કાઢવાની મંજુરી નહી મળે, લોકો પોતાના ઘરોમાં મૂર્તિ સ્થિપિત કરીને પુજા કરી શકે છે. દુર્ગાપુજાના જાહેર પંડાલો પર એ માટે રોક લગાવી છે કારણ કે ભીડ ભેગી થાય નહી.

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું કે, રામલીલા સ્થાનો પર ૧૦૦થી વધારે દર્શક એકત્ર થઈ શકે નહી. જે દર્શકો રામલીલા જોશે તેમને સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરવું જરૂરી હશે. આ સિવાય રામલીલાના સ્થળે લોકોને સેનેટાઈઝ કરવા ફરજિયાત હશે. દરેક લોકોએ માસ્ક પહેરવું જરૂરી હશે.

નિડર અને નિષ્પક્ષ
લોકસત્તા જનસત્તા

શહેરોનું તાપમાન (લઘુત્તમ)

અમદાવાદ	વડોદરા	સુરત	રાજકોટ
26.2°	29.2°	28.2°	28.6°

હવામાન વિભાગ

રાજ્યભરમાં વરસાદની વિદાયથી દિવસ દરમિયાન ઉકરાળ ભર્યું વાતાવરણ સર્જાયું છે. હવામાં ભેજનું પ્રમાણ વધી જતાં લોકો ઉકળાટથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. હવે વરસાદ પડે તેવી કોઇ સંભાવના જણાતી નથી.

દિલ્હીની પટિયાલા કોર્ટે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની માગણીને ગ્રાહ્ય રાખી : રૂપિયા ૧૭,૫૦૦ કરોડ જેવી જંગી રકમના

ફુલેકાબાજ સાંડેસરાબંધુઓ આખરે સત્તાવાર 'ભાગેડુ' જાહેર

અત્યંત વૈભવી જીવન જીવનાર અને બોલિવૂડ સ્ટાર્સ સાથે ઘરોબો રાખનાર ચેતન સાંડેસરાની પત્ની દિપ્તી અને સાળો હિતેશ પણ 'ભાગેડુ'

વડોદરા, તા.૨૮

ખાનગી અને જાહેર ક્ષેત્રો સહિતની અનેક નાણાકીય સંસ્થાઓ પાસેથી લોન મેળવી રૂા.૧૭,૫૦૦ કરોડ જેવી જંગી રકમનું ફુલેકું ફેરવનાર અને મનીલોન્ડરિંગ જેવા ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા વડોદરાની સ્ટર્લિંગ બાયોટેકના કુખ્યાત ઉદ્યોગપતિ સાંડેસરા બંધુઓ, દિપ્તી સાંડેસરા અને સાંડેસરાના સાળા હિતેશ પટેલને આજે દિલ્હીની પટિયાલા હાઈકોર્ટે સત્તાવાર 'ભાગેડુ' જાહેર કર્યાના સમાચાર સાંપડયા છે. આ સાથે આવી રીતે સત્તાવાર રીતે ભાગેડુ જાહેર થયેલા નીરવ મોદી અને વિજય માલ્યા બાદ ત્રીજા ક્રમે સાંડેસરા બંધુ એન્ડ કંપનીનું નામ આવ્યું છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) વિભાગે કરેલી અરજી અંગેના ચુકાદામાં અદાલતે આ ચાર નાણાકીય ગેરરીતિના અપરાધીઓને 'ભાગેડુ' જાહેર કરતાં જ હવે ઈડી આ કુટુંબની વિશ્વભરમાં આવેલી કોઈપણ મિલકતોને ટાંચમાં લેવા માટે અધિકારપાત્ર બની છે.

એક સમયે વડોદરાની પ્રતિષ્ઠિત અને દેશભરમાં જાણીતી સ્ટર્લિંગ બાયોટેક કંપનીના સંચાલકો નીતિન જયંતીલાલ સાંડેસરા, તેમના બંધુ ચેતન જયંતીલાલ સાંડેસરા, પત્ની દિપ્તી સાંડેસરા અને સાળા

હિતેશકુમાર નરેન્દ્રભાઈ પટેલ લગભગ ૨૦૧૭થી ફરાર છે. તેમનું છેલ્લું લોકેશન નાઈજિરિયા હોવાનું તપાસ એજન્સીઓને માલૂમ થયું હતું.

સીબીઆઈ અને ઈડી એવી બંને સંસ્થાઓ દ્વારા અગાઉ આ તમામ આરોપીઓ સામે પ્રિવેન્શન ઓફ મનીલોન્ડરિંગ એક્ટ હેઠળ સત્તાવાર ફરિયાદો દાખલ થઈ હતી. પ્રારંભમાં

માત્ર ૮૧૦૦ કરોડના મનાતા તેમના કૌભાંડ અંગેની તપાસ દરમિયાન અનેક બેન્કો સાથે થયેલા ફ્રોડ પણ સપાટી પર આવતાં સાંડેસરા બંધુઓનું આ કૌભાંડ લગભગ રૂા.૧૭,૫૦૦ કરોડ જેવી જંગી રકમને આંબી ગયું હતું.

અત્યંત વૈભવી જીવન જીવનાર અને બોલિવૂડ સ્ટાર્સ સાથે ઘરોબો ધરાવનાર સાંડેસરા બંધુઓ એક સમયે મોટાપાયે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને સામાજિક કાર્યો કરવા માટે મસમોટું નામ કમાયા હતા, પરંતુ જ્યારે એમના ચહેરા પરથી મહોરું ઊતરી ગયું ત્યારે લોકોને જાણ થઈ હતી કે બેન્કો અને નાણાકીય સંસ્થાઓને કરોડોનો ચૂનો ચોપડી સાંડેસરા બંધુઓ તાગડધિન્ના કરતા હતા.

સ્ટર્લિંગ બાયોટેક કંપનીએ તેના માલિક સાંડેસરા બંધુઓ વતી દેશના ટોચના રાજકારણીઓ અને ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિત અનેક મોટા માથાઓને જંગી નાણાં આપ્યા હોવાનું દર્શાવતી એક ડાયરી જપ્ત થયા બાદ દેશના ઉદ્યોગક્ષેત્રે અને રાજકીયક્ષેત્રે ભારે ઊહાપોહ સર્જાયો હતો. એક તબક્કે કોંગ્રેસના રાષ્ટ્રીય કક્ષાના નેતા અહેમદ પટેલ અને તેમના કુટુંબીજનને બોલાવી તપાસ એજન્સીએ આકરી પૂછપરછ પણ કરી હતી. છેલ્લા લગભગ ત્રણ વર્ષથી અદૃશ્ય થઈ ગયેલા સાંડેસરા બંધુઓ, ચેતન સાંડેસરાની પત્ની દિપ્તી અને સાળા હિતેશ પટેલને આજે ઈડીની માગણી ગ્રાહ્ય રાખી દિલ્હીની અદાલતે સત્તાવાર રીતે ભાગેડુ જાહેર કરતાં હવે તપાસ એજન્સીઓને તેમની સામે વધુ કડક કાર્યવાહી કરવાનો માર્ગ મોકળો થયો હોવાનું જાણકારો માની રહ્યા છે.

ઓનલાઈન અભ્યાસ કરાવતા વાલીઓ માટે ચોંકાવનારો કિસ્સો

ઓનલાઈન અભ્યાસ વખતે ગેમ રમતાં ૧૩ વર્ષીય પુત્રને વાલીએ ઠપકો આપતાં આપઘાત

આશાસ્પદ નિત્ય પટેલ બરોડા હાઈસ્કૂલમાં અભ્યાસ કરતો હતો

વડોદરા, તા.૨૮

ઓનલાઈન સ્કૂલના અભ્યાસ દરમિયાન મોબાઈલ પર ગેમ રમતાં ૧૩ વર્ષીય કિશોરને પરિવારના

વડીલબંધુએ ઉગ્ર શબ્દોમાં ઠપકો આપતાં સગીર વયના કિશોરે ગળાફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. ઓનલાઈન અભ્યાસથી કંટાળી ફોન પર ગેમ રમતી રહેલા વિદ્યાર્થીઓ આપઘાત કર્યાનો આ કદાચ પ્રથમ કિસ્સો સામે આવ્યો છે. આપઘાતના બનાવની જાણ નવાપુરા પોલીસ મથકને કરવામાં આવતાં પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે સયાજી હોસ્પિટલમાં ખસેડયો હતો.

આ બનાવની પ્રાપ્ત વિગત અનુસાર શહેરના પોલોગ્રાઉન્ડની સામે આવેલા રાજસ્થંભ સોસાયટીમાં નિખિલભાઈ પટેલ તેમના પરિવાર સાથે રહે છે. નિખિલભાઈ પોતે વ્યવાસયે વેપારી છે. તેમનો ૧૩ વર્ષનો પુત્ર નિત્ય પટેલ પોલોગ્રાઉન્ડ સામે આવેલ બરોડા હાઈસ્કૂલમાં અભ્યાસ કરતો હતો. જો કે, હાલ કોરોનાની મહામારીમાં સ્કૂલ અને કોલેજો બંધ હોવાથી સ્કૂલના સંચાલકો દ્વારા વિદ્યાર્થીઓને ઓનલાઈન અભ્યાસક્રમ શરૂ કરવામાં આવ્યો છે જેથી નિત્ય પટેલની સ્કૂલના ટીચર્સ દ્વારા મોબાઈલ ઉપર ઓનલાઈન અભ્યાસ કરાવવામાં આવી રહ્યો હતો. પરિવારના વડીલબંધુએ ઉગ્ર શબ્દોમાં ઠપકો આપતાં સગીર વયના કિશોરે ગળાફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.

વિદ્યાર્થી નિત્ય પટેલ રોજના સમયે ઓનલાઈન અભ્યાસ માટે આજે મોબાઈલ ફોન લઈને તેની રૂમમાં ગયો હતો, જ્યાં તેને ઓનલાઈનના શરૂઆતના અભ્યાસમાં રસ લીધો હતો તે બાદ તે અગમ્ય કારણોસર કંટાળી ગયો હતો. જેથી તેને મોબાઈલ પર ઓનલાઈન અભ્યાસ દરમિયાન આવેશમાં આવી જઈને રૂમમાં

અનુસંધાન પાન નં.૯...

શહેર-જિલ્લામાં કોરોના સંક્રમણ થતાં વધુ ૧૨૧ નવા પોઝિટિવ કેસો નોંધાયા

જીવલેણ કોરોનાથી વધુ બે મોત સત્તાવાર મૃત્યાંક માત્ર ૧૯૩!

૧૬૧ દર્દીઓને રજા આપવામાં આવી : ૧૮૨ ઓક્સિજન પર, ૬૧ વેન્ટિલેટર પર

વડોદરા, તા.૨૮

વડોદરા શહેર-જિલ્લામાં દિનપ્રતિદિન જીવલેણ કોરોના સંક્રમણનો વ્યાપ વધી રહ્યો છે. આજે વધુ નવા ૧૨૧ કોરોના પોઝિટિવ કેસો નોંધાતાં કોરોના દર્દીઓનો કુલ આંક ૧૧,૫૬૩ થયો હતો. જ્યારે ડેથ ઓડિટ કમિટીએ આજે વધુ બે દર્દીઓને કોરોનામાં મોત થયા હોવાનું જાહેર કરતાં મૃત્યુઆંક ૨૦૦ નજીક એટલે કે ૧૯૩ પર પહોંચ્યો હતો. જ્યારે આજે ૧૬૧ દર્દીઓને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવ્યા હતા. આ સાથે ડિસ્ચાર્જ દર્દીઓનો કુલ આંક ૯૭૯૬ થયો હતો.

ડિસ્ચાર્જ આપવામાં આવેલા દર્દીઓમાં ૭ દર્દીઓ સરકારી હોસ્પિટલમાંથી, ૩૩ દર્દીઓ ખાનગી હોસ્પિટલમાંથી અને ૧૨૧ હોમ આઈસોલેશનમાંથી રજા આપવામાં આવી હતી. જ્યારે ખાનગી ક્વોરન્ટાઈન ફેસિલિટીમાં ૧૨ દર્દીઓ હોવાનું જાણવા મળ્યું છે. શહેરની સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં કોરોનાની સારવાર લઈ રહેલા ૧૫૭૪ દર્દીઓ પૈકી ૧૩૩૧ દર્દીઓ સ્થિર, ૧૮૨ દર્દીઓ ઓક્સિજન ઉપર અને ૬૧ દર્દીઓ વેન્ટિલેટર પર હોવાનું તબીબીસૂત્રોએ જણાવ્યું હતું.આજે વધુ બે દર્દીઓના મોત જાહેર કરતાં કોરોનાનો સત્તાવાર મૃત્યુઆંક ૧૯૩ પર પહોંચ્યો હતો. શહેરની વિવિધ હોસ્પિટલોમાં કોરોનાની સારવાર લેતા બિનસત્તાવાર ૧૭ દર્દીઓના મોત નીપજ્યાં હતાં. જેમાં સયાજી હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા ત્રણ દર્દીઓનો સમાવેશ થયો હતો. આરોગ્ય વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર શહેરના વિવિધ વિસ્તારો ફતેગંજ, તરસાલી, સમા, આજવા રોડ, કારેલીબાગ, વાઘોડિયા રોડ, તાંદલજા, માંજલપુર, છાણી, બાપોદ, નાગરવાડા, પાણીગેટ, અકોટા, માંડવી, માણેજા, ગોત્રી, મકરપુરા, દિવાળીપુરા, ફતેપુરા, ગોરવા અને વડસર સહિતના વિસ્તારોમાં અને ગ્રામ્યના સેવાસી, ડભોઈ, પાદરા, કરજણ, શિનોર, કોયલી, કેલનપુર, ઊંડેરા, પોર, ભાયલી અને સાધલી સહિતના વિસ્તારોમાંથી ૪૩૮૮ શંકાસ્પદ કોરોનાના લક્ષણવાળી વ્યક્તિના સેમ્પલો લેવામાં આવ્યા હતા. જેમાં ૪૨૬૭ નેગેટિવ રિપોર્ટ આવ્યા હતા, જ્યારે ૧૨૧ પોઝિટિવ રિપોર્ટ આવ્યા હતા. આજે પોઝિટિવ આવેલા રિપોર્ટમાં શહેરના ચાર ઝોન અને ગ્રામ્યમાંથી સૌથી વધુ ગ્રામ્યમાંથી ૩૯, ઉત્તર ઝોનમાંથી ૨૫, દક્ષિણ ઝોનમાંથી ૨૨, પશ્ચિમ ઝોનમાંથી ૨૦ અને પૂર્વ ઝોનમાંથી ૧૫ કેસ નોંધાયા હતા.

વડોદરાની ગોત્રી હોસ્પિટલમાં સારવાર લઇ રહેલા કોરોનાના દર્દી કહે છે,

'આ હોસ્પિટલ નહીં મંદિર છે અને ડોક્ટર નથી ભગવાન છે'

વડોદરાની ગોત્રી હોસ્પિટલમાં કોરોના સંક્રમિત સુરેશભાઇ શાહ કોરોનાની સારવાર લઇ રહ્યા છે. આ પહેલા તેમને અન્ય હોસ્પિટલમાં દાખલ કર્યાં હતા. જોકે કોઇ ફરક ન જણાતા તેમના જમાઇએ તેમને ગોત્રી હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કર્યાં હતા. ગોત્રી હોસ્પિટલમાં સારવાર પછી તેમને પહેલા કરતાં ઘણુ સારૂ લાગે છે. તેઓ હાલમાં ઝેં-૪માં દાખલ છે અને તેમને ઓક્સિજન આપીને સારવાર કરવામાં આવી રહી છે. તેઓ કહે છે કે, આ હોસ્પિટલ નથી ભગવાનનું મંદિર છે અને આ ડોક્ટર નથી હાજર ભગવાન છે.દવાઓ સમયસર આપવામાં આવે છે, બે ટાઇમ ભોજન, બે ટાઇમ નાસ્તો સારો મળે છે

કોરોનાના દર્દી સુરેશભાઇ શાહે જણાવ્યું હતું કે, હું ફક્ત જમવાના સમય સિવાય સતત ઓક્સિજન લઉ છું. અહીં દરેક દર્દીની ખુબ સારી સંભાળ લેવામાં આવી રહી છે. ડોક્ટર સ્ટાફ ખુબ ધ્યાન આપે છે અને દવાઓ સમયસર આપવામાં આવે છે, બે ટાઇમ ભોજન, બે ટાઇમ નાસ્તો ખુબ સારો મળે છે. હું સહુનો હૃદયપૂર્વક આભાર માનું છું. મને હજી થોડી તકલીફ છે, પણ એ તકલીફ મટી જશે એવો વિશ્વાસ તેઓ વ્યક્ત કરે છે.

વડોદરાના આ વિસ્તારોમાં આજે કોરોનાના કેસ નોંધાયા

શહેર: ફતેગંજ, તરસાલી, સમા, આજવા રોડ, કારેલીબાગ, વાઘોડિયા રોડ, તાંદલજા, માંજલપુર, છાણી, બાપોદ, નાગરવાડા, શિયાબાગ, પાણીગેટ, અકોટા, માંડવી, માણેજા, ગોત્રી, મકરપુરા, દિવાળીપુરા, ફતેપુરા, ગોરવા, વડસર

ગ્રામ્ય: સેવાસી ડભોઇ, પાદરા, કરજણ, શિનોર, કોયલી, કેલનપુર, ઉંડેરા, પોર, ભાયલી, સાધલી

વડોદરા રૂરલમાં સૌથી વધુ ૨૯૧૦ કેસ

વડોદરા શહેર જિલ્લામાં અત્યાર સુધીમાં કોરોનાના ૧૧,૩૧૮ પોઝિટિવ કેસ નોંધાયા છે. જે પૈકી પૂર્વ ઝોનમાં ૧૮૨૫, પશ્ચિમ ઝોનમાં ૧૯૧૧, ઉત્તર ઝોનમાં ૨૬૩૩, દક્ષિણ ઝોનમાં ૨૨૪૮, વડોદરા ગ્રામ્યમાં ૨૯૧૦ અને ૩૬ કેસ બહારના શહેર અને રાજ્યોના નોંધાયા છે.

કોરોનાને લઈને સરકારની બેધારી નીતિથી શહેરમાં દ્વિધાભરી સ્થિતિનું નિર્માણ થયું

એક તરફ અનલૉક-5 ની તૈયારીઓ, તો બીજી તરફ શહેરોમાં રાત્રિ લૉકડાઉનનો તખ્તો તૈયાર

અમદાવાદની માફક વડોદરામાં પણ રાત્રે ૧૦ પછી બજારો બંધ રાખવા નિર્ણય લેવાશે

વડોદરા, તા.૨૮

સમગ્ર રાજ્યમાં કોરોનાની વાસ્તવિક સ્થિતિ પર ઢાંકપીછોડો કરવામાં આવી રહ્યો છે. એવા વિપક્ષોના સીધા આક્ષેપોને તંત્ર સમર્થન આપતું હોય એવી સ્થિતિ આકાર લેવા જઈ રહી છે. આ સંજોગો વચ્ચે કોરોનાને લઈને સરકારની બેધારી નીતિથી શહેરના વેપાર ઉદ્યોગો અને નગરજનોમાં દ્વિધાભરી સ્થિતિનું નિર્માણ થવા પામ્યું છે. સરકાર દ્વારા એક તરફ અનલોક પાંચની યુદ્ધના ધોરણે તૈયારીઓ કરીને વેપાર ઉદ્યોગ પર રાખવામાં આવેલ ગણ્યાગાંઠ્યા પ્રતિબંધો ઉઠાવી લેવાની તૈયારીઓ થઇ રહી છે. જ્યારે બીજી તરફ રાજ્યના શહેરી વિસ્તારોમાં રાત્રી લોકડાઉન જેવા

નિયંત્રણો મુકાવા જઈ રહયા છે. આને લઈને અમદાવાદની માફક વડોદરા શહેરમાં પણ રાત્રે દશ વાગ્યા પછીથી ખાણીપીણીના બજારો, રેસ્ટોરન્ટો, હોટલો સહિતના રાત્રે ધમધમતા સ્થળો બંધ રાખવાને માટે નિર્ણય લેવાનાર છે. વડોદરા મહાનગર પાલિકા અને પોલીસ તંત્ર સંયુક્ત રીતે આનો અમલ કરાવવા જઈ રહ્યું છે. આ અંગેનો નિર્ણય એક બે દિવસમાં લેવાઈ જશે એવો સંકેત વડોદરા પાલિકાના મેયર ડો. જિગીષાબેન શેઠ દ્વારા આપવામાં આવ્યો છે. તેઓએ મીડિયાને આ અંગે જણાવ્યું હતું કે, રાત્રીના દશ પછીથી બજારો સંપૂર્ણ બંધ રાખવાની બાબત વિચારણા હેઠળ છે.

અમદાવાદ શહેરમાં કોરોના સંક્રમણના પગલે રાત્રીના દશ વાગ્યા પછી કેટલાક વિસ્તારોમાં વેપાર મુદ્દે પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ત્યારે આ અંગે આવનાર દિવસોમાં ઉભી થનાર વધુ વિકટ

અનુસંધાન પાન નં.૯...

જીએસટી વિભાગે માર્ચ મહિનામાં એલાઈઝ જિમ પર દરોડો પાડી દસ્તાવેજોની હાથ ધરેલ સ્ક્રુટિનીમાં

રૂા.૨.૫૮ કરોડની આવક છૂપાવતાં GSTની શોકોઝ નોટિસ

એલાઈઝ જિમના પાર્ટનર ડો. દેવાંગે બીજા પાર્ટનર કૈલાસ સામે રૂા.૩ કરોડની છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે

વડોદરા, તા.૨૮

શહેરના રેસકોર્સ વિસ્તારમાંઆવેલ એલાઈઝ જિમ પર સેન્ટ્રલ જીએસટી વિભાગે માર્ચ, ૨૦૨૦માં દરોડો પાડીને દસ્તાવેજો જપ્ત કર્યા હતા. દસ્તાવેજોની તપાસમાં રૂા.૨.૫૮ કરોડના વ્યવહારો કર્યા બાદ તેની એન્ટ્રી એકાઉન્ટ બુકમાં બતાવી નહોતી, જેથી સેન્ટ્રલ જીએસટી વિભાગે એલાઈઝ જિમના પાર્ટનર કૈલાસ જાધવ અને ડો. દેવાંગ શાહને શોકોઝ નોટિસ ફટકારી છે અને વધુ તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે જિમના તબીબ પાર્ટનરે કૈલાસ જાધવ સામે રૂા.૩ કરોડની છેતરપિંડીની

ફરિયાદ નોંધાવી છે.

સેન્ટ્રલ જીએસટી વિભાગ દ્વારા તા.૧૬મી માર્ચ, ૨૦૧૬ના રોજ રેસકોર્સ વિસ્તારમાં આવેલા એલાઈઝ જિમ એન્ડ ફિટનેસ સેન્ટર પર દરોડો પાડીને તપાસ હાથ ધરી હતી. જેમાં જે તે સમયે એકાઉન્ટ મેનેજર સંજય હલિયાલ અને જિમના પાર્ટનર કૈલાસ જાધવનું નિવેદન લીધું હતું. જ્યારે બીજા પાર્ટનર ડો.દેવાંગ શાહનું પણ નિવેદન લીધું હતું. તે સમયે ડો. દેવાંગે કૈલાસ જાધવ સામે ક્રાઈમ બ્રાન્ચમાં છેતરપિંડીની અને બનાવટી દસ્તાવેજોની ફરિયાદ નોંધાવી હતી. ત્રણ મહિના પછી એફઆઈઆર નોંધાઈ ત્યારથી કૈલાસ જાધવ નાસતો ફરે છે.

સેન્ટ્રલ જીએસટી વિભાગે માર્ચ મહિનામાં હાથ ધરેલી તપાસમાં કેટલાક મહત્ત્વના દસ્તાવેજો જપ્ત કર્યા હતા. દસ્તાવેજોની તપાસમાં એલાઈઝ જિમના પાર્ટનરો દ્વારા નવેમ્બર, ૨૦૧૫થી ડિસેમ્બર, ૨૦૧૭ સુધીની એન્ટ્રીઓ એકાઉન્ટ્સમાં બતાવવામાં આવી નહોતી તેમજ એપ્રિલ, ૨૦૧૮ થી માર્ચ, ૨૦૨૦ સુધી ફાઈલ કરેલા જીએસટીઆર-૧ રિટર્નમાં તફાવત સામે આવ્યો હતો. જ્યારે નવેમ્બર, ૨૦૧૯થી જિમ સંચાલક દ્વારા જીએસટીઆર-૩બી ફાઈલ કરવામાં આવી નહોતી. આ અંગે તા.૧૧ જૂન, ૨૦૨૦માં નોટિસ ફટકારવામાં આવી હતી.

જીએસટી વિભાગ દ્વારા કરાયેલ ૧૮,૦૦૦ એન્ટ્રીઓની સ્ક્રૂટિનીમાં ૨૦૧૫-૧૬ના ગાળામાં કૈલાસ જાધવે પોતાના ખાતામાં રૂા.૩૫ લાખની રકમ કેશ ડિપોઝિટ કરી હતી, જ્યારે ડો. દેવાંગના

અનુસંધાન પાન નં.૯...

વહેલી સવાર બાદ મોડી સાંજે શહેરમાં છૂટોછવાયો વરસાદ

એકાએક વરસાદ પડતાં લોકોએ ગરમીથી રાહત અનુભવી

વડોદરા, તા.૨૮

આજે સવારથી વડોદરા શહેરમાં વાદળિયા વાતાવરણ વચ્ચે બે વખત છૂટોછવાયો હળવો વરસાદ થયો હતો. છેલ્લા થોડા દિવસોના વિરામ બાદ આજે વરસાદ પડતા ઠંડક થવાથી લોકોએ રાહત અનુભવી હતી.

અધિક માસમાં ક્યારેક ઉકળાટ તો ક્યારેક વરસાદી ઝાપટાં થઈ રહ્યાં છે. આજે સવારથી વડોદરા ઉપરાંત જિલ્લાના મોટાભાગના તાલુકાઓમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે વરસાદી ઝાપટા પડ્યા હતા. આજે મહત્તમ તાપમાન ૨.૪ ડિગ્રીના ઘટાડા સાથે ૩૨ ડિગ્રી સેન્ટિગ્રેડ અને લઘુતમ તાપમાન

૨૫ ડિગ્રી સેન્ટિગ્રેડ નોંધાયું હતું. સવારે હવામાં ભેજનું પ્રમાણ ૮૪ ટકા જે સાંજે ૬૬ ટકા અને હવાનું દબાણ ૧૦૦૬.૯ મિલિબાર્સ તેમજ દક્ષિણ-પશ્ચિમ તરફ ફૂંકાયેલા પવનની સરેરાશ ગતિ પ્રતિકલાકના ૫ કિ.મી. નોંધાઈ હતી. દિવસ દરમ્યાન પડેલા છૂટાછવાયા વરસાદથી ઠંડક થતાં ઉકળાટથી પરેશાન લોકોએ રાહત અનુભવી હતી.

Printed and published by Sanjay Shah on behalf of Inkpot Publications Private Limited. Published at: 4th floor Silver Bell Complex, Opp.State Bank of India, Fatehgunj, Vadodara-390002. Phone: 0265 2787181. Fax: 0265 2791781. Printed at: 48/2, Phase-1, GIDC Estate, Vatva, Ahmedabad, Gujarat - 382445. Group Editor : Anil Devpurkar, Editor* : Sanjay Shah (*Responsible for selection of News under The Press and Registration of Books Act, 1867). All rights reserved. Reproduction in any manner,electronic or otherwise, in whole or in part, without prior written permission of the Editor is prohibited. RNI REGI.NO : 1667/57